Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણ મૂલો ધમ્મો

આત્મધર્મ

આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૨, માગશર : વર્ષ ૨૩ : અંક ૨

# પરિણામને સ્વ તરફ ઉલ્લસાવ

ગૃહકાર્ય-સંસારકાર્ય તરફના પરિણામ જેટલા ઓછા જાય તેટલું સારું; વધુમાં વધુ પરિણામ આત્માના હિત તરફના થાય એ ખાસ જરૂરી છે, એ પરપરિણામ તો જીવને ઝટ સુગમ થઈ જાય છે, સ્વ-પરિણામ માટે ખૂબ જ જાગૃત રહેવાનું છે. સતત ઉદ્યમ વડે સ્વપરિણામને સહજ કરવાના છે. આત્માની અપાર લગનીથી સ્વ. તરફનો તીવ્ર અને ઊંડો અભ્યાસ જગાડતાં પર તરફના પરિણામ તૂટી જશે, ને સ્વ તરફના પરિણામથી અપૂર્વ આત્મહિત સધાશે. હે જીવ! આત્મલગની એવી લગાડ કે સ્વપરિણામ સુગમ બની જાય ને પરપરિણામ બોજારૂપ લાગે. આવી આત્મપ્રીતિ કરીશ ત્યારે તને તારું આત્મસુખ અનુભવમાં આવશે.

૨૬૬

( માગશર-પોષ સંયુક્ત અંક, વર્ષ ૨૩, અંક ૨-૩, સળંગ નંબર ( ૨૬૬-૨૬૭ )

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વર્ષ ૨૩, અંક ૨-૩
વીર સં. ૨૪૯૨, માગશર-પોષ
DEC 1965-JAN 1966

તંત્રીઃ જગજીવન બાવચંદ દોશી, કુંડલા ] [ સંપાદક : બ્ર. હરિલાલ જૈન, સોનગઢ

## સમ્પાદકીય

પૂ. ગુરુદેવનું જીવન અધ્યાત્મરસથી કેવું ઓતપ્રોત છે, ને તેમના પવિત્ર જીવન સાથે વણાયેલા આગળ-પાછળના મંગલ પ્રસંગો કેવા આનંદકારી છે તે ઘણા ખરા મુમુક્ષુઓમાં પ્રસિદ્ધ છે. ગુરુદેવની વાણી આત્માર્થીને શૂરવીરતા જગાડનારી છે ને મુમુક્ષુને મોક્ષમાર્ગ દેખાડનારી છે. ગુરુદેવની આવી વાણીને પ્રકાશિત કરતાં 'આત્મધર્મ' ને આજકાલ કરતાં ત્રેવીસ વર્ષ થયા. 'આત્મધર્મ' દ્વારા ગુરુદેવની આવી મંગળ વાણીની સેવાનું, ને તેમની ચરણછાયામાં વસવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું તે મારા જીવનમાં મહાન લાભનું કારણ બન્યું છે; ગુરુદેવની પરમકૃપા અને ઉપકારો જોતાં હૃદય ભક્તિથી ભીંજાઈ જાય છે.

ગુરુદેવની મંગલ છાયામાં આપણને સૌને આત્માર્થીતાનું પોષણ મળે, વાત્સલ્યનો વિસ્તાર થાય, ને દેવગુરુધર્મની ખૂબ પ્રભાવના થાય-એ 'આત્મધર્મ' નો ઉદ્દેશ છે, ને તેને અનુલક્ષીને આત્મધર્મના વધુ ને વધુ વિકાસની ભાવના છે. તેમાં સર્વે વડીલો અને સાધર્મીઓના સહકારને આવકારીએ છીએ. આત્મધર્મને પોતાનું જ સમજીને અનેક જિજ્ઞાસુઓએ તાર-ટપાલદ્વારા કે રૂબરૂ જે પ્રેમ પ્રદર્શિત કરેલ છે તે બદલ તેમના આભારી છીએ.

અત્યારે ગુરુદેવના પ્રવચનમાં કે ચર્ચામાં આવેલ નવીન ન્યાયો તથા સમાચારો લગભગ એક મહિના પછી જિજ્ઞાસુઓને પહોંચી શકે છે. તેને બદલે તાજા પ્રવચનો ઝડપથી જિજ્ઞાસુઓને પહોચે-તે માટે આત્મધર્મને પાક્ષિક બનાવવાની ઘણા જિજ્ઞાસુઓની માગણી છે ને સંસ્થાએ પણ તે ધ્યેય સ્વીકાર્યું છે. ગુરુદેવના પ્રતાપથી ને મુમુક્ષુઓના સહકારથી તે ધ્યેય વેલાસર પાર પડે એમ ઇચ્છીએ છીએ. આવતા અંકથી શરૂ થતો "બાલવિભાગ" પણ બાળકોને આનંદપૂર્વક ધર્મમાં રસ લેતા કરશે. આવતા અંકથી આત્મધર્મનું પ્રકાશન એકદમ નિયમિત થઇ જશે. આત્મધર્મના વિકાસ માટે સલાહ-સૂચનાઓ મોકલવા સૌને પ્રેમભર્યું આમંત્રણ છે.

આત્મધર્મ, વર્ષ ૨૩, અંક ૨
વીર સં. ૨૪૯૨, માગશર

# દ્રવ્ય-ગુણ-પર્યાય

[ દ્રવ્ય-ગુણ-પર્યાયના જ્ઞાનથી ભેદજ્ઞાન ને સુખ ]

**તારા દ્રવ્યને તારા ગુણ-પર્યાય સહિત જાણ,**
**બીજા દ્રવ્યને બીજાના ગુણ-પર્યાય સહિત જાણ.**
**પણ એક દ્રવ્યને બીજાના ગુણપર્યાયસહિત ન જાણ.**

જગતના બીજા પદાર્થો તેના ગુણ-પર્યાયો સહિત છે, પણ તેના ગુણ-પર્યાયોને તારી સાથે સંબંધ નથી.

તારા ગુણ-પર્યાયો તારામાં, તેનો સંબંધ બીજા સાથે નથી.

-આમ સ્વ-પરના દ્રવ્યગુણપર્યાયને ભિન્નભિન્ન ઓળખીને ભેદજ્ઞાન કર.

કર્મના ગુણ-પર્યાયને પુદ્‌ગલના જાણ, ને આત્માના ગુણ-પર્યાયને આત્માના જાણ.

જે પદાર્થને જાણવો હોય તે પદાર્થ તેના ગુણપર્યાયવડે ઓળખાય છે, પણ એકના ગુણપર્યાય વડે બીજો પદાર્થ ઓળખાય નહીં.

આવા ભિન્ન ગુણ-પર્યાયનો નિર્ણય કરતાં, મારા ગુણ-પર્યાય મારા દ્રવ્યમાં સમાય છે- એમ નક્કી થાય છે એટલે પર સાથે એકત્વબુદ્ધિ તૂટીને પોતાના દ્રવ્ય ઉપર લક્ષ જાય છે ત્યાં સુખપર્યાય પ્રગટે છે.

આમ દ્રવ્ય-ગુણ-પર્યાયના જ્ઞાનથી સુખ પ્રગટે છે.

卐

# શુદ્ધ આત્માનું સેવન કરતો કરતો ધર્મીજીવોનો સંઘ શિવપુરીમાં ચાલ્યો જાય છે

[ તું પણ એનો આદર કરીને એ સંઘની સાથે ભળી જા ]

( પરમાત્મપ્રકાશ ગા. ૩૯ પ્રવચનમાંથી )

મોક્ષને અર્થે એક જ કારણ–શુદ્ધઆત્મા કેવળજ્ઞાનસ્વભાવી છે. તેને ઉપાદેય જાણીને ધ્યાનમાં ધ્યાવવો તે જ એક મોક્ષનું કારણ ભગવાને કહ્યું છે. જેના કેવળજ્ઞાનરૂપી આકાશમાં સમસ્ત લોકાલોક એક નક્ષત્રસમાન ભાસે છે એવા જ્ઞાનસામર્થ્યવાળું આ પરમાત્મતત્ત્વ જ ધર્માત્માઓને ઉપાદેય છે, –કઇ રીતે ? કે સમસ્ત વિકલ્પરહિત સમાધિકાળે તે પરમાત્મતત્ત્વ ઉપાદેય છે. મોક્ષપુરીમાં જેટલા જીવો ગયા, જાય છે કે જશે તે બધા જીવો અંતરમાં આવા પરમાત્મતત્ત્વને ઉપાદેય કરી કરીને જ મોક્ષમાં જાય છે. મોક્ષગામી જીવોનો સંઘ પરમાત્મતત્ત્વની આરાધના કરતો કરતો મોક્ષમાં ચાલ્યો જાય છે.

શુદ્ધ પરમાત્મતત્ત્વ નિર્વિકલ્પધ્યાનમાં પ્રગટ થાય છે, ત્યારે પરમ આનંદસહિત અનુભવમાં આવે છે, અને તે જ આરાધવાયોગ્ય છે. એની આરાધના એ જ મોક્ષનો માર્ગ છે. મોક્ષાર્થીએ પોતાના પરમાત્મતત્ત્વ સિવાય બીજું કાંઇ આરાધવાયોગ્ય નથી. જ્ઞાનીઓ તો તેને આરાધી રહ્યા જ છે, ને જ્ઞાનીની જેમ બીજા જિજ્ઞાસુ આત્માર્થી જીવોએ પણ તે જ આરાધવાયોગ્ય છે.

હે જીવ ! મોક્ષના અર્થે તું આવા આત્માનું સેવન કર. કઇ રીતે ? કે અંતરમાં નિર્વિકલ્પધ્યાનદ્વારા તેને ઉપાદેય કરીને જાણ. માત્ર ધારણાથી નહિ, શાસ્ત્રથી કે શ્રવણથી નહિ, વિકલ્પથી નહિ, પણ ઉપયોગને અંતરમાં જોડીને ચૈતન્યસ્વભાવને ઉપાદેય જાણ. સન્તો અંતરના ધ્યાનમાં જે જ્ઞાનસ્વરૂપ આત્માને ધ્યાવે છે તેને જ તું નિરંતર આદરવાલાયક જાણ, કેમકે તે જ એક નિરંતર મોક્ષનું કારણ છે; વચ્ચે બીજા કોઇને એક ક્ષણ પણ મોક્ષના કારણ તરીકે ન સેવ.

જેને ધ્યાવતાં પરમ આનંદની સ્ફૂરણા થાય–એવું તત્ત્વ મોક્ષનું કારણ છે, તેને જ તું શ્રદ્ધામાં–જ્ઞાનમાં–અનુભવમાં સેવ, એને જ આદર. ધર્મી જીવોનાં ટોળેટોળાં આવા આત્માને સેવી સેવીને મોક્ષને સાધી રહ્યાં છે. તારે એ સાધક જીવોના સંઘમાં ભળવું હોય તો તું પણ એવા આત્માને જાણીને તેનું જ સેવન કર.

ધર્મી જીવોનો સંઘ આવા આત્માનું સેવન કરતો કરતો શિવપુરીના પંથે ચાલ્યો જાય છે. તું પણ એવા જ આત્માનો આદર કરીને એ સંઘની સાથે ભળી જા.

ચાર સંઘના નાયક સીમંધરપરમાત્મા વર્તમાનમાં વિદેહક્ષેત્રે બિરાજે છે, તેઓ આ રીતે માર્ગ ફરમાવે છે કે શુદ્ધાત્માનું સેવન તે જ અનવરત મોક્ષમાર્ગ છે. ત્યાં મુનિ–આર્યિકા–શ્રાવક ને શ્રાવિકા એ ચારે સંઘ એ માર્ગના સેવનથી મોક્ષને સાધી રહ્યા છે; સન્તો એ જ માર્ગ અહીં પ્રકાશી રહ્યા છે ને ધર્માત્માઓ તેને સાધી રહ્યા છે. શુદ્ધાત્માની આરાધનારૂપ એક જ માર્ગ છે, બીજો કોઈ માર્ગ નથી.

જેમ શેરડી ચૂસે ને મીઠો રસ આવે, તેમ ધર્માત્માએ શુદ્ધાત્મા ચૂસવાયોગ્ય છે, તેને ચૂસતાં પરમઆનંદરસના શેરડા છૂટે છે. એ પરમ શુદ્ધઆત્મતત્ત્વ ધર્મીને અંતરના ધ્યાનમાં પ્રગટે છે, બહિર્મુખ કોઇ ભાવથી એ તત્ત્વ પ્રગટતું નથી. વિકારીભાવો તો એના વેરી છે, તો તે વિકારના ધ્યાનમાં એ પરમતત્ત્વ કેમ પ્રગટે? રાગ વગરનું જે શાંત–નિર્વિકલ્પ ધ્યાન તેમાં જ પરમાત્મતત્ત્વ આનંદસહિત પ્રગટે છે. એ જ મોક્ષનું કારણ છે.

આવા પરમાત્મતત્ત્વને ઉપાદેય જાણીને અંતરમાં ધ્યાવતાં કેવળજ્ઞાન ને પરમ આનંદની રચના થાય છે. અને એને ભૂલીને અજ્ઞાની જીવ પોતાની પર્યાયમાં ત્રસ–સ્થાવર પર્યાયોરૂપ સંસારની રચના કરે છે. ત્રસ–સ્થાવર જીવોનો ઉત્પાદક કે રચનાર કોઈ બીજો ઈશ્વર નથી, પણ આ આત્મા પોતે જ પોતાના પરમાત્મસ્વરૂપને ભૂલીને, રાગદ્વેષ–મોહવડે પોતાની પર્યાયમાં ત્રસ–સ્થાવર પર્યાયોને રચે છે, તેથી તે જ ત્રસ–સ્થાવરનો ઉત્પાદક છે. ને જ્યાં અંતર્મુખ સ્વભાવનો અપાર મહિમા સન્તોની પાસેથી સાંભળતાં તેને નિર્વિકલ્પધ્યાનમાં ઉપાદેય કર્યો ત્યાં ભવભ્રમણ ટળ્યું ને પરમાત્મપદ ખીલ્યું. અહો, મોક્ષના–કારણરૂપ આવું ઉપાદેય તત્ત્વ સંતોએ પરમ અનુગ્રહથી બતાવ્યું છે. હે જીવ આવા તત્ત્વને પરમ ઉલ્લાસથી તું સેવ, ને સંતોની સાથે શિવપુરીના સંઘમાં ચાલ્યો જા...

# મારું જ્ઞાન

[ પરમાત્મપ્રકાશ ગાથા ( પર ) ઉપર પ્રવચન ]

**અહો, જ્ઞાનસ્વરૂપની ભાવના ભાવે તો તેમાં ક્યાં દુઃખ છે? જ્ઞાનને તો આનંદની સાથે તન્મયતા છે, પણ જ્ઞાનને દુઃખ સાથે તન્મયતા નથી. જ્ઞાનમાં દુઃખનો પ્રવેશ જ નથી. આવું જ્ઞાન તે જ હું છું એવું સ્વસંવેદન કરતાં પરમ આનંદ સ્ફૂરે છે.**

આ આત્મા દેહથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ છે; એટલે દેહ આત્માનો નથી, આત્માનું તો ‘જ્ઞાન’ છે. જ્ઞાનમાં આત્મા તન્મય છે. ‘જ્ઞાન’ કહેતાં જ્ઞાન સાથે આનંદ આત્માનું સ્વરૂપ છે, પણ ‘જ્ઞાન’ કહેતાં તેમાં કાંઈ ભેગો રાગ નથી આવતો. રાગ આત્માનું ખરું સ્વરૂપ નથી, જ્ઞાન જ આત્માનું તન્મય સ્વરૂપ છે.

જ્ઞાનમાં તન્મય રહીને આત્મા પરને જાણે છે, પણ કાંઈ પરમાં તન્મય થતો નથી. પરને જાણતાં પરમાં તન્મય થઈ જતો હોય તો તો પરનાં સુખદુઃખની પણ વેદના આત્માને થાય; ને નરકનાં દુઃખોને જાણતાં કેવળી ભગવાન પણ દુઃખી થઈ જાય.–પણ એમ નથી. કેવળજ્ઞાની પ્રભુ તો પોતાના અતીન્દ્રિય–આનંદમાં જ તન્મય રહીને વિશ્વને જાણે છે. જ્ઞાન, પોતાના આનંદમાં તન્મય છે પણ પરમાં તન્મય નથી, સંયોગમાં તન્મય નથી, રાગમાં તન્મય નથી.

નારકીનો જીવ પણ ત્યાંના સંયોગમાં તન્મય નથી એટલે તેને ત્યાંના સંયોગનું કાંઈ દુઃખ નથી પણ પોતાના રાગ–દ્વેષનું જ દુઃખ છે. ધર્મી જાણે છે કે હું તો જ્ઞાન છું, મારું તો જ્ઞાન જ છે; સંયોગ મારો નથી, દેહ મારો નથી, ને રાગ પણ મારો નથી. એમ બધાથી જુદાપણે હું મારા જ્ઞાનમાં જ તન્મય છું. જ્ઞાનનો મને કદી વિયોગ નથી. બધા સંયોગથી ને રાગથી જુદા રહીને તેને જાણવાની મારી તાકાત છે; જ્ઞાન સાથે આનંદની તન્મયતા છે, પણ પરની તન્મયતા નથી. પરનું વેદન મારા જ્ઞાનમાં નથી, એટલે પરના સુખ–દુઃખનું વેદન મને નથી. હું તો જ્ઞાન છું, મારું તો જ્ઞાન છે.–એમ ધર્મીજીવ પોતાને જ્ઞાનપણે જ અનુભવે છે.

અહો! જ્ઞાનસ્વરૂપની ભાવના ભાવે–તો તેમાં ક્યાં દુઃખ છે? જ્ઞાનમાં દુઃખનો પ્રવેશ જ નથી. જ્ઞાનની સીમામાં પરનો કે દુઃખનો પ્રવેશ નથી.

કેવળજ્ઞાન એવડું મોટું થયું કે લોકાલોક તેમાં જ્ઞેય થયા, છતાં તે કેવળજ્ઞાનની સીમામાં પરનો એક કણિયો પણ આવ્યો નથી. તે જ્ઞાન લોકાલોકથી ભિન્ન છે, પણ પોતાના આનંદાદિ સ્વભાવથી અભિન્ન છે. પરને તો તન્મય થયા વગર જાણે છે, પણ પોતાના આનંદને તો તન્મય થઇને જાણે છે. પોતાના આનંદને જાણતાં આનંદથી જુદું રહે નહિ.–આમ અતીન્દ્રિય આનંદ સાથે જ્ઞાનને તન્મયપણું છે; આવું જ્ઞાન જ મારું 'સ્વ' છે; જ્ઞાનથી ભિન્ન બીજું કાંઇ મારું સ્વ નથી.

જ્ઞાનની નજીકમાં શરીરની ક્રિયા કે રાગ દેખાય ત્યાં જ્ઞાન તેમાં તન્મય થયા વગર તેને જાણનારું છે. પણ અજ્ઞાનીને ભ્રમણા થાય છે કે મારા જ્ઞાનમાં આ રાગાદિ આવી ગયા. –તેને જ્ઞાનની સત્તા જુદી ભાસતી નથી. રાગ સાથે તન્મય થઇને જાણવા જાય તો તે જ્ઞાન આનંદ સાથે તન્મય રહેતું નથી.

*** જીવતત્ત્વ તો જ્ઞાનમય છે.**
*** રાગાદિક તો આસ્રવતત્ત્વ છે.**
*** દેહની ક્રિયા તો અજીવતત્ત્વ છે.**

–એમ ત્રણ તત્ત્વો ભિન્નભિન્ન છે. ત્યાં ભિન્નપણું ભૂલીને તન્મયપણે જાણવા જાય છે તેનું જ્ઞાન મિથ્યા થાય છે. દેહનું ને રાગનું 'જ્ઞાન' પોતાનું છે, પણ દેહ કે રાગ પોતાનાં નથી. જ્ઞાન જો રાગને જાણતાં રાગમય થાય કે દેહને જાણતાં દેહમય થાય તો જીવ–આસ્રવ ને અજીવ ત્રણે તત્ત્વો જુદા રહેતાં નથી, જીવની પોતાની જાણવાની તાકાત કેવી છે એની પણ અજ્ઞાનીને ખબર નથી.

જ્ઞાનની તન્મયતામાં આનંદ છે, પ્રભુતા છે, સ્વપરપ્રકાશકતા છે, પણ તે જ્ઞાનમાં પર નથી, વિકાર નથી. જ્ઞાન અને પરજ્ઞેયની ભિન્નતા છે, ને આનંદ વગેરે સ્વજ્ઞેય સાથે જ્ઞાનની અભિન્નતા છે. આનંદ સાથે ઉપયોગનું તન્મયપણું થયા વગર અતીન્દ્રિય આનંદનું વેદન થાય નહિ.

અરે જીવ ! આ તારા ઘરની, તારા સ્વભાવની વાત સન્તો તને દેખાડે છે. જ્ઞાન તારું છે તેને તું જાણ, તે જ્ઞાન ઉપાદેયરૂપ સુખથી ભરપૂર છે. સુખ સાથે તન્મય આવા તારા જ્ઞાનને જ તું ઉપાદેય જાણ. 'મારું જ્ઞાન છે' એમ જ્ઞાનપણે આત્માને અનુભવમાં લે.

જ્ઞાન પરને જાણતાં નિજભાવને છોડીને પરમાં જતું નથી, કે પર ભાવના અંશનેય પોતામાં લાવતું નથી. પોતાના અસ્તિત્વમાં રહીને સ્વ–પરપ્રકાશકભાવે જ્ઞાન પરિણમે છે. જ્ઞાનની સત્તામાં આનંદ છે, પણ જ્ઞાનની સત્તામાં જડ નથી, જ્ઞાનની સત્તામાં વિકાર નથી. આનંદ સાથે જેને જુદાઈ નથી એવું નિજજ્ઞાન જ અનુભવવા યોગ્ય છે–એમ જાણવું. આવા જ્ઞાનને પોતે અનુભવમાં લ્યે ત્યારે કેવળી પ્રભુના પૂર્ણ જ્ઞાનની ને પૂર્ણ આનંદની ખબર પડે. એ ઇન્દ્રિયાતીત જ્ઞાન પરમ આનંદરસમાં તરબોળ છે. આવું જ્ઞાન નિજસ્વભાવના પરમ મહિમાથી ભરેલું છે. –આવું મારું જ્ઞાન છે, તે જ હું છું. આમ જાણનાર થઇને જાણનારને જાણતાં પરમ આનંદ થાય છે. –આવા આનંદમય જ્ઞાનનો અનુભવ કરો–એમ સન્તોનો ઉપદેશ અને આશીર્વાદ છે.

# હે જીવ ! ચિન્તાઓને છોડીને આત્માને સાધ

**અરે, મારા ચૈતન્યનો આનંદ, તેમાં આ કલેશ શો? આ ચારગતિના દુઃખ શા? એમ જો તું દુઃખથી છૂટીને તારા આનંદને અનુભવવા ચાહતો હો, તો બીજી બધી ચિન્તા છોડીને આત્મામાં જ ચિત્તને જોડ.....સમ્યગ્દર્શનની ચિન્તાના વિકલ્પ કર્યા કરે તેથી કાંઇ સમ્યગ્દર્શન પમાતું નથી; આત્માનું વાસ્તવિક સ્વરૂપ ઓળખી, તેને ચિન્તવી, નિર્વિકલ્પ પ્રતીત કરતાં સમ્યગ્દર્શન થાય છે....પરની ચિન્તાનો ભાર માથે રાખીને આત્માની શાંત-અનુભૂતિ થઈ શકે નહીં....સર્વજ્ઞ જેવો સ્વભાવ જ્યાં પ્રતીતમાં લીધો ત્યાં ધર્મીને તેવું પરિણમન થવા લાગ્યું.....ને તે સિદ્ધ-ભગવંતોની પંક્તિમાં બેઠો.**

**[ પરમાત્મપ્રકાશનું એક સુંદર પ્રવચન ]**

આ પરમાત્મ-પ્રકાશમાં આત્માનું પરમાત્મસ્વરૂપ બતાવીને તેના ચિન્તનનો ઉપદેશ આપે છે. હે મુમુક્ષુ! તારો આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. ચારગતિનાં દુઃખ તારા આનંદના શત્રુ છે. ચૈતન્યસ્વરૂપના સંબંધથી પરમ આનંદ થાય છે, ને પરના સંબંધથી દુઃખ થાય છે. ચારે ગતિના દુઃખનો જો તને ડર લાગ્યો હોય તો હે જીવ! નિશ્ચિંત થઇને તું મોક્ષનું સાધન કર; આ લોક સંબંધી કાંઇ પણ ચિન્તા ન કર, નિશ્ચિંત થઇને પરલોકનું સાધન કર, એટલે કે ઉત્કૃષ્ટ આત્મસ્વરૂપનું અવલોકન કર.

અરે, મારા ચૈતન્યનો આનંદ, તેમાં આ કલેશ શો? આ ચાર ગતિના દુઃખ શા? એમ જો તું દુઃખથી છૂટીને તારા આનંદને અનુભવવા ચાહતો હો તો, દુઃખથી ભિન્ન તારા સ્વરૂપને જાણ. મનમાં જ્યાં સુધી બીજું શલ્ય હશે–ચિન્તા હશે–ઉપાધિ હશે ત્યાંસુધી ચિત્ત આત્મામાં જોડાશે નહિ. માટે સર્વ ચિન્તા છોડીને આત્મામાં ચિત્તને જોડ.

પોતામાં જેને રાગાદિ ભાવો સાથે એકબુદ્ધિ છે તે પરભાવથી ભિન્ન આત્માને દેખતો નથી; બીજાના આત્માને પણ તે પરભાવથી પૃથક્ દેખતો નથી. તે નિશ્ચિંત થઈને આત્માને ચિંતવી શકશે નહિ.

ભાઈ, તારા આત્મામાં સદાય અનંત ગુણ છે; તે બધા ગુણ સમયે સમયે સ્વપર્યાયરૂપ કાર્યપણે પરિણમી જ રહ્યા છે. જે કાર્ય નિજસ્વભાવથી થઇ જ રહ્યું છે તેને બીજા સાધનવડે હું કરું એ વાત ક્યાં રહે છે? સામાન્ય–વિશેષરૂપ વસ્તુ છે, એટલે સમયે સમયે તે પરિણમી જ રહી છે, પછી બીજો તેના પરિણમનમાં શું દખલ કરે?–જાણે, પણ તેમાં કાંઇ દખલ કરી શકે નહિ. આવું સ્વાધીન–સ્વતંત્ર સ્વરૂપ જાણીને હે જીવ! તું અનંતગુણમય તારા સ્વરૂપને જ ચિંતવ ને અન્યની ચિન્તા છોડ. બહારની બીજી ચિન્તાની તો શી વાત, અહીં તો કહે છે કે મોક્ષની પણ ચિન્તા ન કર. મોક્ષની ચિન્તા કર્યા કરવાથી કાંઇ મોક્ષ નથી થતો, પણ વિકલ્પરહિત થઇને સ્વરૂપના ચિંતનમાં રહેતાં, ઉપયોગની શુદ્ધી વધતાં મોક્ષ થાય છે. એ જ રીતે, સમ્યગ્દર્શન માટે સમ્યગ્દર્શનની ચિન્તાના વિકલ્પ કર્યા કરે તેથી કાંઇ સમ્યગ્દર્શન પમાય નહિ, પણ આત્માનું વાસ્તવિકસ્વરૂપ ઓળખી, તેને ચિન્તવી, નિર્વિકલ્પ પ્રતીત કરતાં સમ્યગ્દર્શન થાય છે.

મોક્ષની ઈચ્છા મોક્ષને અટકાવનાર છે; અને તે પર્યાય તો અત્યારે અભાવરૂપ છે, તે અભાવનું ચિંતન શું? સદ્ભાવરૂપ જે સ્વભાવ છે તે સ્વભાવને જ ચિંતનમાં લે. એ સ્વભાવની અનુભૂતિ જ મોક્ષનો ને સમ્યક્ત્વાદિનો ઉપાય છે. ચિન્તામાં તો આકુળતા છે, ને તે ચિન્તાથી તો કર્મ બંધાય છે; માટે ચિન્તા એ કાંઈ ઉપાય નથી. માટે કહ્યું છે કે નિશ્ચિંત પુરુષો આત્માને સાધે છે. ચૈતન્યસ્વભાવમાં ચિન્તા કેવી? વિકલ્પ કેવો? એની આરાધનાથી તો ચિન્તા તૂટી જાય છે; જગતની ગમે તેવી ચિન્તામાં પણ ધર્મીજીવ જ્યાં પોતાના સ્વભાવના ચિંતનમાં ઉપયોગને જોડે છે ત્યાં દુનિયાની બધી ચિન્તાના ચૂરા થઇ જાય છે. ચિન્તામાં તો અશાન્તિ છે; વિકલ્પરહિત શાંતચિત્ત થઇને આત્માને ધ્યાવે ત્યારે આત્મા અનુભવમાં આવે છે; એ અનુભવમાં કોઈ ચિન્તાનો બોજો નથી, પરની ચિન્તાનો ભાર માથે રાખીને આત્માની શાંત અનુભૂતિ થઈ શકે નહિ. ચિન્તાનો બોજો ઉતારી નાંખીને હળવો ફૂલ થઈને જ્ઞાનને અંદરમાં થંભાવે ત્યારે આત્માના શાંતરસનો અનુભવ થાય.

સિદ્ધ ભગવાનથી જરાપણ તારી જુદાઈ ગણ તો તું મિથ્યાદ્રષ્ટિ છો. એક આંખના ટમકાર માત્ર પણ જે જીવ સિદ્ધસ્વરૂપથી જુદો રહે છે તે મિથ્યાદ્રષ્ટિ છે, –સ્વભાવની તેને પ્રતીત નથી. જેવા સિદ્ધ જ્ઞાતાદ્રષ્ટા તેવો જ આ આત્મા જ્ઞાતાદ્રષ્ટા,–એવા પોતાના સ્વભાવને દ્રષ્ટિમાં લેવો તે સમ્યગ્દર્શન છે. સર્વજ્ઞનું જ્ઞાન આખા જગતનું જ્ઞાતા છે પણ કોઈનું કર્તા નથી; એવો જ જ્ઞાનસ્વભાવ દરેક આત્મામાં છે. સર્વજ્ઞ સિદ્ધ પરમાત્મા પ્રગટપણે મુક્ત છે, તેમ મારો સ્વભાવ શક્તિરૂપે એવો જ મુક્ત છે,–એમ પ્રતીતમાં લેતાં ધર્મીને પર્યાયમાં પણ તેનું પરિણમન પ્રગટ થવા લાગ્યું; તે પણ સર્વજ્ઞની જેમ જ્ઞાતા–દ્રષ્ટાપણે પરિણમવા લાગ્યો. જેમ સર્વજ્ઞને રાગાદિમાં ક્યાંય કર્તૃત્વ નથી તેમ સાધકને ય જ્ઞાનપરિણમનમાં રાગનું કર્તૃત્વ નથી. બંનેની એક જ જાત થઈ છે. સત્તા ભિન્ન પણ જાતિ એક. અહા, અંતરમાં સિદ્ધપ્રભુ જેને ભેટયા, પોતાના જ આત્માને સિદ્ધસ્વરૂપે જેણે દેખ્યો તેને પર્યાયમાં સિદ્ધ જેવો ભાવ ન પ્રગટે–એમ બને નહિ. સમ્યગ્દર્શન થયું ત્યાં આત્મા સિદ્ધની પંક્તિમાં બેસી ગયો. સમ્યગ્દર્શનની અલૌકિકસ્થિતિની જગતને ખબર નથી.

જેમ સર્વજ્ઞના જ્ઞાનમાં નિમિત્તપણે લોકાલોક છે, પણ સર્વજ્ઞ તેમાં ક્યાંય કર્તા નથી, તેમ સાધકના અલ્પ જ્ઞાનમાં અલ્પ જ્ઞેયો નિમિત્ત છે પણ સર્વજ્ઞની જેમ તે સાધક પણ પરજ્ઞેયમાં ક્યાંય કર્તા નથી. સર્વજ્ઞને પૂરું જ્ઞાન ને સાધકને અલ્પજ્ઞાન, એટલો જ ફેર, પણ કેવળી જેવા જ પોતાના શુદ્ધાત્માને અલ્પજ્ઞાન વડે પણ સાધક અનુભવે છે. તે અનુભવમાં પૂરા ને અધૂરાનો ભેદ નડતો નથી. પ્રવચનસાર ગા. ૩૩ માં આચાર્યદેવ કહે છે કે–

જેમ ભગવાન કેવળજ્ઞાન વડે કેવળ–શુદ્ધ આત્માને આત્માથી આત્મામાં અનુભવવાને લીધે કેવળી છે, તેમ અમે પણ શ્રુતજ્ઞાન વડે કેવળ આત્માને આત્મામાં અનુભવવાને લીધે શ્રુતકેવળી છીએ. વિશેષ આકાંક્ષાના ક્ષોભથી બસ થાઓ; સ્વરૂપનિશ્ચળ જ રહીએ છીએ. જુઓ, આ સાધકનો પાવર! જ્ઞાનની કેટલી તાકાત? જ્ઞાન ભલે થોડું હો પણ તે ક્યાંય રાગમાં અટકતું નથી; ક્યાંય અટકયા વગર સ્વરૂપમાં નિશ્ચલ રહે છે, તેનામાં કેવળજ્ઞાન લેવાની તાકાત છે. માટે હે જીવ! ઓછું–વધારે જાણવાની આકુળતા છોડીને જ્ઞાનને સ્વાનુભવમાં જોડ! બધી ચિન્તા છોડી, પૂર્ણ જ્ઞાનાનંદી નિજસ્વરૂપમાં ઉપયોગને જોડ, તો તને પરમ આનંદ તારામાં અનુભવાશે ને સંસારસંબંધી સમસ્ત કલેશ છૂટી જશે.

# બે ભાગ
## ( તેમાંથી સારું તે તારું )



એકકોર આનંદનો મોટો ઢગલો એવો સ્વભાવ,

બીજીકોર રાગ–દ્વેષ–પુણ્ય–પાપ–મોહરૂપ દુઃખનો ઢગલો.

એક સુખનો ઢગલો બીજો દુઃખનો ઢગલો, બંને ઢગલા તારી સામે પડયા છે, તેમાંથી તારે જોઇએ તે ઢગલો લે. તને જે ગમે તે ભાગ તું લે. ક્યો ભાગ લઈશું ?

સન્તો કહે છે કે આ આનંદનો ઢગલો તે તારો સાચો ભાગ છે, તે ભાગ સારો ને ઉત્તમ છે, ને દુઃખનો–વિકારનો ભાગ તે સારો ભાગ નથી, એ તો બગડેલો ભાગ છે. માટે સારો ભાગ તે તારો, –એમ સમજીને સારભૂત એવા આનંદસ્વભાવને તું ગ્રહણ કરજે, વિકારને–દુઃખને ગ્રહણ કરીશ નહિ. ‘સારું તે તારું. ’

એકકોર પરભાવોનો પૂંજ ને એકકોર શુદ્ધસ્વભાવનો પૂંજ, બંને ઢગલા એક સાથે તારી સામે વિદ્યમાન છે, પણ તું પરભાવના પૂંજને છોડીને શુદ્ધદ્રષ્ટિવડે અંતરમાં સ્વભાવના પૂંજને ગ્રહણ કરજે. એ ભાગ અનંતો મહાન અને ઉત્તમ છે. –આવો સંતોનો ઉપદેશ છે.

**બહુ લોક જ્ઞાનગુણે રહિત, આ પદ નહિ પામી શકે;**
**રે ગ્રહણ કર તું નિયત આ, જો કર્મમોક્ષેચ્છા તને.**

卐

# ધર્મના આરાધક સમ્યગ્દ્રષ્ટિની પ્રશંસા

[ લેખાંક બીજોઃ ગતાંકથી ચાલુ ]

**સમ્યક્ત્વની અત્યંત વીરલતા બતાવીને ગમેતેવી પરિસ્થિતિ વચ્ચે પણ દ્રઢ આરાધનાનો ઉપદેશ આપતાં આ પ્રવચનમાં ગુરુદેવ કહે છે કે સમ્યગ્દ્રષ્ટિ લાખોકરોડો જીવોમાં એકલો હોય તોપણ તે શોભે છે ને એકલો-એકલો નિઃશંકપણે તે મોક્ષમાર્ગમાં ચાલ્યો જાય છે. જગતમાં કોઇનો સાથ ન હોય તો પણ સર્વજ્ઞ ભગવાન એના સાથીદાર છે. માટે હે જીવ ! તું દ્રઢપણે આવા સમ્યક્ત્વની આરાધના કર.**

રોગાદિ ગમે તેવી પ્રતિકૂળતામાં ય ‘હું સ્વયંસિદ્ધ, ચિદાનંદસ્વભાવી પરમાત્મા છું’ એવી નિજાત્માની અંતર પ્રતીત ધર્મીને ખસતી નથી. આત્માના સ્વભાવની આવી પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે, ને તેમાં નિમિત્તરૂપ સર્વજ્ઞદેવની વાણી છે; તેમાં જેને સંદેહ છે તે જીવને ધર્મ હોતો નથી. સમ્યગ્દ્રષ્ટિ જિનવચનમાં અને જિનવચને દર્શાવેલા આત્મસ્વભાવમાં પ્રતીતિ કરીને સમ્યગ્દર્શનમાં નિશ્ચલ સ્થિતિ કરે છે. આવા જીવો જગતમાં ત્રણે કાળે વિરલા જ હોય છે. ભલે થોડા હોય તો પણ તે પ્રશંસનીય છે. જગતના સામાન્ય જીવો ભલે તેને ન ઓળખે પણ સર્વજ્ઞ ભગવંતો સંતો ને જ્ઞાનીઓથી તે પ્રશંસાને પાત્ર છે, ભગવાને અને સંતોએ તેને મોક્ષમાર્ગમાં સ્વીકાર્યા છે. જગતમાં આથી મોટી બીજી કઇ પ્રશંસા છે? બહારમાં ગમે તેવા પ્રતિકૂળ પ્રસંગ હોય તો પણ સમ્યગ્દ્રષ્ટિ–ધર્માત્મા પવિત્ર દર્શનથી ચલાયમાન થતા નથી.

પ્રશ્નઃ –ચારેકોર પ્રતિકૂળતાથી ઘેરાયેલો હોય એવા જીવને સમ્યગ્દર્શનની ફૂરસદ ક્યારે મળે?

ઉત્તરઃ –ભાઈ! સમ્યગ્દર્શનમાં ક્યાં કોઇ સંયોગની જરૂર છે? પ્રતિકૂળ સંયોગો કાંઇ દુઃખનું કારણ નથી ને અનુકૂળ સંયોગો કાંઇ સમ્યક્ત્વનું કારણ નથી. આત્મસ્વરૂપમાં ભ્રાંતિ જ દુઃખનું કારણ છે ને આત્મસ્વરૂપની નિર્ભ્રાન્ત પ્રતીત તે સમ્યગ્દર્શન છે, તે સુખનું કારણ છે, આ સમ્યગ્દર્શન કોઇ સંયોગોના આશ્રયે નથી પણ પોતાના સહજ સ્વભાવના જ આશ્રયે છે. અરે, નરકમાં તો કેટલી

અસહ્ય પ્રતિકૂળતા છે! ત્યાં ખાવાનું અન્ન કે પીવાનું પાણી મળતું નથી, ઠંડી–ગરમીનો પાર નથી, શરીરમાં પીડાનો પાર નથી, કાંઇ જ સગવડતા નથી, છતાં ત્યાં પણ (સાતમી નરકમાં પણ) અસંખ્યાતા જીવો સમ્યગ્દર્શન પામેલા છે;–તે કોના આધારે પામ્યા? સંયોગોનું લક્ષ છોડી પરિણતિને અંતરમાં વાળીને પોતાના આત્માના આશ્રયે સમ્યગ્દર્શન પામ્યા. નરકમાં પણ આવું સમ્યગ્દર્શન થાય છે તો અહીં કેમ ન થાય? અહીં કાંઇ નરક જેટલી તો પ્રતિકૂળતા નથી ને? પોતે પોતાની રુચિ પલટાવીને આત્માની દ્રષ્ટિ કરે તો સંયોગ કાંઈ નડતા નથી. પોતે રુચિ ન પલટાવે ને સંયોગનો વાંક કાઢે એ તો મિથ્યાબુદ્ધિ છે.

અહીં, પૈસા હોય કે પુણ્ય હોય તો જીવ પ્રશંસનીય છે એમ ન કહ્યું, પણ જેની પાસે ધર્મ છે તે જ જીવ પ્રશંસનીય છે એમ કહ્યું. પૈસા કે પુણ્ય એ ક્યાં આત્માના સ્વભાવની ચીજ છે? જે પોતાના સ્વભાવની ચીજ ન હોય તેનાથી આત્માની શોભા કેમ હોય? હે જીવ! તારી શોભા તો તારા નિર્મળ ભાવોથી છે, બીજાથી તારી શોભા નથી, અંતર સ્વભાવની પ્રતીત કરીને તેમાં તું ઠર એટલી જ તારી મુક્તિની વાર છે.

અનુકૂળ–પ્રતિકૂળ સંયોગ ઉપરથી કાંઇ ધર્મ–અધર્મનું માપ નથી; ધર્મી હોય તેને પ્રતિકૂળતા આવે જ નહિ–એવું નથી; હા, એટલું ખરું કે પ્રતિકૂળતામાંય ધર્મી જીવ પોતાના ધર્મને છોડે નહિ. કોઇ કહે કે ધર્મીને પુત્ર વગેરે મરે જ નહિ, ધર્મીને રોગ થાય જ નહિ, ધર્મીને વહાણ ડૂબે જ નહિ, તો એની વાત સાચી નથી, એને ધર્મના સ્વરૂપની ખબર નથી. ધર્મીનેય પૂર્વ પાપનો ઉદય હોય તો એ બધું બને. કોઇવાર ધર્મીના પુત્રાદિનું આયુષ્ય ઓછું પણ હોય ને અજ્ઞાનીના પુત્રાદિનું આયુષ્ય વિશેષ હોય, પણ તેથી શું? એ તો પૂર્વના બાંધેલા શુભ–અશુભ કર્મના ચાળા છે, એની સાથે ધર્મ–અધર્મનો સંબંધ નથી. ધર્મીની શોભા તો પોતાના આત્માથી જ છે, કાંઇ સંયોગથી એની શોભા નથી. મિથ્યાદ્રષ્ટિને સંયોગ કોઇવાર અનુકૂળ હોય, પણ અરે! મિથ્યામાર્ગનું સેવન એ મહાદુઃખનું કારણ છે–એની પ્રશંસા શી? કુદ્રષ્ટિની–કુમાર્ગની પ્રશંસા ધર્મી જીવ કરે નહિ. સમ્યક્ પ્રતીતિ વડે નિજસ્વભાવથી જે જીવ ભરેલો છે ને પાપના ઉદયના કારણે સંયોગથી ખાલી (અર્થાત્ અનુકૂળ સંયોગ તેને નથી) તો પણ તેનું જીવન પ્રશંસનીય છે–સુખી છે. હું મારા સુખસ્વભાવથી ભરેલો છું ને સંયોગથી ખાલી છું–એવી અનુભૂતિ ધર્મીને સદાય વર્તે છે, તે સત્યનો સત્કાર કરનાર છે, આનંદદાયક અમૃત માર્ગે ચાલનાર છે. અને સ્વભાવથી જે ખાલી છે અર્થાત્ જ્ઞાનાનંદથી ભરેલા નિજસ્વભાવને જે દેખતો નથી ને વિપરીત દ્રષ્ટિથી રાગને જ ધર્મ માને

છે, સંયોગથી ને પુણ્યથી પોતાને ભરેલો માને છે, તે જીવ બહારના સંયોગથી સુખી જેવો દેખાતો હોય તો પણ તે ખરેખર મહા દુઃખી છે, સંસારના માર્ગે છે. બહારનો સંયોગ એ કાંઇ વર્તમાન ધર્મનું ફળ નથી. ધર્મી જીવ બહારથી ભલે ખાલી હોય પણ અંતરમાં ભરેલા સ્વભાવના ભરોસે તે કેવળજ્ઞાની થવાનો. અને જે જીવ સંયોગથી ભરેલો પણ સ્વભાવથી ખાલી છે–સમ્યગ્દર્શનથી રહિત છે તે ઊંધી દ્રષ્ટિથી સંસારમાં રખડવાનો; આત્માને સ્વભાવથી ભરેલો ને સંયોગથી ખાલી માન્યો તો તેના ફળમાં સંયોગરહિત એવા સિદ્ધપદને પામશે. સંયોગથી આત્માની મોટાઈ નથી. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે–

**લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?**
**શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો?**
**વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,**
**એનો વિચાર નહીં અહોહો! એક પળ તમને હવો.**

અરે, સંયોગથી આત્માની મોટાઇ માનવી એ તો સ્વભાવને ભૂલીને આ મોંઘો મનુષ્ય ભવ હારી જવા જેવું છે. માટે હે ભાઈ! આવો મનુષ્ય અવતાર પામીને આત્માનું ભાન કેમ થાય ને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈને ભવભ્રમણ કેમ મટે–એનો પ્રયત્ન કર.

જગતમાં અસત્ માનનારા ઘણા હોય, તેથી શું? અને સત્યધર્મ સમજનારા થોડા જ હોય –તેથી શું? તેથી કાંઇ અસત્‌ની કિંમત વધી જાય ને સત્‌ની કિંમત ઘટી જાય એમ નથી. કીડીનાં ઘણાં ટોળાં હોય ને માણસ થોડા હોય–તેથી કાંઇ કીડીની કિંમત વધી ન જાય. જગતમાં સિદ્ધો સદાય થોડા ને સંસારી જીવો ઝાઝા, તેથી સિદ્ધ કરતાં સંસારીની કિંમત શું વધી ગઈ? જેમ અફીણનો ભલે મોટો ઢગલો હોય તોપણ તે કડવો છે, ને સાકરની નાની કટકી હોય તોપણ તે મીઠી છે, તેમ મિથ્યામાર્ગમાં કરોડો જીવો હોય તોપણ તે માર્ગ ઝેર જેવો છે, ને સમ્યક્‌માર્ગમાં ભલે થોડા જીવો હોય તોપણ તે માર્ગ અમૃત જેવો છે. જેમ, થાળી ભલે સોનાની હોય પણ જો તેમાં ઝેર ભર્યું હોય તો તે શોભતું નથી ને ખાનારને મારે છે, તેમ ભલે પુણ્યના ઠાઠ વચ્ચે પડયો હોય પણ જે જીવ મિથ્યાત્વરૂપી ઝેર સહિત છે, તે શોભતો નથી, તે સંસારમાં ભવભ્રમણથી મરે છે. પણ, જેમ થાળી ભલે લોઢાની હોય પણ જો તેમાં અમૃત ભર્યું હોય તો તે શોભે છે ને ખાનારને તૃપ્તિ આપે છે, તેમ ભલે પ્રતિકૂળતાના ગંજ વચ્ચે પડયો હોય પણ જે જીવ સમ્યગ્દર્શનરૂપી અમૃતથી ભરેલો છે તે શોભે છે, તે આત્માના પરમ સુખને અનુભવે છે ને અમૃત એવા સિદ્ધપદને પામે છે.

પરમાત્મપ્રકાશ પૃઃ ૨૦૦ માં કહ્યું છે કે–

"वरं नरकवासोऽपि सम्यक्त्वेन हि संयुतः।
न तु सम्यक्त्वहीनस्य निवासो दिवि राजते।।"

સમ્યક્‌ત્વ સહિત જીવનો તો નરકવાસ પણ ભલો છે ને સમ્યક્‌ત્વરહિત જીવનો દેવલોકમાં નિવાસ પણ શોભતો નથી, સમ્યગ્દર્શન વગર દેવલોકના દેવો પણ દુઃખી જ છે. શાસ્ત્રો તો તેને પાપી કહે છે.

'सम्यक्त्वरहित जीवा: पुण्यसहिता अपि पापजीवा भण्यन्ते' ।

આમ જાણીને શ્રાવકે સૌથી પહેલાં સમ્યક્‌ત્વની આરાધના કરવી.




[ ૭-૮ ]

**તત્ત્વરસિક જિજ્ઞાસુઓને પ્રિય, દશ પ્રશ્ન દશ ઉત્તરનો આ વિભાગ પૂ. ગુરુદેવ પાસે થયેલ તત્ત્વચર્ચાઓમાંથી તેમજ શાસ્ત્રોમાંથી તૈયાર કરવામાં આવે છે. બ્ર. હ. જૈન**

卐

[ ૭૧ ] પ્રશ્નઃ– બીજના ચન્દ્રની ત્રણ કળા હોય છે, એ દ્રષ્ટાન્તે ભેદજ્ઞાનની ત્રણ કળા બતાવી, તે કઈ રીતે?

ઉત્તરઃ– પૂર્ણ ચન્દ્રની સોળ કળા છે; પછી એકેક ઘટતાં અમાસે પણ એક કળા તો ખૂલી જ રહે છે; પછી અનુક્રમે વધતાં બીજની ત્રણ કળા હોય છેઃ તેમ ધર્મીને ભેદજ્ઞાનરૂપી જે બીજ ઊગી તે રત્નત્રયના અંશરૂપ ત્રણકળા સહિત છે, એટલે કે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન ને સ્વરૂપાચરણરૂપ ચારિત્ર–એ ત્રણે કળા સહિત ભેદજ્ઞાનરૂપી બીજ ઊગે છે. (વૈ. સુદ બીજના પ્રવચનમાંથી)

卐

[ ૭૨ ] પ્રશ્નઃ– એક સાથે વધુમાં વધુ કેટલા જીવો કેવળજ્ઞાન પામે?

ઉત્તરઃ– એક સાથે વધુમાં વધુ ૧૦૮ જીવો કેવળજ્ઞાન પામે.

卐

[ ૭૩ ] પ્રશ્નઃ– એક તીર્થંકરને એક કરતાં વધુ ગણધરો હોય?

ઉત્તરઃ– હા; આ ચોવીસીમાં સૌથી વધુ (૧૧૬) ગણધરો સુમતિનાથપ્રભુને, અને સૌથી ઓછા (૧૦) ગણધરો પાર્શ્વનાથપ્રભુને હતા. બધાય ગણધરો નિયમથી તદ્ભવમોક્ષગામી હોય છે.

卐

[ ૭૪ ] પ્રશ્નઃ– ‘જિનપદ નિજપદ એકતા’ એટલે શું?

ઉત્તરઃ– ‘જિનપદ નિજપદ એકતા’ એમ કહીને આત્માનો પરમાર્થ સ્વભાવ બતાવ્યો છે. પરમાર્થે અરિહંતના સ્વભાવમાં ને મારા આત્મામાં કોઇ ફેર નથી–એમ જિન જેવા નિજસ્વભાવને જાણે તે ‘જિન’ થાય. જીવને સમ્યગ્દર્શન થયું (અથવા સમ્યગ્દર્શન થવા માટેના અપૂર્વકરણમાં પ્રવેશ્યો) ત્યાં તેને ‘જિન’ કહ્યો છે. સર્વજ્ઞ જેવા આત્મસ્વભાવનો અનુભવ કરાવવો તે સર્વ શાસ્ત્રોનો સાર છે. શ્રીમદ્રાજચંદ્રનું પૂરું પદ આ પ્રમાણે છે–

**‘જિનપદ નિજપદ એકતા ભેદભાવ નહિ કાંઇ,**
**લક્ષ થવાને તેહનો કહ્યાં શાસ્ત્ર સુખદાયી.’**

卐

[ ૭૫ ] પ્રશ્નઃ– આત્માને ‘પરમાત્મા’ કેમ કહ્યો છે?

ઉત્તરઃ– સર્વજ્ઞતારૂપ પરમ ઉત્કૃષ્ટ તેનો સ્વભાવ છે માટે તે પરમાત્મા છે.

卐

[ ૭૬ ] પ્રશ્નઃ– પરમાત્મા હોવા છતાં તે સંસારમાં કેમ ભટકે છે?

ઉત્તરઃ– પોતાના પરમાત્મસ્વભાવને ભૂલ્યો છે માટે.

卐

[ ૭૭ ] પ્રશ્નઃ– પરમ બ્રહ્મના જિજ્ઞાસુને અર્થાત્ મોક્ષના અભિલાષીને કાંઇ કાર્ય કરવાનું રહે છે?

ઉત્તરઃ– હા, પોતાના સ્વભાવનું સમ્યક્ભાન અને તેમાં લીનતાં, અર્થાત્ સમ્યગ્દર્શન– જ્ઞાન–ચારિત્રરૂપ કાર્ય, એ દરેક જિજ્ઞાસુનું કર્તવ્ય છે. નિયમસારમાં કુંદકુંદસ્વામીએ કહ્યું છે કે મોક્ષને માટે શુદ્ધરત્નત્રય તે નિયમથી કર્તવ્ય છે. શુદ્ધરત્નત્રય તે જ્ઞાનભાવમય છે, તે જ ધર્મીનું કાર્ય છે. અને આવા પોતાના જ્ઞાનભાવરૂપ કાર્ય સિવાય અન્ય સમસ્ત ભાવોમાં તેને અકર્તાપણું છે. –આ પરમબ્રહ્મની એટલે કે કેવળજ્ઞાનની પ્રાપ્તિનો ઉપાય છે.

卐

[ ૭૮ ] પ્રશ્નઃ– ઇન્દ્રિયજ્ઞાન કોના આશ્રયે છે?

ઉત્તરઃ– ઇન્દ્રિયજ્ઞાન તે આત્માના પરિણામ છે, અને પરિણામ હંમેશા પરિણામીના આશ્રયે હોય છે–એ સિદ્ધાંતઅનુસાર ઇન્દ્રિયજ્ઞાનના પરિણામ આત્માના આશ્રયે છે.

–પણ તે ઇન્દ્રિયજ્ઞાનનું લક્ષ આત્મા ઉપર નથી, જો આત્મા ઉપર લક્ષ જાય તો ઇન્દ્રિયજ્ઞાન રહે નહિ, જ્ઞાન અતીન્દ્રિય થઇ જાય. આત્માના સ્વભાવમાં જેનો ઉપયોગ હોય તે જ્ઞાન અતીન્દ્રિય જ હોય; ઇન્દ્રિયજ્ઞાન વડે આત્મસ્વભાવ લક્ષમાં આવે નહિ.

卐

[ ૭૯ ] પ્રશ્નઃ– ઇન્દ્રિયજ્ઞાનના પરિણામ આત્માના આશ્રયે છે એમ આપે કહ્યું, પરંતુ આત્માશ્રિત–પરિણામને તો મોક્ષમાર્ગ કહ્યો છે, ને ઇન્દ્રિયજ્ઞાન તો કાંઇ મોક્ષમાર્ગ નથી!

ઉત્તરઃ– આત્માશ્રિત–પરિણામને જ્યાં મોક્ષમાર્ગ કહ્યો છે ત્યાં 'આત્માશ્રિત' –પરિણામ એટલે આત્મસ્વભાવ તરફ વળેલા પરિણામ–એમ સમજવું. ઇન્દ્રિયજ્ઞાન તે આત્મસ્વભાવ તરફ વળેલું નથી માટે તે મોક્ષમાર્ગ નથી. અને ઇન્દ્રિયજ્ઞાનને અહીં આત્માશ્રિત પરિણામ કહ્યા તેમાં 'આત્માશ્રિત' નો અર્થ આત્માની સત્તાના આધારે થયેલા પરિણામ –એમ સમજવો. જગતના જે કોઇ પદાર્થમાં જે પરિણામ થાય છે તે પરિણામ તે પદાર્થની સત્તામાં જ થાય છે, પદાર્થની સત્તાથી બહાર તેનાં પરિણામ કદી હોતાં નથી. માટે શુદ્ધ કે અશુદ્ધ, જડ કે ચેતન જે કોઇ પરિણામ છે તે સૌ પોતપોતાની વસ્તુના આધારે છે; આ ન્યાયે ઇન્દ્રિયજ્ઞાનના પરિણામ પણ આત્માના આશ્રયે જ છે; ઇન્દ્રિયજ્ઞાનના પરિણામ પણ કાંઇ જડ ઇન્દ્રિયના આશ્રયે નથી થયા.–છતાં આમાં મોક્ષમાર્ગ આવી જાય છે. –કઇ રીતે?

જેણે આમ નક્કી કર્યું કે મારા બધા પરિણામ મારા આત્માના આશ્રયે જ થાય છે,–તેની નજર ક્યાં ગઇ? તેની નજર પરિણામી એવા દ્રવ્ય ઉપર ગઇ, એટલે દ્રવ્યના લક્ષે તેને નિર્મળ પરિણામ પ્રગટયા. આ રીતે તેમાં મોક્ષમાર્ગ આવી જાય છે. ઇન્દ્રિયજ્ઞાન આત્માના આશ્રયે છે– એમ નક્કી

કરનાર જીવની દ્રષ્ટિ ઇન્દ્રિયજ્ઞાન ઉપરથી છૂટીને પરિણામી એવા ત્રિકાળી આત્મા ઉપર જાય છે, ત્યાં તેને એકલું ઇન્દ્રિયજ્ઞાન નથી રહેતું, સ્વભાવના લક્ષે અતીન્દ્રિયજ્ઞાન થાય છે ને મોક્ષમાર્ગ પ્રગટે છે.


卐

[ ૮૦ ] પ્રશ્નઃ- નિગોદના જીવના જે પરિણામ છે તે પણ તે જીવના જ આશ્રયે છે, છતાં તેને મોક્ષમાર્ગ કેમ નથી પ્રગટતો ?

ઉત્તરઃ- કેમકે, મારા પરિણામ મારા દ્રવ્યના આશ્રયે છે-એવું લક્ષ તે જીવ નથી કરતો, તેથી સ્વલક્ષે જે શુદ્ધ પરિણામ થવા જોઇએ તે તેને થતા નથી. મારા પરિણામ મારા દ્રવ્યના આશ્રયે થાય છે-એમ નક્કી કરનારને અંતરદ્રષ્ટિથી જરૂર મોક્ષમાર્ગ પ્રગટે છે. રાગાદિ પરિણામ જોકે સ્વદ્રવ્યના આધારે થાય છે પણ તે કાંઇ સ્વભાવના લક્ષે થયેલા નથી, તેથી તે મોક્ષમાર્ગ નથી. સ્વદ્રવ્યને લક્ષમાં લેતાં જે શુદ્ધપરિણામ થયા તે નિશ્ચયથી મોક્ષમાર્ગ છે, ને પછી જે ઇન્દ્રિયજ્ઞાન કે શુભરાગ બાકી રહ્યો તેને જ્ઞાની વ્યવહારે પોતાના પરિણામ જાણે છે, પણ તેને તે મોક્ષમાર્ગ માનતો નથી.

**પ્રશ્નઃ**- પૂર્વજન્મની અઢીવર્ષની ગીતા તે જ આ જન્મની પાંચ વર્ષની રાજુલ છે, ને તેને તેનું સ્મરણ થયું છે-તે વાત સાચી ?

**ઉત્તરઃ**- હા, એ વાત સાચી છે. અહીં તે સંબંધી વિશેષ વિવેચનમાં ન ઊતરતાં તાત્ત્વિકદ્રષ્ટિએ આપણે એટલો જ ખુલાસો કરીશું કે પુનર્જન્મ છે અને તેનું સ્મરણ થઈ શકે છે. એટલું જ નહિ પણ અહીંથી અગમ્ય ગણાય એવા ક્ષેત્રનું ને અસંખ્ય વર્ષો પહેલાંનું સ્મરણ પણ જીવને થઈ શકે છે, ને એવા સ્મરણવાળા આત્મા અત્યારે વિદ્યમાન છે. જીવની જ્ઞાનશક્તિ અગાધ છે-તે શું ન જાણી શકે? પૂ. ગુરુદેવના શ્રીમુખથી અનેકવાર આ વાતનું દિગ્દર્શન થયેલું છે. તેમાંય આ માગશર સુદ ત્રીજે પૂ. ગુરુદેવના શ્રી મુખથી વહેલો આનંદકારી મહિમા મુમુક્ષુહૃદયોમાં ચિરસ્મરણીય બન્યો છે. (શાસ્ત્રપુરાણોમાં પણ એના હજારો ઉદાહરણો ભરેલા છે. શ્રીમદ્‌રાજચંદ્રજી લખે છે કે- 'પુનર્જન્મ છે, જરૂર છે, તે માટે હું અનુભવથી હા કહેવામાં અચલ છું. ' આથી વધુ પ્રબલ પુરાવાઓ પણ આ સંબંધમાં છે.) પુનર્જન્મ સંબંધમાં જૈનસિદ્ધાંત એવો છે કે સંસારી જીવ એક દેહ છોડીને તરત જ બીજો દેહ ધારણ કરે છે. તથા પૂર્વજન્મનું સ્મરણ એ દેહથી જીવની અત્યંત ભિન્નતા સાબિત કરે છે.



# સ્વતંત્રતાની ઘોષણા

## [ ચાર બોલથી સ્વતંત્રતાની ઘોષણા કરતું ખાસ પ્રવચન ]

( સમયસાર કલશ ૨૧૧ ) ( સં. ૨૦૨૨, કારતક સુદ ૩-૪ )

**ભગવાન સર્વજ્ઞદેવે જોયેલો વસ્તુસ્વભાવ કેવો છે, તેમાં કર્તા-કર્મપણું કઇ રીતે છે તે અનેક પ્રકારે દ્રષ્ટાન્ત અને યુક્તિથી ઘૂંટી ઘૂંટીને સમજાવીને, તે સ્વભાવના નિર્ણયમાં કઇ રીતે મોક્ષમાર્ગ આવે છે તે પૂ. ગુરુદેવે આ પ્રવચનમાં બતાવ્યું છે. ઘૂંટી ઘૂંટીને ભેદજ્ઞાન કરાવ્યું છે ને વીતરાગમાર્ગના રહસ્યભૂત સ્વતંત્રતાની ઘોષણા કરતાં કહ્યું છે કે સર્વજ્ઞદેવે કહેલા આ પરમ સત્ય વીતરાગી વિજ્ઞાનને જે સમજશે તેનું અપૂર્વ કલ્યાણ થશે.**

ननु परिणाम एव किल कर्म विनिश्चयत:
स भवति नापरस्य परिणामिन एव भवेत्।
न भवति कर्तृशून्यमिह कर्म न चैकतया
स्थितिरिह वस्तुनो भवतु कर्तृ तदेव तत:।। २११।।

**વસ્તુ પોતે જ પોતાના પરિણામની કર્તા છે, ને બીજા સાથે તેને કર્તા-કર્મપણું નથી-એ સિદ્ધાન્ત અહીં ચાર બોલથી આચાર્યદેવે સ્પષ્ટ સમજાવ્યો છે.**

**૧. પરિણામ એટલે કે પર્યાય તે જ કર્મ છે-કાર્ય છે.**

**૨. તે પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીના જ હોય છે, અન્યના નહિ; કેમકે પરિણામ પોતપોતાના આશ્રયભૂત પરિણામી ( દ્રવ્ય ) ના આશ્રયે હોય છે, અન્યના પરિણામ અન્યના આશ્રયે હોતા નથી.**

**૩. કર્મ કર્તા વગર હોતું નથી, એટલે કે પરિણામ વસ્તુ વગર હોતા નથી.**

**૪. વસ્તુની સદા એકરૂપ સ્થિતિ ( કૂટસ્થતા ) હોતી નથી, કેમકે વસ્તુ દ્રવ્ય-પર્યાયસ્વરૂપ છે.**

**આ રીતે, આત્મ કે જડ બધીયે વસ્તુ સ્વયં પોતે જ પોતાના પરિણામરૂપ કર્મની કર્તા છે- એ વસ્તુસ્વરૂપનો મહા સિદ્ધાંત આચાર્યદેવે સમજાવ્યો છે-તેના ઉપરનું આ પ્રવચન છે. આ પ્રવચનમાં અનેક પડખાથી સ્પષ્ટીકરણ કરીને ગુરુદેવે ભેદજ્ઞાન ઘૂંટી ઘૂંટીને સમજાવ્યું છે.**

**જાુઓ, આમાં વસ્તુસ્વરૂપનો સિદ્ધાંત ચાર બોલથી સમજાવ્યો છે. આ જગતમાં છ વસ્તુ છે, આત્માઓ અનંત છે, પુદ્ગલ પરમાણુઓ અનંત છે, તથા ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ,-આમ છએ પ્રકારની જે વસ્તુ, તેના સ્વરૂપનો વાસ્તવિક નિયમ શું છે, સિદ્ધાંત શું છે તે અહીં ચાર બોલથી સમજાવે છે.**

## ( ૧ ) પરિણામ તે જ કર્મ

**પ્રથમ તો 'ननु परिणाम एव किल कर्म विनिश्चयतः' -એટલે કે પરિણામી વસ્તુના જે પરિણામ છે તે જ નિશ્ચયથી ( ચોક્કસપણે ) તેનું કર્મ છે. કર્મ એટલે કાર્ય; પરિણામ એટલે અવસ્થા; પદાર્થની અવસ્થા તે જ ખરેખર તેનું કર્મ-કાર્ય**

છે. પરિણામી એટલે આખી ચીજ, તે જે ભાવરૂપે પરિણમે છે તેને પરિણામ કહેવાય છે. પરિણામ કહો, કાર્ય કહો, પર્યાય કહો કે કર્મ કહો, -તે વસ્તુના પરિણામ જ છે.

જેમકે-આત્મા જ્ઞાનગુણસ્વરૂપ છે, તેનું પરિણમન થતાં જ્ઞાનની જાણવાની પર્યાય થઇ તે તેનું કર્મ છે, તે તેનું વર્તમાન કાર્ય છે. રાગ કે દેહ તે કાંઇ જ્ઞાનનું કાર્ય નથી; પણ 'આ રાગ છે, આ દેહ છે' એમ તેને જાણનારું જે જ્ઞાન છે તે આત્માનું કાર્ય છે. આત્માના પરિણામ તે આત્માનું કર્મ છે ને જડના પરિણામ એટલે જડની અવસ્થા તે જડનું કાર્ય છે;- આ રીતે એક બોલ કહ્યો.

## (૨) પરિણામ વસ્તુનું જ હોય છે, બીજાનું નહિ

હવે આ બીજા બોલમાં કહે છે કે જે પરિણામ છે તે પરિણામી પદાર્થનું જ થાય છે, તે કોઈ બીજાના આશ્રયે થતું નથી. જેમકે શ્રવણ વખતે જે જ્ઞાન થાય છે તે જ્ઞાન કાર્ય છે-કર્મ છે. તે કોનું કાર્ય છે? તે કાંઇ શબ્દોનું કાર્ય નથી પણ પરિણામી વસ્તુ-જે આત્મા તેનું જ તે કાર્ય છે. પરિણામી વગર પરિણામ હોય નહિ. આત્મા પરિણામી છે-તેના વગર જ્ઞાનપરિણામ ન હોય-એ સિદ્ધાંત છે; પણ વાણી વગર જ્ઞાન ન થાય એ વાત સાચી નથી. શબ્દ વગર જ્ઞાન ન હોય એમ નહિ, પણ આત્મા વગર જ્ઞાન ન હોય. આ રીતે પરિણામીના આશ્રયે જ જ્ઞાનાદિ પરિણામ છે.

જુઓ, આ મહા સિદ્ધાંત છે; વસ્તુસ્વરૂપનો આ અબાધિત નિયમ છે. પરિણામીના આશ્રયે જ તેના પરિણામ થાય છે. જાણનાર આત્મા તે પરિણામી, તેના આશ્રયે જ જ્ઞાન થાય છે; તે જ્ઞાનપરિણામ આત્માના છે, વાણીના નહિ. વાણીના રજકણોના આશ્રયે તે જ્ઞાનપરિણામ નથી થતાં, પણ જ્ઞાનસ્વભાવી આત્મવસ્તુના આશ્રયે તે પરિણામ થાય છે. આત્માવસ્તુ ત્રિકાળ ટકનાર પરિણામી છે તે પોતે રૂપાંતર થઇને નવી નવી અવસ્થાપણે પલટે છે, તેના જ્ઞાન-આનંદ વગેરે જે વર્તમાન ભાવો છે તે તેના પરિણામ છે.

'પરિણામ' પરિણામીના જ છે ને બીજાના નથી,-એમાં જગતના બધા પદાર્થોનો નિયમ આવી જાય છે. પરિણામ પરિણામીના જ આશ્રયે હોય છે, બીજાના આશ્રયે હોતા નથી. જ્ઞાનપરિણામ આત્માના આશ્રયે છે, વાણી વગેરે બીજાના આશ્રયે નથી. એટલે આમાં પર સામે જોવાનું ન રહ્યું પણ પોતાની વસ્તુ સામે જોઈને સ્વસન્મુખ પરિણમવાનું રહ્યું. તેમાં મોક્ષમાર્ગ આવી જાય છે.

વાણી તે અનંતા જડ-પરમાણુઓની અવસ્થા છે, ને તેના પરમાણુઓના આશ્રયે છે. બોલવાની જે ઇચ્છા થઇ તેના આશ્રયે ભાષાના પરિણામ ત્રણકાળમાં નથી. હવે ઇચ્છા થઈને ભાષા નીકળી તે વખતે તેનું જે જ્ઞાન થયું, તે જ્ઞાન આત્માના આશ્રયે થયું છે, ભાષાના આશ્રયે કે ઇચ્છાના આશ્રયે તે જ્ઞાન થયું નથી.

પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીના જ થાય છે, બીજાના આશ્રયે થતા નથી, -આમ અસ્તિ નાસ્તિથી અનેકાન્ત કરીને વસ્તુસ્વરૂપ સમજાવ્યું છે. સત્યના સિદ્ધાંતની એટલે કે વસ્તુના સત્સ્વરૂપની આ વાત છે, તેને ઓળખ્યા વગર મૂઢપણે અજ્ઞાનમાં જીવન ગાળી નાંખે છે. પણ ભાઈ! આત્મા શું, જડ શું, તેની ભિન્નતા સમજીને વસ્તુસ્વરૂપના વાસ્તવિક સત્‌ને જાણ્યા વગર જ્ઞાનમાં સત્‌પણું થાય નહિ, એટલે સમ્યગ્જ્ઞાન થાય નહિ; વસ્તુસ્વરૂપના સત્યજ્ઞાન વગર રુચિ ને શ્રદ્ધા પણ સાચી થાય નહિ, સાચી શ્રદ્ધા વગર વસ્તુમાં સ્થિરતારૂપ ચારિત્ર પ્રગટે નહિ, શાંતિ થાય નહિ, સમાધાન કે સુખ થાય નહિ. માટે વસ્તુસ્વરૂપ શું છે તે પહેલાં સમજ. વસ્તુસ્વરૂપ સમજતાં, મારા પરિણામ પરથી ને પરના પરિણામ મારાથી-એવી પરાશ્રિત બુદ્ધિ રહે નહિ એટલે સ્વાશ્રિત-સ્વસન્મુખ પરિણમન પ્રગટે, તે ધર્મ છે.

આત્માને જે જ્ઞાન થાય છે તે જાણવાના પરિણામ આત્માના આશ્રયે છે. તે પરિણામ વાણીના આશ્રયે થયા નથી, કાનના આશ્રયે થયા નથી તેમ જ તે વખતની ઈચ્છાના આશ્રયે પણ થયા નથી. જો કે ઈચ્છા તે પણ આત્માના

પરિણામ છે, પણ તે પરિણામના આશ્રયે જ્ઞાનપરિણામ નથી, જ્ઞાનપરિણામ આત્મવસ્તુના આશ્રયે છે. -માટે વસ્તુ સામે જો.

બોલવાની ઇચ્છા થાય, હોઠ ચાલે, ભાષા નીકળે ને તે વખતે તે પ્રકારનું જ્ઞાન થાય, -આ ચાર પ્રકાર એકસાથે છે છતાં કોઇ કોઈના આશ્રયે નથી, સૌ પોતપોતાના પરિણામીના જ આશ્રયે છે. ઇચ્છા તે આત્માના ચારિત્રગુણના પરિણામ છે, હોઠ ચાલે તે હોઠના રજકણોની અવસ્થા છે, તે અવસ્થા ઇચ્છાના આધારે થઇ નથી. ભાષા નીકળે તે ભાષાવર્ગણાના રજકણોની અવસ્થા છે, તે અવસ્થા ઇચ્છાને આશ્રયે કે હોઠને આશ્રયે થઇ નથી, પણ પરિણામી એવા રજકણોના આશ્રયે તે ભાષા થઈ છે, અને તે વખતનું જ્ઞાન આત્મવસ્તુના આશ્રયે છે, ઇચ્છાના કે ભાષાના આશ્રયે નથી.-આવું વસ્તુસ્વરૂપ છે.

ભાઈ, ત્રણકાળ ત્રણલોકમાં સર્વજ્ઞ ભગવાને જોયેલો આ વસ્તુસ્વભાવ છે તેને જાણ્યા વગર, અને સમજવાની દરકાર વગર આંધળાની જેમ ચાલ્યો જાય છે, પણ વસ્તુસ્વરૂપના સાચા જ્ઞાન વગર ક્યાંય કલ્યાણ નથી. આ વસ્તુસ્વરૂપ વારંવાર લક્ષમાં લઇને પરિણામમાં ભેદજ્ઞાન કરવા માટેની આ વાત છે. એક વસ્તુના પરિણામ બીજી વસ્તુના આધારે તો નથી, ને તે વસ્તુમાં પણ તેના એક પરિણામના આશ્રયે બીજા પરિણામ નથી, પરિણામી-વસ્તુના આશ્રયે જ પરિણામ છે. -આ મોટો સિદ્ધાંત છે.

ક્ષણે ક્ષણે ઈચ્છા, ભાષા ને જ્ઞાન, ત્રણે એકસાથે થાય છતાં ઈચ્છા ને જ્ઞાન તે જીવના આશ્રયે છે ને ભાષા તે જડના આશ્રયે છે; ઇચ્છાને કારણે ભાષા થઈ કે ભાષાને કારણે જ્ઞાન થયું -એમ નથી; તેમજ ઇચ્છાના આશ્રયે પણ જ્ઞાન નથી. ઈચ્છા અને જ્ઞાન-એ બંને છે તો આત્માના પરિણામ છતાં એકના આશ્રયે બીજા પરિણામ નથી. જ્ઞાનપરિણામ અને ઈચ્છાપરિણામ બંને ભિન્નભિન્ન છે. જ્ઞાન તે ઈચ્છાનું કાર્ય નથી ને ઈચ્છા તે જ્ઞાનનું કાર્ય નથી. જ્યાં જ્ઞાનનું કાર્ય ઇચ્છા પણ નથી ત્યાં જડ ભાષા વગેરે તો તેનું કાર્ય ક્યાંથી

હોય ? એ તો જડનું કાર્ય છે.

જગતમાં જે કોઇ કાર્ય હોય તે સત્‌ની અવસ્થા હોય, કોઇ વસ્તુના પરિણામ હોય, પણ વસ્તુ વગર અદ્ધરથી પરિણામ ન થાય. પરિણામીનું પરિણામ હોય, ટકતી વસ્તુના આશ્રયે પરિણામ થાય, પરના આશ્રયે ન થાય.

પરમાણુમાં હોઠનું હલન ને ભાષાનું પરિણમન-એ બંને પણ જુદી ચીજ છે. આત્મામાં ઇચ્છા અને જ્ઞાન-એ બંને પરિણામ પણ ભિન્નભિન્ન છે.

હોઠના હલનના આશ્રયે ભાષાની પર્યાય નથી. હોઠનું હલન તે હોઠના પુદ્‌ગલોના આશ્રયે છે. ભાષાનું પરિણમન તે ભાષાના પુદ્‌ગલોના આશ્રયે છે.

**હોઠ અને ભાષા,**

**ઇચ્છા અને જ્ઞાન,**

એ ચારેનો કાળ એક, છતાં ચારે પરિણામ જુદા.

તેમાં પણ ઇચ્છા અને જ્ઞાન એ બંને પરિણામ આત્માના આશ્રયે હોવા છતાં, તેમાં ઇચ્છાપરિણામના આશ્રયે જ્ઞાનપરિણામ નથી. જ્ઞાન તે આત્માના પરિણામ છે, ઇચ્છાના નહિ. તેમ જ ઇચ્છા તે આત્માના પરિણામ છે, પણ જ્ઞાનના નહિ. ઇચ્છાને જાણનારું જ્ઞાન તે ઇચ્છાનું કાર્ય નથી, તેમજ તે જ્ઞાન ઇચ્છાને કરતું નથી. ઇચ્છા-પરિણામ તે આત્માનું કાર્ય ખરું, પણ જ્ઞાનનું નહિ; ભિન્નભિન્ન ગુણના પરિણામ ભિન્નભિન્ન છે, એક જ દ્રવ્યમાં હોવા છતાં એક ગુણના આશ્રયે બીજા ગુણના પરિણામ નથી.

કેટલી સ્વતંત્રતા !! ને આમાં પરના આશ્રયની તો વાત જ કયાં રહી ?

આત્મામાં ચારિત્રગુણ, જ્ઞાનગુણ વગેરે અનંતગુણ, તેમાં ચારિત્રના વિકૃત પરિણામ તે ઇચ્છા છે, તે ચારિત્રગુણના આશ્રયે છે, અને તે વખતે તે ઇચ્છાનું જ્ઞાન થયું તે જ્ઞાનગુણરૂપ પરિણામીના પરિણામ છે, તે કાંઇ ઇચ્છાના પરિણામના આશ્રયે નથી. આમ ઇચ્છાપરિણામ ને જ્ઞાનપરિણામ બંનેનું જુદું પરિણમન છે, એકબીજાના આશ્રયે નથી.

**સત્ જેમ છે તેમ તેનું જ્ઞાન કરે તો સત્ જ્ઞાન થાય, ને સત્નું જ્ઞાન કરે તો તેનું બહુમાન ને યથાર્થનો આદર થાય, રુચિ થાય, શ્રદ્ધા થાય ને તેમાં સ્થિરતા થાય તેનું નામ ધર્મ છે. સત્થી વિપરીત જ્ઞાન કરે તો ધર્મ ન થાય. મૂળ ધર્મ સ્વમાં સ્થિરતા છે, પણ વસ્તુસ્વરૂપના સાચા જ્ઞાન વગર સ્થિરતા કરશે શેમાં ?**

**આત્મા, અને શરીરાદિ રજકણો ભિન્નભિન્ન તત્ત્વો છે; શરીરની અવસ્થા હાલે-ચાલે બોલે તે તેના પરિણામી પુદ્ગલોના પરિણામ છે, તે પુદ્ગલોના આશ્રયે તે પરિણામ થયા છે ઇચ્છાના આશ્રયે નહિ; તેમજ ઇચ્છાના આશ્રયે જ્ઞાન પણ નથી. પુદ્ગલના પરિણામ આત્માના આશ્રયે માનવા, કે આત્માના પરિણામ પુદ્ગલના આશ્રયે માનવા, તેમાં તો વિપરીત માન્યતારૂપ મૂઢતા છે.**

**જગતમાં પણ જે ચીજ જેમ હોય તેનાથી ઊલટી કોઇ કહે તો લોકો તેને મૂર્ખ કહે છે, તો આ સર્વજ્ઞે કહેલો લોકોત્તર વસ્તુસ્વભાવ જેમ છે તેમ ન માનતાં વિરુદ્ધ માને તો તે લોકોત્તર મૂર્ખ અને અવિવેકી છે. વિવેકી અને વિચક્ષણ થયો ક્યારે કહેવાય ? કે વસ્તુના જે પરિણામ થયા તેને કાર્ય ગણી, તેને પરિણામી-વસ્તુના આશ્રયે સમજે ને બીજાના આશ્રયે ન માને, ત્યારે સ્વપરનું ભેદજ્ઞાન થાય, ને ત્યારે વિવેકી થયો કહેવાય. પરના આશ્રયે આત્માના પરિણામ થતા નથી. અહીં તો વિકારી કે અવિકારી જે કોઇ પરિણામ જે વસ્તુના છે તે વસ્તુના જ આશ્રયે છે, પરના આશ્રયે નથી.**

**પદાર્થના પરિણામ તે જ તેનું કાર્ય છે-એ એક વાત; બીજું તે પરિણામ વસ્તુના જ આશ્રયે થાય છે, અન્યના આશ્રયે થતા નથી.-આ નિયમો જગતના બધા પદાર્થોમાં લાગુ પડે છે.**

**જુઓ, ભાઈ ! આ તો ભેદજ્ઞાન માટે વસ્તુસ્વભાવના નિયમો બતાવ્યા છે. હળવે હળવે દ્રષ્ટાન્તથી યુક્તિથી વસ્તુસ્વરૂપ સિદ્ધ કરવામાં આવે છે.**

કોઇને એવા ભાવ થયા કે એકસો રૂપિયા દાનમાં આપું, તેના તે પરિણામ આત્મવસ્તુના આશ્રયે થયા છે; ત્યાં રૂપિયા જવાની ક્રિયા થાય તે રૂપિયાના રજકણના આશ્રયે છે, જીવની ઇચ્છાના આશ્રયે નહિ. હવે તે વખતે તે રૂપિયાની ક્રિયાનું જ્ઞાન, કે ઈચ્છાના ભાવનું જ્ઞાન થાય છે તે જ્ઞાનપરિણામ આત્માના આશ્રયે થાય છે.-આમ દરેક પરિણામની વહેંચણી કરીને વસ્તુસ્વરૂપ જાણવું જોઇએ.

ભાઈ, તારું જ્ઞાન ને તારી ઇચ્છા, એ બંને પરિણામ આત્માના જ હોવા છતાં તેઓ પણ એકબીજાના આશ્રયે નથી તો પછી પરના આશ્રયની તો વાત જ શી? દાનની ઇચ્છા થઇ ને રૂપિયા અપાયા, ત્યાં રૂપિયા જવાની ક્રિયા હાથના આધારે પણ નથી, હાથનું હાલવું તે ઈચ્છાના આધારે નથી, ને ઇચ્છાનું પરિણમન તે જ્ઞાનના આધારે નથી. સૌ પોતપોતાના આશ્રયભૂત વસ્તુના આધારે છે.

જુઓ, આ સર્વજ્ઞના ઘરના વિજ્ઞાનપાઠ છે, આવું વસ્તુસ્વરૂપનું જ્ઞાન તે જ સાચું પદાર્થવિજ્ઞાન છે. જગતના પદાર્થોનો સ્વભાવ જ એવો છે કે તે કાયમ એકરૂપે ન રહે, પણ પરિણમન કરીને નવી નવી અવસ્થારૂપ કાર્યને કર્યા કરે. -એ વાત ચોથા બોલમાં કહેશે. જગતનાં પદાર્થોનો સ્વભાવ એવો છે કે તે કાયમ રહે તેમ જ તેમાં ક્ષણેક્ષણે નવી નવી અવસ્થારૂપ કાર્ય તેના પોતાના આશ્રયે થયા કરે. વસ્તુસ્વભાવનું આવું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે.

જીવને ઈચ્છા થઇ માટે હાથ હાલ્યો ને સો રૂપિયા દેવાયા એમ નથી. ઈચ્છાનો આધાર આત્મા છે, હાથ અને રૂપિયાનો આધાર પરમાણુ છે.

રૂપિયા જવાના હતા માટે ઇચ્છા થઇ એમ પણ નથી.

હાથનું હલનચલન તે હાથના પરમાણુના આધારે છે.

રૂપિયાનું આવવું-જવું તે રૂપિયાના પરમાણુના આધારે છે.

આ તો ભિન્ન ભિન્ન દ્રવ્યના પરિણામની ભિન્નતાની વાત થઇ; અહીં તો તેથી આઘી અંદરની વાત લેવી છે, એક જ દ્રવ્યના અનેક પરિણામો પણ એકબીજાના આશ્રયે નથી, એમ બતાવવું છે. રાગ અને જ્ઞાન બંને કાર્ય જુદા છે, એકબીજાના આશ્રયે નથી.

કોઈએ પ્રતિકૂળતા કરી કે ગાળ દીધી ને જીવને દ્વેષના પાપપરિણામ થયા, ત્યાં તે પાપના પરિણામ પ્રતિકૂળતાના કારણે થયા નથી, તેમ જ ગાળ દેનારાના આશ્રયે થયા નથી, પણ ચારિત્રગુણના આશ્રયે થયા છે, ચારિત્રગુણ તે વખતે તે પરિણામરૂપે પરિણમ્યો છે.

હવે, દ્વેષ વખતે તેનું જ્ઞાન થયું કે 'મને આ દ્વેષ થયો, ' -તે જ્ઞાનપરિણામ જ્ઞાનગુણના આશ્રયે છે, ક્રોધના આશ્રયે નથી. જ્ઞાનસ્વભાવી દ્રવ્યના આશ્રયે જ્ઞાનપરિણામ થાય છે, અન્યના આશ્રયે નહિ. એ જ રીતે સમ્યગ્દર્શનપરિણામ, સમ્યગ્જ્ઞાનપરિણામ, આનંદપરિણામ વગેરેમાં પણ સમજવું. તે જ્ઞાનાદિ પરિણામો દ્રવ્યના આશ્રયે છે, અન્યના આશ્રયે નથી, તેમજ પરસ્પર એક- બીજાના આશ્રયે પણ નથી.

ગાળના શબ્દો કે દ્વેષ વખતે તેનું જ્ઞાન થયું, તે જ્ઞાન શબ્દોના આશ્રયે નથી કે ક્રોધના આશ્રયે નથી, તેનો આધાર તો જ્ઞાનસ્વભાવી વસ્તુ છે,-માટે તેના ઉપર મીટ માંડ તો તારી પર્યાયમાં મોક્ષમાર્ગ પ્રગટે; તે મોક્ષમાર્ગરૂપી કાર્યનો કર્તા પણ તું જ છો, અન્ય કોઈ નહિ.

અહો, આ તો સીધી ને સ્પષ્ટ વાત છે. બહારનાં ભણતર ન ભણ્યો હોય તોપણ આ સમજાય તેવું છે. જરાક અંદર લક્ષમાં લેવું કે આત્મા અંતરમાં અસ્તિરૂપ વસ્તુ છે, તેમાં અનંતગુણ છે; જ્ઞાન છે, આનંદ છે, શ્રદ્ધા છે, અસ્તિત્વ છે, એમ અનંતગુણો છે. તે અનંતગુણોના ભિન્નભિન્ન જે અનંત પરિણામ સમયે સમયે થાય તે બધાનો આધાર પરિણામી એવું આત્મદ્રવ્ય છે, બીજી વસ્તુ તો તેનો આધાર નથી, પણ પોતામાં બીજા ગુણના પરિણામ પણ તેનો આધાર નથી, -જેમ કે શ્રદ્ધાપરિણામનો આધાર જ્ઞાનપરિણામ નથી

કે જ્ઞાનપરિણામનો આધાર શ્રદ્ધા નથી, બંને પરિણામનો આધાર આત્મા છે. એમ સર્વ ગુણોના પરિણામમાં સમજવું. આ રીતે પરિણામ તે પરિણામીનું જ છે, અન્યનું નહિ.

આ ૨૧૧ મા કળશમાં આચાર્યદેવે કહેલા વસ્તુસ્વરૂપના સિદ્ધાંતના ચાર બોલમાંથી આ હજી બીજા બોલનું વિવેચન ચાલે છે. પ્રથમ તો કહ્યું કે ‘परिणाम एव किल कर्म’ અને પછી કહ્યું કે ‘स भवति परिणामिन एव, न अपरस्य भवेत्’ પરિણામ તે જ કર્મ છે, અને તે પરિણામીનું જ હોય છે, અન્યનું નહિ.-આવો નિર્ણય કરીને સ્વદ્રવ્યસન્મુખ લક્ષ જતાં સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય છે.

સમ્યગ્દર્શનપરિણામ થયા તે આત્માનું કર્મ છે, તે આત્મારૂપ પરિણામીના આધારે થયા છે. પૂર્વના મંદરાગના આશ્રયે કે વર્તમાનના શુભ રાગના આશ્રયે તે સમ્યગ્દર્શનપરિણામ થયા નથી. જો કે રાગ પણ છે તો આત્માના પરિણામ, પણ શ્રદ્ધાપરિણામથી રાગપરિણામ અન્ય છે, તે શ્રદ્ધાના પરિણામ રાગના આશ્રયે નથી. કેમકે પરિણામ પરિણામીના જ આશ્રયે હોય છે, અન્યના આશ્રયે નહિ.

એ જ રીતે હવે ચારિત્રપરિણામમાંઃ- આત્મસ્વરૂપમાં સ્થિરતા તે ચારિત્રનું કાર્ય છે; તે કાર્ય શ્રદ્ધાપરિણામના આશ્રયે નથી, જ્ઞાનના આશ્રયે નથી, પણ ચારિત્રગુણધારી આત્માના આશ્રયે જ છે. દેહવગેરેના આશ્રયે ચારિત્ર નથી.

**શ્રદ્ધાના પરિણામ આત્મદ્રવ્યના આશ્રયે છે;**

**જ્ઞાનના પરિણામ આત્મદ્રવ્યના આશ્રયે છે;**

**સ્થિરતાના પરિણામ આત્મદ્રવ્યના આશ્રયે છે;**

**આનંદના પરિણામ આત્મદ્રવ્યના આશ્રયે છે.**

બસ, મોક્ષમાર્ગના બધા પરિણામ સ્વદ્રવ્યના આશ્રયે છે, બીજાના આશ્રયે નથી; તે વખતે બીજા પરિણામ ( રાગાદિ ) હોય તેના આશ્રયે પણ આ પરિણામ નથી. એક સમયમાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર વગેરે અનંતગુણના પરિણામ

તે ધર્મ, તેનો આધાર ધર્મી એટલે કે પરિણમનારી વસ્તુ છે; તે વખતે બીજા જે અનેક પરિણામ વર્તે છે તેના આધારે શ્રદ્ધા વગેરેના પરિણામ નથી. નિમિત્ત વગેરેના આધારે તો નથી પણ પોતાના બીજા પરિણામના આધારે પણ કોઈ પરિણામ નથી. એક જ દ્રવ્યમાં એક સાથે વર્તતા પરિણામમાં પણ એક પરિણામ બીજા પરિણામના આશ્રયે નથી; દ્રવ્યના જ આશ્રયે બધા પરિણામ છે, બધા પરિણામરૂપે પરિણમનારું દ્રવ્ય જ છે-એટલે દ્રવ્ય સામે જ લક્ષ જતાં સમ્યક્ પર્યાયો ખીલવા માંડે છે.

વાહ! જુઓ, આચાર્યદેવની શૈલિ થોડામાં ઘણું સમાડી દેવાની છે. ચાર બોલના આ મહા સિદ્ધાંતમાં વસ્તુસ્વરૂપના ઘણા નિયમો સમાઈ જાય છે. આ ત્રિકાળ સત્યના સર્વજ્ઞથી નિશ્ચિત થયેલા સિદ્ધાંત છે. અહો, આ પરિણામીના પરિણામની સ્વાધીનતા, સર્વજ્ઞદેવે કહેલા વસ્તુસ્વરૂપનું તત્ત્વ, સન્તોએ એનો વિસ્તાર કરીને ગજબનાં કામ કર્યા છે, પદાર્થનું પૃથક્કરણ કરીને ભેદજ્ઞાન કરાવ્યું છે. અંતરમાં આનું મંથન કરીને મેળ બેસાડે તો ખબર પડે કે અનંતા સર્વજ્ઞોએ અને સન્તોએ આવું જ વસ્તુસ્વરૂપ કહ્યું છે ને આવું જ વસ્તુનું સ્વરૂપ છે.

સર્વજ્ઞભગવંતો દિવ્યધ્વનિથી આવું તત્ત્વ કહેતા આવ્યા છે-એમ વ્યવહાર કરવામાં આવે છે. બાકી દિવ્યધ્વનિ તો પરમાણુના આશ્રયે છે.

કોઈ કહે-અરે, દિવ્યધ્વનિ પણ પરમાણુના આશ્રયે?

હા, ભાઈ! દિવ્યધ્વનિ એ પુદ્ગલપરિણામ છે, ને પુદ્ગલપરિણામનો આધાર તો પુદ્ગલદ્રવ્ય જ હોય, જીવ તેનો આધાર ન હોય. ભગવાનનો આત્મા તો પોતાના કેવળજ્ઞાનાદિનો આધાર છે. ભગવાનનો આત્મા તો કેવળજ્ઞાન-દર્શન-સુખ વગેરે નિજપરિણામરૂપે પરિણમે છે, પણ કાંઈ દેહ કે વાણીની અવસ્થારૂપે ભગવાનનો આત્મા પરિણમતો નથી, તે-રૂપે તો પુદ્ગલો જ પરિણમે છે. પરિણામ પરિણામીના હોય છે, બીજાના નહિ.

ભગવાનની સર્વજ્ઞતાના આધારે દિવ્યધ્વનિના પરિણામ થયા-એમ વસ્તુસ્વરૂપ નથી. ભાષાપરિણામ અનંત પુદ્ગલોના આશ્રયે છે, ને સર્વજ્ઞતા વગેરે

**પરિણામ જીવના આશ્રયે છે; આમ બંનેની ભિન્નતા છે, કોઇ કોઇનું કર્તા કે આધાર નથી.**

**જુઓ, આ ભગવાન આત્માની પોતાની વાત છે. નહિ સમજાય એમ ન માની લેવું, અંદર લક્ષ કરે તો સમજાય તેવું સહેલું છે. જુઓ, લક્ષમાં લ્યો કે અંદર કંઈક વસ્તુ છે કે નહિ? અને આ જે જાણવાના કે રાગાદિના ભાવ થાય છે તે ભાવનો કર્તા કોણ છે? આત્મા પોતે તેને કરે છે.-આમ આત્માને લક્ષમાં લેવામાં બીજા ભણતરની ક્યાં જરૂર છે? જગતના ઢસરડા કરીને દુઃખી થાય છે એના કરતાં આ વસ્તુ સ્વભાવને સમજે તો કલ્યાણ થાય. અરે જીવ! આવા સરસ ન્યાયથી સંતોએ વસ્તુસ્વરૂપ સમજાવ્યું છે, તે વસ્તુસ્વરૂપને તું સમજ. વસ્તુસ્વરૂપના બે બોલ થયા;**

બાકીના બે બોલ આવતા અંકમાં વાંચશોજી.

## સ્વસન્મુખ પરિણામકાળે

શુદ્ધઆત્માની પ્રાપ્તિ ક્યારે થાય?

કે સ્વસન્મુખ થઇને તેને ઉપાદેય કરે ત્યારે.

શુદ્ધઆત્મા ઉપાદેય ક્યારે થાય?

કે સ્વસન્મુખ પરિણામમાં તેને પ્રાપ્ત કરે ત્યારે.

એટલે કે, શુદ્ધાત્માની પ્રાપ્તિનો કાળ ને તેને ઉપાદેય કરવાનો કાળ એક જ છે. સ્વસન્મુખ પરિણામકાળે શુદ્ધાત્મા ઉપાદેય થાય છે ને તેની પ્રાપ્તિ થાય છે. આ રીતે સ્વસન્મુખ પરિણામમાં એ બધું સમાય છે. જે પરિણામ સ્વસન્મુખ થઈને પ્રવર્ત્યા તે પરિણામ સર્વ પર ભાવોથી નિવૃત્ત છે.

# ચૈતન્ય હીરાની સાચી કિંમત

( વીર સં. ૨૪૯૨ દીપાવલીના પ્રવચનમાંથીઃ કળશટીકા પૃ. ૧૮૮ )

નિપુણ પુરુષો શુદ્ધસ્વરૂપનો અનુભવ કયા પ્રકારે કરે છે–તેની આ વાત છે. ચેતના–વસ્તુનો નિર્વિકલ્પ અનુભવ–તે જ શોભા છે. વિકલ્પમાં કાંઇ શોભા નથી. પહેલાં તત્ત્વનિર્ણયકાળે વિકલ્પો હતા પણ અનુભવકાળે વિકલ્પો નથી. ચૈતન્યસ્વરૂપની સત્તામાં વિકલ્પનો અભાવ છે જેમ મોતીના હારની રચના મોતીવડે થાય છે, કાંઇ ગૂંથનારના વિકલ્પવડે થતી નથી; હારની શોભા મોતીવડે છે, જોનારો મોતીની ઝલક ઉપરથી હારની શોભા જુએ છે, ગૂંથનારના વિકલ્પથી કાંઇ હારની શોભા દેખતો નથી. તેમ આત્માની શોભા તેની નિર્વિકલ્પ ચેતનાવસ્તુના સ્વસંવેદન–પ્રત્યક્ષરૂપ અનુભવથી જ છે; અનેક પ્રકારના વિકલ્પોવડે કાંઇ તેની શોભા નથી.

જેમ કિંમતી હીરો રાખના ઢગલા વચ્ચે પડયો હોય તો પણ તેની કિંમત જાય નહિ, તેમ આ દેહરૂપી માંસના ઢગલા વચ્ચે ચૈતન્યહીરો મહાકિંમતી પડયો છે, વિકલ્પ હોય તેથી કાંઇ તે વિકલ્પમાં ચૈતન્યહીરાની કિંમત ચાલી ન જાય; ને તે વિકલ્પ વડે ચૈતન્યહીરાની કિંમત ટાંકી શકાય નહિ. ધર્મી તો વિકલ્પથી પાર અનંતગુણના પિંડરૂપ શુદ્ધ ચૈતન્યસત્તાને સ્વસંવેદનમાં લઇને ચૈતન્યહીરાની કિંમત ટાંકે છે. વિકલ્પ ઘણા પ્રકારના હોય પણ અનુભવ કાંઇ ઘણા પ્રકારનો નથી, અનુભવમાં તો શુદ્ધ ચૈતન્યવસ્તુનો એક જ પ્રકાર છે.

જેમ હીરો ગમે તે સંયોગ વચ્ચે પડયો હોય પણ ઝવેરી તેની કિંમત પારખીને, સંયોગથી જાુદો હીરો ઉઠાવી લે છે. મેલા સંયોગ વચ્ચે હોય તેથી હીરાની કિંમત ઓછી થઈ જાય નહિ. ૧૯૮૬ સંવતમાં વિહાર વખતે ઢસા ગામના ઉપાશ્રયમાં ગુરુદેવ ઊતરેલા, ત્યાંના એક પડતર કબાટમાં માત્ર એક પુસ્તક પડયું હતું, જાુનું હિંદી પુસ્તક હાથમાં લઈને જ્યાં વાંચ્યું ત્યાં ગુરુદેવને થયું કે અરે, આવું પુસ્તક અહીં ક્યાંથી?–એ પુસ્તક હતું–मोक्षमार्ग प्रकाशक! કબાટમાં એકલું પડયું પડયું કોઈ ઝવેરીની રાહ જોતું હતું. ગુરુદેવે જોયું ને પ્રમોદ થયો. તેમના ભાવ દેખીને સંઘના આગેવાને કહ્યું–મહારાજ! 'અમારે એ કામનું નથી, ' આપ લઇ જાઓ, આપના ઉપયોગનું છે. ત્યારથી એ મોક્ષમાર્ગ પ્રકાશક ગુરુદેવ પાસે છે. જે આજે પણ સભામાં બતાવ્યું. આ તો શાસ્ત્રની વાત થઈ; તેમ અંતરનો મોક્ષામાર્ગ આત્મામાં છે, તે આત્માનાં મૂલ્ય સ્વાનુભવ વડે ધર્માત્મા પારખી લ્યે છે. સ્વાનુભવ વડે આત્માની શોભા છે. ચૈતન્યહીરો પોતાના સ્વાનુભવથી ઝળકે છે.

# વિવિધ વચનામૃત

[ આત્મધર્મનો ચાલુ વિભાગઃ લેખાંક ૧૪ ]

## ( ૨૦૧ ) શાસનપ્રભાવનાની ગુરુદેવની ભાવના અને સૌરાષ્ટ્ર પર વિશિષ્ટ ઉપકાર

એકવાર સત્ય વસ્તુસ્વરૂપની સુંદર તત્ત્વચર્ચા નીકળતાં ગુરુદેવે કહ્યુંઃ અરે, આમાં વિરોધ કરવા જેવું છે જ ક્યાં? વિરોધ વિચારવાળા પણ આ સમજે તો સારું. આગ્રહ મુકી મધ્યસ્થ થઇ થોડા દિવસ સાંભળે, તો વસ્તુસ્વરૂપ સીધુંસટ બેસી જાય તેવું છે. પણ એવો પ્રસંગ ક્યારે આવે!! અરે, આવા સત્‌ને સમજ્યા વગર વિરોધ કરે છે, પણ ભાઈ! એક તો શાસનપ્રભાવનામાં વિઘ્ન થાય છે ને વળી ઊંધા અભિપ્રાયના સેવનથી તારા આત્માને બહુ દુઃખ થાય છે. કોઇને દુઃખ થાય એમ તો કોણ ઈચ્છે! પણ ભાઈ, આવા સત્યના વિરોધથી આત્મા બહુ દુઃખી થાય છે! માટે મધ્યસ્થ થઇને સત્યને સમજ.–આમ ઘણી કરુણાપૂર્વક ગુરુદેવને શાસનપ્રભાવનાના ભાવો ઉલ્લસતા હતા, સત્ય વસ્તુસ્વરૂપની જગતમાં પ્રસિદ્ધિ થાય એવી ભાવના ઘૂંટાતી હતી. ગુરુદેવ ઘણીવાર કહે છે કે સૌરાષ્ટ્રના જીવો ભાગ્યશાળી છે કે આવું પરમ સત્ય રોજ રોજ સાંભળવા મળે છે. ખરેખર! સૌરાષ્ટ્ર પર ગુરુદેવનો વિશિષ્ટ ઉપકાર છે.

## ( ૨૦૨ ) જ્ઞાનની પ્રસિદ્ધિ

‘આ શરીર છે’ એમ પરને જાણનારો પોતે જ્ઞાનપણે પ્રસિદ્ધ થાય છે, જાણનારો પોતે પોતાની પ્રસિદ્ધિ કરે છે કે ‘જાણનાર હું છું. ’ આ રીતે જ્ઞાન પોતાનું તેમજ પરનું પણ અસ્તિત્વ પ્રસિદ્ધ કરે છે. મારી સત્તામાં જ્ઞાન થાય છે–એમ જ્ઞાન સ્વસત્તાની પ્રસિદ્ધિ કરે છે. ‘જગતમાં સિદ્ધ ભગવાન છે’ –એમ સિદ્ધને જાણનારું જ્ઞાન પોતાને તેમજ સિદ્ધને પ્રસિદ્ધ કરે છે.

## ( ૨૦૩ ) સૌથી મોટું કોણ?

એવડું મોટું કોણ છે–કે જેની પાસે આકાશ પણ નાનું લાગે છે? તે દર્શાવતાં ગુરુદેવ કહે છે કે–આત્માનો જ્ઞાનસ્વભાવ એવો મહાન છે કે આકાશ તો તેની પાસે સાવ નાનું–પરમાણુ તૂલ્ય લાગે છે. અનંત આકાશ પણ જ્ઞાનની ગંભીર તાકાતમાં જ્ઞેયપણે ક્યાંય સમાઇ જાય છે. જ્ઞાન છે તે ગંભીર–

સ્વભાવી મહાન તાકાતવાળું છે, જેની તાકાતનું માપ અન્ય કોઇ પદાર્થ સાથે સરખાવી શકાતું નથી. અહો, જ્ઞાનસામર્થ્યની મોટાઇનો મહિમા !

**( ૨૦૪ ) વૈરાગીને બંધન થતું નથી**

ધર્માત્માને અંતર્દ્રષ્ટિમાં સ્વભાવનો રંગ લાગ્યો છે ને રાગનો કે બાહ્યવિષયોનો રંગ ઊડી ગયો છે. ત્રણકાળમાં બાહ્ય વસ્તુ મારામાં છે જ નહિ, ને પરભાવ પણ મારા સ્વભાવમાં કદી પ્રવેશ્યા નથી, જ્ઞાન ને આનંદ જ મારું સ્વરૂપ છે–આવા શુદ્ધ ભાવરૂપ ભેદજ્ઞાનનું પરિણમન ધર્મીને થયું છે તેથી તે સહજ વૈરાગી છે. ને વૈરાગીને બંધન થતું નથી–એ નિયમ છે, માટે ધર્માત્માને બંધન થતું નથી.

**( ૨૦૫ ) મનુષ્યપણું અને આત્મા**

આ મનુષ્યપણું પામીને તું આત્માનું હિત કરી લે, –કેમ કે મનુષ્યપણું દુર્લભ છે –એમ વૈરાગ્યના ઉપદેશમાં કહેવાય; પણ જ્યારે શુદ્ધ આત્માનું સ્વરૂપ દર્શાવવું હોય ત્યારે તો કહે છે કે મનુષ્યપણું તે આત્મા નથી, ઉપયોગપણું તે જ આત્મા છે. મનુષ્યપણું દુર્લભ છે તે વાત સાચી પણ તેથી કાંઈ તે આત્માનું સ્વરૂપ નથી. 'હું મનુષ્ય છું' એમ મનુષ્યપણાના ભાવમાં ઊભા રહીને કાંઇ આત્મા નથી સધાતો, પણ 'ઉપયોગ જ હું છું.' એમ ઉપયોગસ્વરૂપમાં આવીને આત્મા સધાય છે; –ઉપયોગસ્વરૂપે આત્માને અનુભવે તો જ તે સધાય છે એટલે કે સમ્યગ્દર્શન– જ્ઞાન–ચારિત્ર થાય છે. ને એવી શુદ્ધપરિણતિને જ સાચો આત્મવ્યવહાર કહ્યો છે.

**( ૨૦૬ ) ભૂલ અને તેનો ભાંગનાર**

ભૂલ–જે કરે તે તોડે. ભૂલ કરવામાં પણ જે પોતાની સ્વતંત્રતા ન માને તે ભૂલને ભાંગવામાં પોતાની સ્વતંત્રતા ક્યાંથી લાવશે ? ભૂલ મને બીજો કરાવે ને બીજો મારી ભૂલ મટાડે–એમ માનનાર ભૂલને પોતાની જાણતો નથી તો તેને ટાળશે ક્યાંથી ? ભાઈ, ભૂલ વગરનો તારો સ્વભાવ, ને પર્યાયમાં તારી ભૂલ, એ બંનેને સ્વતંત્ર જાણ તો સ્વભાવની સન્મુખતા વડે તું ભૂલ ટાળીને ભગવાન થઇશ. પોતાની ભૂલ બીજા ઉપર ઢોળવી તે તો અન્યાય છે.

**( ૨૦૭ ) જૈન વિજ્ઞાન**

કોઇ પણ પ્રકારના પ્રયોગ વડે નવા જીવની કે નવા પરમાણુની ઉત્પત્તિ કદી થઇ શકે નહિ. પણ પહેલાં જે જીવ કે પરમાણુ વિદ્યમાન છે તે જ રૂપાંતર થઇને નવી અવસ્થાપણે ઉપજતા દેખાય છે.

એ જ રીતે, વિદ્યમાન મૂળ વસ્તુનો કદી પણ સર્વથા નાશ થતો નથી, માત્ર નવી નવી અવસ્થાપણે તેનું રૂપાંતર થયા કરે છે. જીવ ત્રણેકાળ જીવ રહે છે, પરમાણુ ત્રણેકાળ પરમાણુ રહે છે.

## ( ૨૦૮ ) ઇષ્ટનું ધ્યાન

જેને જે ઇષ્ટ હોય તેને તે ધ્યાવે છે. ધર્મીને ઇષ્ટ પોતાનો શુદ્ધ સ્વભાવ છે; રાગ હોય પણ તેને તે ઇષ્ટ માનતા નથી. અજ્ઞાની રાગના આશ્રયે લાભ માનતો હોવાથી તે રાગને ઇષ્ટ માને છે, એટલે તેને જ તે ધ્યાવે છે, રાગથી પાર શુદ્ધાત્માનું ધ્યાન તેને હોતું નથી. શુદ્ધાત્માના ધ્યાન વગર સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ શુદ્ધ પરિણમન થાય નહિ. માટે હે જીવ ! તારું ઇષ્ટ શું છે તેને લક્ષમાં લઇને ધ્યાવ.

## ( ૨૦૯ ) જેવું ધ્યાન તેવું પરિણમન

આત્મા પરમાત્મસ્વરૂપ છે, તેને ઓળખીને તે પરમાત્મસ્વરૂપના ધ્યાન વડે આત્મા પરમાત્મા થાય છે. જેવા સ્વરૂપે આત્માને ધ્યાવે તેવી પર્યાય પ્રગટે છે. ‘હું અશુદ્ધ છું, રાગનો કર્તા છું’ એમ અશુદ્ધપણે જ આત્માને જે ધ્યાવે છે તેને અશુદ્ધપરિણતિ થાય છે. અને શુદ્ધ સ્વભાવ તથા વિકારનું ભેદજ્ઞાન કરીને જે શુદ્ધ સ્વભાવને ધ્યાવે છે તેને શુદ્ધતા થાય છે. સ્વભાવને ધ્યાવતાં સ્વસમયરુપ એટલે કે મોક્ષમાર્ગરૂપ પરિણમન થાય છે; વિકારને કે પરને ધ્યાવતાં પર સમયરુપ પરિણમન થાય છે. પર્યાયમાં વિકાર પરિણમન હોવા છતાં, સ્વભાવની દ્રષ્ટિથી જોતાં આત્મા વિકારરૂપે પરિણમ્યો નથી, શુદ્ધ છે. એવા શુદ્ધાત્માની ઉપાસના તે મોક્ષમાર્ગ છે. અંતર્મુખ થઇને તેનું ધ્યાન કરવું તે જ તેની ઉપાસનાની રીત છે.

## ( ૨૧૦ ) સુખ......દુઃખ

* પરને જાણતાં પર સાથે તન્મયપણું માનતાં, તન્મયપણું થયા વગર આત્મા દુઃખી થાય છે.
* સ્વને જાણતાં સ્વ સાથે તન્મય થઇને આત્મા પોતાના અતીન્દ્રિય સુખનું વેદન કરે છે.
* મહામુનિવરો ને ધર્માત્માઓ સમાધિમાં ઉપયોગને સ્વમાં જોડીને પરમ આનન્દને એકરસપણે અનુભવે છે.
* જ્ઞાનને દુઃખ સાથે તન્મયપણું નથી, જ્ઞાનને સુખ સાથે તન્મયપણું છે. અજ્ઞાનીને દુઃખ અને વિકાર સાથે તન્મયપણું છે, પર સાથે તન્મયપણું કોઇને નથી.

# ચૈતન્યના ભોગવટારૂપ જ્ઞાનચેતના

## [ શુદ્ધચેતનાવડે શુદ્ધચૈતન્યનો સ્વાદ વેદે તે સમકિતી ]

### [ કલશટીકા-પ્રવચનોઃ રાજકોટ ]

જીવે પોતાના ચૈતન્યસ્વભાવની મહત્તા જાણી નથી ને પરપ્રત્યે સાચી ઉદાસીનતા કદી કરી નથી, તેથી ચોરાશીના અવતારમાં રખડતો–રઝડતો જ્યાં ત્યાં પરિભ્રમણ કરે છે. જેમ વંટોળિયામાં તણખલું ઊડે તેમ અજ્ઞાનરૂપી વંટોળિયાથી આત્મા તણખલાંની જેમ ચાર ગતિમાં ઊડે છે. ભાઈ, તારો ચિદાનંદઆત્મા અનંતગુણનું ધામ છે, તેને ભૂલીને જડ દેહની સુંદરતામાં તું મૂર્છાણો–એ મોટો ભ્રમ છે. શરીરની સુંદરતાથી જાણે હું સુંદર, શરીરની શોભાથી જાણે મારી શોભા, અરે, પુણ્ય વડે મારી શોભા–એમ માનીને તું તારી ચૈતન્ય શોભાને ભૂલી રહ્યો છે! જેનો મહિમા કરે તેના તરફથી પાછો કેમ વળે? ને અંતરમાં ચૈતન્ય તરફ ક્યારે આવે?

તારો આત્મા તો આનંદનો માવો છે. માંસાહારના તીવ્ર પાપમાં ડુબેલા જીવો કહે છે કે માછલી એ દરિયાનો માવો છે; અરે ભાઈ! એને એના દેહની મમતાથી કેટલો ત્રાસ થાય છે તે તો જરા જો! નિર્દોષ આનંદનો માવો તો તારા ચૈતન્યસમુદ્રમાં છે; જેના સ્વાદમાં કોઈ આકુળતા નથી, જેનામાં વિકલ્પનો પ્રવેશ નથી. આવા જ્ઞાનમાવાના રસનો રસિલો એકવાર થા. તારા આત્માને આ સંસારમાં બીજું કાંઇ શરણ નથી. તીવ્ર પાપભાવથી જેઓ જીવોની હિંસા કરી રહ્યા છે, કે માછલી–ઈંડા વગેરે પંચેન્દ્રિયજીવોનું ભક્ષણ કરે છે તેઓ તો નરકમાં જવા માટે દોટ મુકી રહ્યા છે. નરકમાં કોઇ દુઃખોનો પાર નથી, ઓછામાં ઓછા દશ હજારથી માંડીને અસંખ્ય વર્ષો સુધી ભયંકર દુઃખો જીવ નરકમાં ભોગવે છે. આવા દુઃખોથી છૂટવા હે જીવ! તું નિર્દોષ જ્ઞાનસ્વભાવનો રસિયો થઇને તેનો સ્વાદ લે.

આત્માનું લક્ષણ ચેતના છે. જ્ઞાનમાં જ્ઞાનનું વેદન થાય એનું નામ 'જ્ઞાનચેતના' છે, તે જ મોક્ષના કારણરૂપ ભાવ છે; આ જ્ઞાનચેતના તે શુદ્ધચેતના છે; ને શુભાશુભ વિકલ્પ કરવામાં કે ભોગવવામાં રોકાયેલું જ્ઞાન તે અશુદ્ધચેતના છે, તેને કર્મચેતના અથવા કર્મફલચેતના કહે છે, તે સંસારનું કારણ છે. જ્ઞાનચેતનામાં ચૈતન્યની શાંતિ ને અતીન્દ્રિય સુખ છે; ને કર્મચેતના તથા કર્મફળચેતના એ બંને અશુદ્ધચેતનામાં

દુઃખ છે, આકુળતા છે. પરદ્રવ્ય–સન્મુખની જેટલી વૃત્તિ ઊઠે તે બધી અશુદ્ધચેતના છે. શુદ્ધચેતના તો સ્વદ્રવ્ય–સન્મુખ થઈને શુદ્ધઆત્માને સંચેતે છે ને તેના આનંદને અનુભવે છે. આવી શુદ્ધચેતના વગર સમ્યગ્દર્શન પ્રગટે નહિ.

અનુકૂળ સંયોગમાં હર્ષ કરીને, તથા પ્રતિકૂળ પ્રસંગમાં ખેદ કરીને તેના વેદનમાં અટકી જાય તે અશુદ્ધ કર્મફળચેતના છે. ચૈતન્યતત્ત્વ રાગથી જુદું છે–એના વેદન વગર સાચું વૈરાગીપણું આવે નહિ. વૈરાગની રીત પણ ભગવાનના માર્ગમાં જાુદી જાતની છે. ચૈતન્યસ્વરૂપની સન્મુખ થઇને તેના વેદન વગર પર પ્રત્યે સાચો વૈરાગ્ય આવે નહિ. રાગના વેદનમાં જે અટકે તેને વૈરાગી કોણ કહે? ધર્મીનો વૈરાગ્ય તો એવો છે કે જેમાં સ્વભાવનો ભોગવટો હોય, રાગનો ભોગવટો જેમાં છૂટી ગયો હોય. ચૈતન્યનો ઉત્સાહ ચૂકીને રાગનો ઉત્સાહ ધર્મીને આવે નહિ. રાગથી પાર ચૈતન્યનો સ્વાદ એણે ચાખ્યો છે, એટલે જગતના બધા સ્વાદ તેને ફિક્કા–નીરસ લાગે છે.

* પરના સ્વાદને તો કોઇ જીવ ભોગવતો નથી.

* અજ્ઞાની આત્માના શુદ્ધ સ્વાદને ભૂલીને વિકારના અશુદ્ધ સ્વાદને જ ભોગવે છે; પરને ભોગવવાનું ભ્રમથી માને છે.

* જ્ઞાની પરથી ભિન્ન ને રાગથી પાર ચૈતન્યના પરમ આનંદસ્વાદને અનુભવે છે.

સમકિતીને વસ્તુનો અનુભવ કેવો છે?–

**વસ્તુ વિચારત ધ્યાવતેં મન પામે વિશ્રામ;**
**રસસ્વાદત સુખ ઊપજે, અનુભવ યાકો નામ.**

આવો અનુભવ ગૃહસ્થ–સમકિતીનેય હોય છે, નરકમાં પણ સમકિતીને આવો અનુભવ હોય છે. આવો અનુભવ તે મૂળમાર્ગ છે. પણ આવા મૂળમાર્ગની પ્રાપ્તિ માટે અંતરમાં ઘણી પાત્રતા, ઘણો સત્સમાગમ જોઇએ. શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે–

**તે જિજ્ઞાસુ જીવને, થાયે સદ્ગુરુબોધ,**
**તો પામે સમકિત તે વર્તે અંતર શોધ.**

સત્સમાગમે સાચા માર્ગનું શ્રવણ–મનન કરીને, પોતે અંતરશોધમાં વર્તે તો આવો અનુભવ થાય ને તે જીવ સમકિત પામે.



આત્મધર્મની સહેલી લેખમાળા:
લેખ નં. ૩૩, અંક ૨૧૮ થી ચાલુ

# પરમ શાંતિદાતારી અધ્યાત્મભાવના

**ભગવાનશ્રી પૂજ્યપાદ સ્વામીરચિત ‘સમાધિશતક’ ઉપર પૂ. ગુરુદેવનાં અધ્યાત્મભાવનાભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનોનો સાર**

‘આત્મધર્મ’ ના ઘણા જિજ્ઞાસુ વાંચકો તરફથી સહેલા લેખોની માગણી થતાં, અંક (૧૫૮) શ્રી આ લેખમાળા શરૂ કરવામાં આવી છે. આ પ્રવચનો અધ્યાત્મરસથી ભરપૂર હોવા છતાં સરળ અને સહેલાઈથી સમજી શકાય તેવાં છે. આથી સૌને આ લેખમાળા વિશેષ પસંદ પડી છે. વચ્ચે બંધ રહેલી આ લેખમાળા આ અંકથી ચાલુ થાય છે.

આ ‘સમાધિશતક’ ના રચનાર શ્રી પૂજ્યપાદસ્વામી લગભગ ૧૪૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલા મહાન દિગંબર સંત છે; તેમનું બીજું નામ ‘દેવનંદી’ હતું. તેઓ વિદેહક્ષેત્રે સીમંધર ભગવાન પાસે ગયા હતા એવો પણ શિલાલેખોમાં ઉલ્લેખ છે. તેમણે તત્ત્વાર્થસૂત્રની ‘સર્વાર્થસિદ્ધિ’ જેવી મહાન ટીકા, તથા જૈનેન્દ્ર વ્યાકરણ વગેરે મહાન ગ્રંથો રચ્યા છે. તેમની અગાધબુદ્ધિને લીધે યોગીઓએ તેમને ‘જિનેન્દ્રબુદ્ધિ’ કહ્યા છે. -આવા મહાન આચાર્યના રચેલા સમાધિશતક ઉપરનાં આ પ્રવચનો છે. (દિલ્હીમાં, રાષ્ટ્રપતિ ભવનના ધાર્મિક વિભાગમાં આ શાસ્ત્રની કેટલીક ગાથા દીવાલ પર લખેલી છે.) -બ્ર. હ. જૈન

[વીર સં. ૨૪૮૨, અષાઢ વદ બીજ: સમાધિશતક ગા. ૬૧]

ચૈતન્યસ્વરૂપ આત્મામાં જ પ્રીતિ–અનુરાગ કરવા યોગ્ય છે, ને પર દ્રવ્યો પ્રત્યે ઉપેક્ષા કરવા યોગ્ય છે; પણ જેને આવું ભાન નથી તે જીવ મૂઢબુદ્ધિથી પર દ્રવ્યમાં રાગ–દ્વેષ

કરે છે. પ્રીતિ કરવા યોગ્ય જે ચૈતન્યસ્વરૂપ તેને ન જાણ્યું એટલે દેહાદિમાં પ્રીતિ વર્તે છે, અને દેહાદિની ઉપેક્ષા કરવાને બદલે તેને ઊંડે ઊંડે દ્વેષબુદ્ધિ થઇ જાય છે. ચૈતન્યના આનંદરૂપ સમાધિ નથી ત્યાં ઊંડે ઊંડે અસમાધિનો ભાવ વર્તે છે એટલે 'શરીરને સૂકવી નાંખું કે શરીરનો નિગ્રહ કરું' એવી દ્વેષબુદ્ધિ તેને થાય છે; એને ત્યાગમાં શાંતિ નથી પણ દ્વેષ છે. આ જડ શરીર તો મારા જ્ઞાનાનંદસ્વરૂપથી અત્યંત ભિન્ન છે એમ જે નથી જાણતો તે અજ્ઞાનીને શરીરમાં જ અનુગ્રહ અને નિગ્રહની બુદ્ધિ થાય છે, તે વાત કરે છે–

न जानन्ति शरीराणि सुखदु:खान्यबुद्धयः।
निग्रहानिग्रहधियं तथाप्यत्रैव कुर्वते।। ६१।।

આ શરીર તો જડ છે, તે કાંઈ સુખ–દુઃખને જાણતું નથી. તેમજ તે શરીરમાં કાંઇ સુખ–દુઃખ થતું નથી છતાં મૂઢ જીવ તે શરીરમાં જ હેય–ઉપાદેયબુદ્ધિ કરીને તેમાં દ્વેષ અને પ્રીતિ કરે છે. મિથ્યાદ્રષ્ટિજીવ ઘરબાર છોડીને જંગલમાં જઈને રહે, ને શુભભાવથી સ્વર્ગમાં જાય, ત્યારે પણ ચૈતન્યની શાંતિ વગર શરીર ઉપર દ્વેષની બુદ્ધિથી જ તેનો ત્યાગ છે. 'શરીર દ્વારા ધર્મનું સાધન કરવા માટે તેને આહારાદિ આપું, અથવા ઉપવાસાદિ વડે શરીરનો નિગ્રહ કરું' –એવી જેની બુદ્ધિ છે તેને અનંતાનુબંધી રાગ–દ્વેષ પડયા જ છે, ચૈતન્યના અમૃતનું વેદન તેને નથી એટલે તેને સમાધિ નથી પણ અસમાધિ જ છે. શરીરને જ સુખનું સાધન માન્યું ત્યાં તેને પોષવાની રાગબુદ્ધિ છે, અને શરીરને દુઃખનું સાધન માન્યું ત્યાં તેના ઉપર દ્વેષબુદ્ધિ છે, એટલે તે શરીર પ્રત્યેની ચિંતાથી નિરંતર અસમાધિ જ વેદે છે. પણ હું તો દેહથી ભિન્ન જ્ઞાનદર્શનસ્વરૂપ છું, દેહમાં મારું સુખદુઃખ છે જ નહિ–એમ જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરતો નથી, બધાય પરદ્રવ્યોથી આત્માને ભિન્ન જાણીને સર્વ પરદ્રવ્યથી ઉપેક્ષિત થઈને જ્ઞાનાનંદસ્વરૂપમાં પ્રીતિ કરવી તે જ સમાધિનો ઉપાય છે. ધર્મીને ચૈતન્યસ્વરૂપમાં જ પ્રીતિ છે, પોતાના ચૈતન્યસ્વરૂપ સિવાય દેહાદિ પ્રત્યે તેને ઉપેક્ષા જ છે; જ્ઞાનસ્વરૂપ આત્મા શાંતિનો ને આનંદનો સાગર છે–તેમાં વળતાં દેહાદિ પ્રત્યે સહેજે ઉપેક્ષા વર્તે છે; ધર્મીને આત્મભાવે પર પ્રત્યે ઉપેક્ષા વર્તે છે. અજ્ઞાનીને આત્મભાવની તો ખબર નથી ને પરને છોડવા જાય છે–તેથી તેમાં તેને દ્વેષબુદ્ધિ જ પડી છે. જ્યાં આત્માની શાંતિ નથી ત્યાં કોઇ ને કોઇ પ્રકારે બળતરા (સંયોગની અભિલાષા) પડી જ છે. ચિદાનંદસ્વરૂપ આત્મદ્રવ્યમાં પરિણતિની એકાગ્રતા વગર દેહાદિ પ્રત્યે સાચી ઉપેક્ષા થતી નથી. ચૈતન્યના આનંદમાં એકાગ્ર થતાં રાગ–દ્વેષ થતા જ નથી. ત્યાં ધર્મીને દેહાદિ પ્રત્યે ઇષ્ટ–અનીષ્ટબુદ્ધિ થતી નથી, એટલે અનાકુળ શાંતિરૂપ સમાધિ જ રહે છે.

ચૈતન્યના અતીન્દ્રિય આનંદ પાસે ધર્માત્માને જગતના સમસ્ત બાહ્ય વિષયોનું

કૌતૂક છૂટી ગયું છે, બહારમાં ક્યાંય સુખ સ્વપ્નેય ભાસતું નથી. અમૃતનું આખું ઝાડ, અમૃતની આખી નાળિયેરી, અથવા આનંદનું કલ્પવૃક્ષ પોતામાં જ સાક્ષાત્ દેખ્યું છે ને એનો સ્વાદ ચાખ્યો છે ત્યાં રાગની કે રાગના ફળની મીઠાશ કેમ લાગે? અજ્ઞાની રાગમાં ને સંયોગમાં ક્યાંક ને ક્યાંક મોહાયો છે; જો ક્યાંક ન અટકયો હોય તો ચૈતન્યના વીતરાગી આનંદનું વેદન કેમ ન થાય? જ્ઞાની તો સ્વતત્ત્વમાં જ સંતુષ્ઠ છે. તેને જ સાચો ત્યાગ ને સાચી સમાધિ થાય છે. જુઓ, આવા આત્મતત્ત્વને જાણીને, અંતર્મુખ તેની ભાવના કરવી તે જ પરમ શાંતિની દાતાર છે. એ સિવાય બીજે ક્યાંયથી જીવને શાંતિ મળે તેમ નથી. અંતરતત્ત્વનો પોતાનો મહિમા જાણ્યા વગર બાહ્ય તત્ત્વો પ્રત્યે સાચી ઉદાસીનતા કે સાચો વૈરાગ્ય થાય નહિ, એટલે તેનો ત્યાગ પણ સાચો હોય નહિ, ને તેને આત્માની શાન્તિ પ્રગટે નહિ.

જ્ઞાની ધર્માત્મા ગૃહસ્થપણામાંય હોય, શરીરના સંસ્કાર કરતા હોય એવું દેખાય, પણ ખરેખર એણે દેહથી પોતાને અત્યંત ભિન્ન જાણ્યો છે. દેહ હું છું જ નહિ, હું તો ચૈતન્ય છું. જેમ થાંભલો આત્માથી જુદો છે તેમ દેહ આત્માથી જુદો છે–એવી સ્પષ્ટ ભિન્નતા ધર્માત્માએ જાણી છે; દેહથી તે પોતાને જરાપણ સુખ–દુઃખ માનતા નથી, ને દેહ પોતે તો અચેતન છે, તેને તો સુખ–દુઃખની કાંઇ ખબર નથી. આ રીતે શરીર પોતાને સુખ–દુઃખનું કારણ નથી; તેથી શરીર પર ઉપકાર કરવાની કે શરીરને કલેશ દેવાની બુદ્ધિ જ્ઞાનીને નથી, જ્ઞાનીને તો તેનાથી ઉપેક્ષાબુદ્ધિ છે; જે મારું છે જ નહિ, તેનો અનુગ્રહ શો? ને નિગ્રહ શો? અનુગ્રહ એટલે શરીરની સેવા કરવી, તેને સાચવવું, શરીર સરખું હશે તો ધર્મ થશે–એવા ભાવથી તેને સંભાળવું; અને નિગ્રહ એટલે શરીરનું દમન કરવું, દેહદમન કરશું તો ધર્મ થશે–એવી બુદ્ધિથી શરીરના કષ્ટ સહન કરવા; –એ પ્રકારે દેહ ઉપર અનુગ્રહ ને નિગ્રહની બુદ્ધિ કોણ કરે છે? –કે અજ્ઞાની જ એવી બુદ્ધિ કરે છે, કેમકે તેને શરીરમાં એકતાબુદ્ધિ છે; જ્ઞાનીએ તો આત્માને દેહથી સર્વથા ભિન્ન જાણીને દેહ પ્રત્યે ઉપેક્ષા બુદ્ધિ કરી છે, શરીરના લાભ–નુકશાનથી આત્માના લાભ–નુકશાનની બુદ્ધિ ધર્મીને છે જ નહિ. શરીરના લાભ–નુકશાનથી પોતાને લાભ–નુકશાન માને એને શરીર પ્રત્યે સાચો વૈરાગ્ય હોય જ નહિ; એટલે એના ત્યાગને પણ દ્વેષગર્ભિત ત્યાગ કહ્યો છે. જ્ઞાનીને, જ્ઞાતાસ્વભાવી સ્વતત્ત્વ તરફ વળતાં આખા જગત પ્રત્યે ને શરીર પ્રત્યે સાચી ઉપેક્ષાબુદ્ધિ થઇ ગઇ છે, જ્યાં સુધી સ્વ–પર તત્ત્વનું ભેદજ્ઞાન નથી ત્યાં સુધી જ સંસાર છે, ને ભેદજ્ઞાન થતાં સંસારની નિવૃત્તિ થાય છે–એમ હવેની ગાથામાં કહેશે.

# એક ક્ષણમાં આત્માને જાણવાની ઊંડી જિજ્ઞાસા અને તેની રીત

**એક ક્ષણમાં મોહ તૂટે ને આત્મસ્વરૂપ પ્રકાશિત થાય-એવા પ્રયોજનભૂત જ્ઞાનનો ઉપદેશ શિષ્ય જિજ્ઞાસાપૂર્વક માંગે છે; તેને પ્રયોજનભૂત એવા શુદ્ધ આત્મતત્ત્વનો ઉપદેશ આપતાં કહે છે કે હે વત્સ! જ્ઞાન સાથે તારા આત્માને તું એકમેક જાણ ને અન્ય સમસ્ત ભાવોથી ભિન્ન જાણ. આ રીતે રાગ વગરના સ્વસંવેદનજ્ઞાનથી તારો આત્મા તને તરત જ જણાશે.**

**[ પરમાત્મપ્રકાશ, ગા. ૧૦૪ થી ૧૦૭ ]**

પ્રભાકર ભટ્ટ એટલે કે આત્માનો જિજ્ઞાસુ શિષ્ય. તીવ્ર જિજ્ઞાસાથી વિનયથી પૂછે છે કે હે સ્વામી! જે જ્ઞાનવડે એક ક્ષણમાં આત્માનું જ્ઞાન થાય ને આત્માનો અનુભવ થાય–એવા જ્ઞાનનો ઉપદેશ આપો. શરીરવડે–ઇન્દ્રિયોવડે કે રાગવડે આત્મા જણાશે એમ તો માનતો નથી, આત્મા પોતાના જ્ઞાનવડે જ જણાય એમ લક્ષમાં લઇને પૂછે છે કે હે સ્વામી! બીજા શુભાશુભ વિકલ્પોથી મારે શું પ્રયોજન છે? મને તો એવું જ્ઞાન જ બતાવો કે જે જ્ઞાન વડે તુરત જ આત્મપ્રાપ્તિ થાય. આત્મા જે રીતે જણાય તેનું જ મારે પ્રયોજન છે બીજું કોઇ પ્રયોજન નથી. –આવી પાત્રતા પ્રગટ કરીને શિષ્ય પૂછે છે.

આત્માને જાણવા માટે કાંઇ રાગનું અવલંબન બતાવો–એમ નથી કહેતો, પણ જે રાગ વગરના જ્ઞાનથી આત્માનું સ્વસંવેદન થાય તે જ્ઞાન કેમ પ્રગટે–તેમ મને બતાવો....તુરત જ તે જ્ઞાન પ્રગટે એવું મને બતાવો. મારે પરલક્ષનું પ્રયોજન નથી, મારે તો જે જ્ઞાનથી મારા આત્માનું વીતરાગી સ્વસંવેદન પ્રગટે ને આનંદનો અનુભવ થાય–એવું જ્ઞાન કરવું છે. હું મારા આત્માને જાણું–તે જ મારે પ્રયોજન છે. શુદ્ધ–બુદ્ધ–એક સ્વભાવી આત્મા છે તેનું જ્ઞાન કરું કે જેથી મારે ભવભ્રમણનો અંત આવે. જુઓ, સંસારસંબંધી કાંઇ પ્રયોજન જેના મનમાં નથી, માન–પ્રતિષ્ઠાની કે બહારના જાણપણાની અભિલાષા જેને નથી, એક જ જિજ્ઞાસા છે કે મને મારો આત્મા જણાય –એ વાત શીખવો; એવું જ્ઞાન મને પ્રકાશિત કરો કે જે જ્ઞાનપ્રકાશથી મારો શુદ્ધબુદ્ધ આત્મા જણાય, એક ક્ષણમાં તુરત જ જણાય–એવું ઉત્તમ જ્ઞાન મને આપો, એ સિવાય બીજા કોઇ વિકલ્પોથી મારે શું કામ છે? કેમકે એનાથી કાંઇ આત્મા જણાતો નથી.

જાુઓ, આટલી તો ભૂમિકા શુદ્ધ કરીને આત્માને જાણવાનો પ્રશ્ન કર્યો છે. સમજનાર

શિષ્યને કેવી ધગશ હોય તે બતાવ્યું છે. "કામ એક આત્માર્થનું, બીજો નહિ મન રોગ." જે સ્વસંવેદન–પર્યાયમાં આત્મા જણાય તે સ્વસંવેદન કેમ પ્રગટે! એવી શિષ્યની અભિલાષા છે. 'એક ક્ષણમાં આત્મા પ્રગટે' એમ કહેવામાં જિજ્ઞાસાની તીવ્રતા બતાવી છે. જેમાં શુદ્ધ આત્માનું સ્વસંવેદન થાય તે જ્ઞાન જ ઉપાદેય છે, ને એવા જ્ઞાનની પ્રાર્થના શિષ્યે કરી.

હવે શ્રીગુરુ તેને એવા જ્ઞાનનું સ્વરૂપ પ્રકાશે છે–હે શિષ્ય! હે વત્સ! આત્મા અસંખ્યપ્રદેશી વસ્તુ છે, તે અસંખ્યપ્રદેશે જ્ઞાન–સુખ વગેરેથી ભરેલો છે, આ દેહ પ્રમાણ ક્ષેત્રમાં અસંખ્યપ્રદેશી આત્મા શુદ્ધબુદ્ધજ્ઞાયકભાવથી ભરેલો બિરાજે છે, ને સ્વસંવેદનજ્ઞાનરૂપ પર્યાય તે તેનો સ્વકાળ છે.

*સ્વસંવેદનપર્યાય તે તેનો સ્વકાળ.*

*આત્મ દ્રવ્ય.*

*અસંખ્યપ્રદેશી એનું ક્ષેત્ર.*

*શુદ્ધબુદ્ધજ્ઞાયકપણું એ તેનો ભાવ.*

આવા સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવરૂપ ચતુષ્ટયથી આત્માને જાણ. આવા આત્માને વીતરાગ સ્વસંવેદનથી તું જાણ. આ સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી બહાર આત્મા નથી. આત્માને જાણવા માટે આ તારા અસંખ્યપ્રદેશી ક્ષેત્રમાં જે સ્વભાવ ભર્યો છે તેમાં જ તું જો. જ્ઞાનની તાકાત લોકાલોક સર્વને જાણવાની છે પણ જ્ઞાનનું ક્ષેત્ર અસંખ્યપ્રદેશી છે. તારા સ્વક્ષેત્રમાં જ તારું આખું સ્વરૂપ સમાઇ જાય છે, ક્યાંય બહાર જોવાપણું રહેતું નથી. દેહ જેટલા ક્ષેત્રમાં આત્મા પોતાના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી પરિપૂર્ણ છે. જેટલું આત્માનું ક્ષેત્ર છે તેટલા ક્ષેત્રમાં જ તેનો અનંતસ્વભાવ ભર્યો છે. જ્ઞાન–આનંદ–શ્રદ્ધા –અસ્તિત્વ–પ્રભુતા વગેરે સર્વે ગુણો અસંખ્યપ્રદેશી સ્વક્ષેત્રમાં ભરેલા છે.

મતિ–શ્રુત–અવધિ–મનઃપર્યય ને કેવળજ્ઞાન એ પાંચે જ્ઞાનપર્યાયોથી આત્મા અભિન્ન છે, તે જ્ઞાનથી આત્મા જુદો નથી. દેહથી ને રાગથી જુદો પણ જ્ઞાનથી જુદો નહિ. –આમ જ્ઞાનપર્યાયને રાગથી જુદી પાડીને ને આત્મા સાથે એકમેક કરીને આત્માને જાણ. અસંખ્ય જોજન દૂરની વસ્તુને જ્ઞાન જાણે તેથી કાંઇ જ્ઞાન આત્માથી જુદું પડીને બહાર દૂર નથી જતું. આત્મા સાથે અભિન્ન રહીને જ જ્ઞાન જાણે છે. ઘણું જ્ઞાન ખીલે તોપણ તે આત્મામાં જ સમાય છે. અનંત અલોકને જાણનારું જ્ઞાન પણ આટલા અસંખ્યપ્રદેશી

મર્યાદિત ક્ષેત્રમાં જ સમાય છે. જ્ઞાન આત્માથી જરાય આઘું નથી જતું. માટે જ્ઞાન ઉપયોગને અંતરમાં વાળીને આત્મા સાથે તન્મય કર, એટલે એ જ્ઞાનમાં તત્ક્ષણે આત્માનો અનુભવ થશે. અનંત કાળનું જ્ઞાન અસંખ્યપ્રદેશમાં જ સમાય છે, અનંત ક્ષેત્રનું જ્ઞાન અસંખ્યપ્રદેશમાં જ સમાય છે, અનંતા પદાર્થોનું જ્ઞાન અસંખ્યપ્રદેશી એક આત્માની એક પર્યાયમાં સમાય છે. તારા ગુણ ને તારી પર્યાય તારા સ્વક્ષેત્રમાં છે. તારી સર્વ પર્યાયોમાં તારો જ્ઞાનસ્વભાવી આત્મા તન્મય છે, જુદો નથી. એની સામે નજર કર, એમાં જ્ઞાન ઉપયોગને જોડ, તો એક ક્ષણમાં તારો આત્મા તને જણાશે ને મોહ તૂટી જશે. સ્વસંવેદનજ્ઞાનથી આવા આત્માને અનુભવમાં લ્યે ત્યારે આત્મા જાણ્યો કહેવાય, તે ત્યારે જ મોક્ષમાર્ગ શરૂ થાય. જ્ઞાન થોડું હો કે ઝાઝું–તેનું ક્ષેત્ર તો આત્માના અસંખ્ય પ્રદેશમાં જ છે. જ્ઞાન વધતાં ક્ષેત્ર પણ વધી જાય એમ નથી. લોકના ( ૩૪૩ ઘનરાજુ પ્રમાણ ) જેટલા અસંખ્યપ્રદેશ છે એટલા જ અસંખ્યપ્રદેશ એકેક આત્માના છે; ભલે સંકોચાઈને થોડા ક્ષેત્રમાં દેહપ્રમાણ રહ્યો તોપણ તેના પ્રદેશોની સંખ્યા કાંઇ ઘટી ગઇ નથી. પ્રદેશો તો એટલા ને એટલા જ છે. અને અસંખ્યપ્રદેશો અનંત ગુણોથી ભરપૂર છે. આવા આત્માને જે જીવ સ્વસંવેદનજ્ઞાન વડે જાણે છે તે જીવ જ્ઞાનથી અભિન્ન છે, તેથી તે આત્મા પોતે પોતાને જ્ઞાનથી અભિન્ન અનુભવતો થકો સ્વયં જ્ઞાન છે. આવો જ્ઞાનસ્વરૂપ આત્મા ધ્યાનમાં ઉપાદેય છે. આવા આત્મામાં ઉપયોગ જોડતાં નિર્વિકલ્પધ્યાન થાય છે, ને એવા ધ્યાનમાં જ સમ્યગ્દર્શન–જ્ઞાન– ચારિત્ર પ્રગટે છે, શુભ વિકલ્પમાં એકાગ્ર થતાં આત્મા જણાય નહિ. શુભાશુભ વિકલ્પ રહિત થઇને જ્ઞાનને અંતર સ્વરૂપમાં એકાગ્ર કરતાં આત્મા જણાય છે. જે આવું સ્વસંવેદનજ્ઞાન છે તે જ સંવર–નિર્જરા છે, તે જ મોક્ષનો ઉપાય છે. બહારના વિષયો તરફ જ્ઞાન ઢળતું તેમાં આસ્રવ–બંધ હતા, વિષયોથી રહિત થઇને જ્ઞાનસ્વભાવ તરફ ઢળ્યું તે જ્ઞાનમાં સંવર–નિર્જરા છે. સ્વભાવ તરફ વળીને શુદ્ધાત્માને જાણ્યો ને તેમાં તન્મયપણે પરિણમ્યો તે સ્વસમય છે. પરભાવને જાણતાં તેમાં તન્મય થઇને રહ્યો તે પરસમય છે. સ્વસમયરૂપ થઇને તું તારા આત્માને જાણ. આ રીતે એક ક્ષણમાં આત્માને જાણવાની રીત શ્રીગુરુએ શિષ્યને બતાવી.

રાગાદિ ભાવો તે બાહ્યતત્ત્વ છે, તે કાંઇ આત્માનું અંતરસ્વરૂપ નથી. જ્ઞાન આત્માનું અંતર્તત્ત્વ છે, જ્ઞાનપરિણતિ આત્મામાં અભેદ થતી જાય છે. રાગ કાંઇ આત્મામાં અભેદ નથી થતો. આમ નિર્મળ જ્ઞાનપરિણતિ સાથે અભેદ આત્મા તે જ પરમાર્થ છે. આવા પરમાર્થ સ્વસંવેદનવડે આત્મા મોક્ષને પામે છે. આ રીતે આત્માથી અભિન્ન એવું

સ્વસંવેદનજ્ઞાન તે જ આત્માને જાણવાનું સાધન છે; એવા સાધનવડે તું આત્માને જાણ.

એક ક્ષણમાં મોહ તૂટે ને આત્મસ્વરૂપ પ્રકાશિત થાય–એવા પ્રયોજનભૂત જ્ઞાનનો ઉપદેશ શિષ્યે જિજ્ઞાસાથી માંગ્યો હતો; તેને પ્રયોજનભૂત એવા શુદ્ધ આત્મતત્ત્વનો ઉપદેશ આપતાં કહે છે કે હે વત્સ! જ્ઞાન સાથે તારા આત્માને તું એકમેક જાણ ને અન્ય સમસ્ત ભાવોથી ભિન્ન જાણ. આ રીતે રાગ વગરના સ્વસંવેદનથી તારો આત્મા તને તરત જ જણાશે.

તારું સ્વરૂપ તો જ્ઞાન છે; જ્ઞાનસ્વરૂપ આત્માથી બહારના જે કોઇ શુભ કે અશુભ ભાવો તે તારું સ્વરૂપ નથી; માટે તે સર્વ પરભાવોને પરિહરીને, ને જ્ઞાનસ્વરૂપમાં તન્મય થઇને તારા આત્માને જાણ. પરભાવો અનેક પ્રકારના છે, તે બધાથી જુદો જ્ઞાનસ્વભાવ એક છે. એવા એક સ્વભાવના અનુભવથી તારું સ્વરૂપ પ્રકાશિત થશે. આવા આત્માના અનુભવમાં કોઇ વિકલ્પનો સહારો નથી.

શિષ્યને પણ પ્રશ્ન પૂછવામાં એમ લક્ષ હતું હે મારે પરમ જ્ઞાન સિવાય અન્ય કોઇ ભાવોથી કાંઇ પ્રયોજન નથી, એટલે વિકલ્પવડે–રાગવડે સ્વરૂપ પમાશે–એવું તો એના લક્ષમાંથી છૂટી ગયું છે, ને પરમ જ્ઞાનનું જ લક્ષ છે; એટલે તેના ઉપદેશની માંગણી કરી હતી કે હે પ્રભો! જે જાણવાથી શીઘ્ર મારો આત્મા મને અનુભવમાં આવી જાય–એવા પરમજ્ઞાનનો ઉપદેશ મને કૃપા કરીને આપો.

તેને અહીં સીધો ઉપાય સમજાવે છે કે, જ્ઞાન સાથે આત્મા એકમેક છે, માટે જ્ઞાનમાં રહીને આત્માને જાણ. વિકલ્પમાં રહીને આત્મા નહિ જણાય. નિર્મળ પરિણતિરૂપ જે શુદ્ધજ્ઞાન તેમાં આત્મા જણાશે; એટલે કે જ્ઞાનપર્યાય અંતર્મુખ થઇને વિકલ્પથી ખસીને આત્મામાં એકરૂપ થઇ ત્યારે તે પર્યાયમાં પરમાત્મ તત્ત્વ પ્રગટ થયું. ને ત્યારે આત્માને જાણ્યો.

ફરી ફરીને કહે છે કે હે પ્રભાકર ભટ્ટ! હે જિજ્ઞાસુ શિષ્ય! આત્મા નિયમથી જ્ઞાનગોચર છે, કેમકે જ્ઞાન જ આત્માને જાણે છે. માટે તું વિષયકષાયના અશુભ ભાવોને છોડીને તેમજ પુણ્યના શુભ ભાવોને પણ છોડીને જ્ઞાનવડે નિજ આત્માને જાણ.

'જ્ઞાન' જ ખરેખર તેને કહ્યું કે જે વિકલ્પથી છૂટું રહીને આત્મસ્વરૂપમાં ઢળ્યું છે. વિકલ્પ તે કાંઇ જ્ઞાન નથી, તે કાંઇ આત્માને જાણવાનું કામ કરી શકતો નથી. વિકલ્પની જાત તો આત્માથી જુદી છે, તે આત્માને કેમ જાણી શકે? આત્માની જાત તો જ્ઞાન છે, તે જ્ઞાન જ આત્માને જાણે છે.

આત્માનું સ્વરૂપ તો જ્ઞાન છે. જ્ઞાનસ્વરૂપની પ્રાપ્તિ જ્ઞાન વડે થાય; અજ્ઞાનવડે ન થાય. વિકલ્પ તે પણ અજ્ઞાનની જાતમાં છે, જ્ઞાનની જાતમાં નથી. પણ આનો અર્થ એમ ન સમજવો કે જે જીવને વિકલ્પ હોય તે અજ્ઞાની છે. જ્ઞાનીનેય વિકલ્પ હોય પણ જ્ઞાની તે વિકલ્પને જ્ઞાન સાથે ભેળવતા નથી, વિકલ્પને જ્ઞાનથી જુદો જ રાખે છે; વિકલ્પની જાત અને જ્ઞાનની જાત એ બંનેને એકદમ જુદી જુદી જાણે છે. જો વિકલ્પને જ્ઞાન સાથે ભેળવીને એકમેક કરે તો તે જીવ અજ્ઞાની છે; તે વિકલ્પને સાધન માને છે પણ વિકલ્પથી ભિન્ન જ્ઞાનને જાણતો નથી.

અહો, આ જ્ઞાનસ્વરૂપ નિજપદ છે તે જ્ઞાનગુણવડે એટલે કે સમ્યગ્જ્ઞાનવડે જ પ્રાપ્ત થાય છે. પરંતુ સમ્યગ્જ્ઞાન વગરના લોકો બીજા કોઇ ઉપાયથી આ નિજપદને પામી શકતા નથી. માટે હે જીવ! તને તારા સ્વરૂપની પ્રાપ્તિની અભિલાષા છે તો જ્ઞાનગુણવડે તું તેને પ્રાપ્ત કર, જ્ઞાનપરિણતિને અંતરમાં ઊંડી ઉતારીને આત્માને અનુભવમાં લે. વિકલ્પ તો ઉપર ઉપર રહેનારા છે, તે કાંઇ સ્વભાવમાં ઊંડે ઊતરતા નથી, જ્ઞાનપર્યાય વડે સ્વભાવમાં ઊંડો ઊતરીને તેનો તાગ લે, તો તે ક્ષણે જ તને તારું સ્વરૂપ પ્રાપ્ત થશે... અને તારા પરમ અતીન્દ્રિય આનંદનો સ્વાદ પણ તને તરત જ અનુભવમાં આવશે.

આ રીતે શ્રીગુરુએ કૃપા કરીને, એક ક્ષણમાં આત્માને જાણવાની રીત બતાવી.

## જ્ઞાનીનું ચિંતન

જ્ઞાની પોતાના આત્માને કેવો ચિંતવે છે? તે સમજાવીને તેની ભાવના કરવાનું કહે છે–

કેવલજ્ઞાનસ્વભાવી, કેવળદર્શનસ્વભાવી, સુખમય અને કેવળશક્તિસ્વભાવી તે હું છું– એમ જ્ઞાની ચિંતવે છે.

જે નિજભાવને છોડતો નથી, કંઈ પણ પરભાવને ગ્રહતો નથી, સર્વને જાણે–દેખે છે તે હું છું–એમ જ્ઞાની ચિંતવે છે.

જ્ઞાની થવા માટે હે જીવ! તું પણ તારા આત્માને ચિંતવ–એમ શ્રી મુનિરાજનો ઉપદેશ છે.

(નિયમસાર ગા. ૯૬–૯૭)

# શુદ્ધાત્માને અનુભવનારું ચમત્કારિક જ્ઞાન

'શુદ્ધ જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય' તેમાં સંપૂર્ણ ગ્રંથ સમાઈ જાય છે. આખાય શાસ્ત્રનો સાર 'શુદ્ધજ્ઞાનમાત્ર જીવદ્રવ્ય'ના અનુભવમાં આવી જાય છે. કુંદકુંદસ્વામી કહે છે કે અમારા ગુરુઓએ અમને કૃપા કરીને આવા શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો. શુદ્ધ આત્માનો અનુભવ તે જ મોક્ષમાર્ગ છે, માટે તમે તેને જ અનુભવો. શુદ્ધાત્માના અનુભવનો આ અવસર છે. હે જીવ! વિકલ્પજાળથી હવે બસ કર.....અંતરસ્વરૂપમાં ઢળવાના હવે ટાણાં આવ્યા.

આત્માના શુદ્ધસ્વરૂપનો અનુભવ તે જ મોક્ષનો માર્ગ છે; એનાથી અન્ય સમસ્ત મોક્ષનો માર્ગ સર્વથા નથી; માટે અન્ય સમસ્ત અભિપ્રાય છોડીને, શુદ્ધજીવના અનુભવરૂપ જે એકલો મોક્ષમાર્ગ તેને જ અનુભવો, –એ જ તાત્પર્ય છે. આવા શુદ્ધ જીવના અનુભવરૂપ જે સમયસાર તેનાથી ઊંચું બીજું કાંઈ જ નથી. શુદ્ધ જીવના અનુભવ વગરની દ્રવ્યક્રિયાઓ કે શાસ્ત્રોનું લખવું –પઢવું તે બધુંય કાંઈ પ્રયોજનરૂપ નથી, તેનાથી જરાય મોક્ષમાર્ગ સધાતો નથી. શુદ્ધજ્ઞાનમાત્ર વસ્તુનો અનુભવ તે એક જ જીવનું સર્વસ્વ છે, તે જ ઉપાદેય છે, તે જ મોક્ષમાર્ગ છે. માટે બધાય ઉદ્યમથી શુદ્ધ જીવના સ્વરૂપનો અનુભવ કરવા જેવો છે.

ભાઈ, આ દેહ તો છૂટો છે, ને એકવાર છૂટો પડવાનો વખત આ ભવમાં જ આવવાનો છે. એમાં અત્યારે આત્માના અનુભવનો અવસર મેળવી લે. રાગનોય જેમાં સ્પર્શ નથી એવો મોક્ષમાર્ગ છે. અંદરના વિકલ્પોય જ્યાં શરણરૂપ નથી થતા ત્યાં શરીરની તો શી વાત? ખરે ટાણે અંતરનું ચૈતન્યતત્ત્વ જ શરણરૂપ થાય છે. અરે, બહુ બોલવાથી શું પ્રયોજન છે! अलम् अलम् अति जल्पै: એટલે કે આવા શુદ્ધાત્માના અનુભવ સિવાય બીજા વિકલ્પોથી ને વચનોથી બસ કરો.....બસ કરો. વિકલ્પો તો આત્મતત્ત્વથી જુદી ચીજ છે. વિકલ્પો જો આત્મા જ હોત તો તેને આત્માથી જુદા (આસ્રવ) કેમ કહેત? માટે શુદ્ધ ચૈતન્યમાં વિકલ્પો નથી. વિકલ્પની જાળ તો જૂઠી છે, તે વિકલ્પ જાળથી હે જીવ! હવે બસ કર, બસ કર! અંતર આત્મામાં ઢળવાના હવે ટાણાં આવ્યા.....માટે બીજા વિકલ્પોને અને વચનને હવે બંધ કર. વિકલ્પના શરણાંની ભાવના હવે છોડી દે, ને શુદ્ધ ચૈતન્યનું શરણ લે. જેની એકેક તસુ ૯૬ રોગનું ઘર છે એવા શરીરમાં તું મૂર્છાણો, પણ ભાઈ, એ શરીરની કોઇ ક્રિયામાં મોક્ષમાર્ગ છે જ નહિ. માટે એ તરફના વિકલ્પોને હવે બંધ

કર. શુદ્ધાત્માના અનુભવથી બહાર જે મોક્ષમાર્ગ માને છે તે જીવ બહિરાત્મા છે. અરે જીવ! અનંત શક્તિમય તારો આત્મા, તેના સિવાય બીજે મોક્ષમાર્ગ શોધવો રહેવા દે. નિજ રસથી ભરપૂર એવા ઉત્કૃષ્ટ શુદ્ધઆત્માને જ અનુભવમાં લે.

અહા, જે જ્ઞાને અંતર્મુખ થઇને અતીન્દ્રિય આત્માને જાણ્યો તે સમ્યગ્જ્ઞાનના મહિમાની શી વાત? એ અતીન્દ્રિયજ્ઞાનની કિંમતનું શું કહેવું? સાધારણ ધારણાવડે કોઇને પૂર્વ ભવનું જરાક જ્ઞાન થાય–જે જ્ઞાનને ધર્મ સાથે કાંઇ સંબંધ ન હોય–છતાં એવા સાધારણ જાણપણાને દેખતાંય લોકોને ચમત્કાર લાગી જાય છે. પણ ભાઈ, આત્માની જ્ઞાનશક્તિ કોઇ અપાર છે, તેની પાસે આ જાણપણું તો શું હિસાબમાં? અંતરમાં ઇન્દ્રિયોથી પાર, અનાદિઅનંત અપાર શક્તિથી ભરપૂર એવા આત્માને સ્વસંવેદનથી અનુભવમાં લ્યે તે અતીન્દ્રિયજ્ઞાનના ચમત્કારની જગતને ખબર નથી, જે જ્ઞાન ભવભ્રમણના નાશનું કારણ થાય ને કેવળજ્ઞાનને આપે એવું એ જ્ઞાન છે. શુદ્ધાત્માને અનુભવનારું જ્ઞાન તે જ ચમત્કારિક જ્ઞાન છે–જેમાં રાગ નથી, ઇન્દ્રિયોનું અવલંબન નથી; માટે આચાર્યદેવ કહે છે કે હે ભાઈ, બહારના વિકલ્પોથી ને બહારના જાણપણાથી બસ કર, ને અંતરમાં ઝગઝગાટ કરતા ચૈતન્યસૂર્યને દેખ, તેને અનુભવમાં લે.....ત્યાં તું પરિપૂર્ણતાને પામી જઇશ....

“શુદ્ધ જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય” એમ કહેતાં આખો સમયસારગ્રંથ સંપૂર્ણ થઇ જાય છે, એટલે કે આખા શાસ્ત્રનો સાર “શુદ્ધ જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય” ના અનુભવમાં પૂરો થઇ જાય છે. શાસ્ત્રનું જે કાંઇ રહસ્ય છે તે બધુંય શુદ્ધ જ્ઞાનમાત્ર જીવદ્રવ્યના અનુભવમાં પૂરું આવી જાય છે. કુંદકુંદાચાર્યદેવ કહે છે કે સર્વજ્ઞદેવથી માંડીને અમારા ગુરુપર્યંત સર્વે પરાપર ગુરુઓએ અનુગ્રહપૂર્વક અમને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો. દિવ્યધ્વનિમાં ભગવાને શુદ્ધાત્મા બતાવ્યો, ગણધરદેવે બાર અંગમાં શુદ્ધઆત્મા બતાવ્યો, સન્તોએ જેટલા શાસ્ત્રો રચ્યા તેમાં શુદ્ધઆત્મા બતાવ્યો. અહા, આવો શુદ્ધાત્મા તું છો, તે અમે તને સમયસારમાં દેખાડયો, તે જાણીને તું ખુશી થા. તારો આત્મા ખોવાઇ નથી ગયો, તારો આત્મા એવો ને એવો જ્ઞાનમાત્ર અવસ્થિત છે, તે અમે તેને બતાવીએ છીએ. માટે તુ રાજી થા.......પ્રસન્ન થા.......ને અંતરમાં તારા શુદ્ધઆત્માને અનુભવમાં લે. તારા અખંડ જ્ઞાનઘન આત્માની એક કોર પણ ઘસાણી નથી, માટે પ્રસન્ન થઇને તું તારા શુદ્ધ આત્માને અનુભવમાં લે. સન્તો ફરી ફરીને તેના ગુણગાન કરીને કહે છે કે આવો તારો આત્મા છે તેને તું અનુભવમાં લે. આ આત્માના અનુભવનો અવસર છે.

# 'જ્ઞાનચેતના' -જેના વડે જ્ઞાની ઓળખાય

**જ્ઞાનચેતના મોક્ષકા માર્ગ.......અજ્ઞાનચેતના સંસારકા માર્ગ**
**જ્ઞાનચેતનાવડે જ્ઞાની કેવળજ્ઞાનને બોલાવે છે.**

**( સમયસાર કલશ ૩૨૪ ઉપર જ્ઞાનચેતનાનું સ્વરૂપ સમજાવતું ખાસ પ્રવચન )**

卐

જ્ઞાનચેતના એટલે શુદ્ધઆત્માને અનુભવનારી ચેતના, તે ચેતના મોક્ષમાર્ગ છે. આ જ્ઞાનચેતનાનો સંબંધ શાસ્ત્રનાં ભણતર સાથે નથી, જ્ઞાનચેતના તો અંતર્મુખ થઇને આત્માના સાક્ષાત્કારનું કાર્ય કરે; –ઓછું વધારે જાણપણું હો તેની સાથે સંબંધ નથી, પણ જ્ઞાનાનંદ સ્વભાવમાં સન્મુખ થતાં જ્ઞાનચેતના પ્રગટે છે; તે જ્ઞાનચેતનામાં આત્મા અત્યંત શુદ્ધપણે પ્રકાશે છે. આવી જ્ઞાનચેતના ચોથા ગુણસ્થાનથી શરૂ થાય છે. જ્ઞાનચેતના તે કારણ ને કેવળજ્ઞાન તેનું કાર્ય. જ્ઞાનચેતનાનું કાર્ય રાગ તો નહિ, ને જ્ઞાનચેતનાનું કાર્ય બહારનું જાણપણું પણ નહિ; અંતર્મુખ થઇને શુદ્ધઆત્માને સંચેતવું–અનુભવવું તે જ્ઞાનચેતનાનું કાર્ય છે. આવી જ્ઞાનચેતનાને ધર્મી જ જાણે છે. ધર્મની, સંવરની કે મોક્ષમાર્ગની શરૂઆત આ જ્ઞાનચેતનાથી થાય છે.

જ્ઞાનચેતના આત્મિકરસથી ભરેલી છે; ને સમસ્ત વિષયોથી અત્યંત ઉદાસીન છે. જીવના શુદ્ધ સ્વરૂપને અનુભવનારી જ્ઞાનચેતનાવડે શુદ્ધજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, ને અશુદ્ધતાના અનુભવવડે અશુદ્ધતાની પ્રાપ્તિ થાય છે. આ રીતે કારણઅનુસાર કાર્ય થાય છે, એટલે કે શુદ્ધકારણના સેવનથી શુદ્ધકાર્ય થાય છે ને અશુદ્ધકારણના સેવનથી અશુદ્ધતા થાય છે. રાગ તો અશુદ્ધતા છે, તે અશુદ્ધતાના સેવનવડે કદી શુદ્ધતા થઈ જાય–એમ બનતું નથી. જ્ઞાનચેતનાવડે અંતરમાં શુદ્ધસ્વભાવને અનુભવતાં કેવળજ્ઞાનરૂપ શુદ્ધતા ખીલે છે. બસ, અંતરમાં સ્વભાવસન્મુખનો અનુભવ તે જ જ્ઞાનચેતનાનું કામ છે.

ઉપદેશ આપીને બીજા જીવોને તારવા તે કાંઇ જ્ઞાનચેતનાનું કાર્ય નથી. અંદર વિકલ્પ ઊઠે તે પણ જ્ઞાનચેતનાનું કાર્ય નથી ત્યાં વાણીની તો શી વાત? વિકલ્પને કે વાણીને જે જ્ઞાનચેતનાનું કાર્ય માને તે જીવને જ્ઞાનચેતના પ્રગટી નથી, જ્ઞાનચેતના શું છે તેની તેને ખબર નથી. તે તો રાગદ્વેષપરિણામમાં તન્મય થઇને અજ્ઞાનચેતનાને સેવે છે, તે અજ્ઞાનચેતનામાંથી સંસારની ઉત્પત્તિ થાય છે.

આ રીતે જ્ઞાનચેતના તે મોક્ષનો માર્ગ, ને અજ્ઞાનચેતના તે સંસારનો માર્ગ છે. જેનામાં જ્ઞાન નથી તેના સેવનથી મોક્ષમાર્ગ કેમ થાય? શુભવિકલ્પ તે કાંઇ જ્ઞાન નથી,

એટલે તે શુભવિકલ્પના સેવનથી મોક્ષમાર્ગ થાય નહિ; શુભવિકલ્પને જે મોક્ષમાર્ગ માને છે તે અજ્ઞાનચેતનાને સેવે છે. તે અજ્ઞાનચેતનાનું ફળ હર્ષશોકનું વેદન છે એટલે કે દુઃખનું વેદન છે, ને તે જ્ઞાનની શુદ્ધતાને રોકે છે, તથા આઠકર્મોને બાંધે છે. તેની સામે જ્ઞાનચેતનામાં આનંદનું વેદન છે, તે શુદ્ધતા પ્રગટ કરે છે ને આઠકર્મના બંધને તોડે છે.

જ્ઞાનચેતનાવડે જ્ઞાનીએ જાણ્યું છે કે હું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જીવ છું; સર્વ કર્મની ઉપાધિથી રહિત મારું શુદ્ધ સ્વરૂપ મને સ્વાનુભવપ્રત્યક્ષથી આસ્વાદમાં આવે છે. જ્ઞાની આવી જ્ઞાનચેતનાવડે જ ઓળખાય છે.

જ્ઞાનચેતનાવડે જ્ઞાની પોતાના શુદ્ધઆત્માને જ ચેતે છે–અનુભવે છે; જ્ઞાનચેતનાવડે જ્ઞાની કાંઇ રાગને ચેતતા નથી એટલે કે રાગને સ્વપણે અનુભવતા નથી. સ્વતત્ત્વને પકડીને તેના અનુભવમાં એકાગ્ર થવું તે જ્ઞાનચેતનાનું કાર્ય છે, શુદ્ધ ચારિત્ર પણ તેમાં સમાઈ જાય છે; આવી જ્ઞાનચેતના તે મોક્ષમાર્ગ છે, તે કેવળજ્ઞાનને બોલાવનારી છે. અહા, જ્ઞાનચેતનાવડે જ્ઞાની કેવળજ્ઞાનને બોલાવે છે. વિકલ્પવડે બોલાવ્યે કેવળજ્ઞાન કાંઇ જવાબ આપે તેવું નથી. વિકલ્પ તો અશુદ્ધતા છે તેના વડે કેવળજ્ઞાન કેમ આવે? જ્ઞાનચેતના તે કેવળજ્ઞાનની જાતની જ છે, તેના વડે અંતર્મુખ થઇને બોલાવતાં તરત કેવળજ્ઞાન આવે છે. આવી જ્ઞાનચેતનાવડે જ્ઞાની કેવળજ્ઞાનને બોલાવે છે.

**આવી જ્ઞાનચેતનાધારી કેવળીના કેડાયતી સંતોને નમસ્કાર.**

卐

પ્રશ્નઃ– જ્ઞાનચેતનાનું ફળ શું?

ઉત્તરઃ– જ્ઞાનચેતનાના ફળમાં શાસ્ત્રના ઉકેલ થવા માંડે એવું તેનું ફળ નથી, પણ આત્માના અનુભવનો ઉકેલ પામી જાય–એવી જ્ઞાનચેતના છે. શાસ્ત્રનાં ભણતર ઉપરથી જ્ઞાનચેતનાનું માપ નથી, જ્ઞાનચેતના તો અંતરમાં આત્માને ચેતે છે, જ્ઞાનસ્વરૂપ આત્માને જે ચેતે–અનુભવે તે જ્ઞાનચેતના છે. (આ ન્યાય ખાસ સમજવા જેવો છે.) જ્ઞાનચેતનાનું કાર્ય અંતરમાં આવે છે, બહારમાં નહીં. કોઈ જીવ શાસ્ત્રના અર્થની ઝપટ બોલાવે માટે તેને જ્ઞાનચેતના ઊઘડી ગઈ એમ તેનું માપ નથી; કેમ કે કોઇકને તે પ્રકારનો ભાષાનો યોગ ન હોય ને કદાચ તેવો પરનો વિશેષ ઉઘાડ પણ ન હોય, છતાં જ્ઞાનને અંતરમાં વાળીને રાગથી ભિન્ન સ્વરૂપને અનુભવમાં લઇ લીધું છે તો તે જીવને અપૂર્વ જ્ઞાનચેતના અંદરમાં ખીલી ગઇ છે. એની ઓળખાણ થવી જીવોને કઠણ છે. (જ્ઞાનચેતનાના સ્વરૂપને સ્પષ્ટ કરતું ખાસ પ્રવચન આપેલ છે –તે મનનીય છે.)

# નિષ્કર્મરૂપ જ્ઞાનચેતનાનું પરમ સુખ

**( સમયસાર કળશ ૨૩૨-૨૩૩ ના પ્રવચનમાંથી. )**

**સાધકની જ્ઞાનચેતના છે તે આનંદના અનુભવ સહિત છે,**
**આનંદથી નાચતી નાચતી તે મોક્ષસુખને સાધે છે.**

卐

સમ્યગ્દ્રષ્ટિ જીવ પોતાના સ્વરૂપના અનુભવથી થયેલા અતીન્દ્રિય સુખથી અત્યંત તૃપ્ત છે; સમ્યગ્દર્શન ઉત્પન્ન થયા પહેલાં મિથ્યાત્વભાવથી જે કર્મો બંધાયેલા, તેના ફળને તે સમ્યગ્દ્રષ્ટિ ભોગવતો નથી; કેમકે કર્મના ફળમાં જોડાણ તે તો ચૈતન્યપ્રાણને ઘાતનાર વિષવૃક્ષ છે. ચૈતન્યની અમૃતવેલડીનો સ્વાદ જેણે ચાખ્યો તે વિષવૃક્ષનાં ફળને કેમ ભોગવે ? અહા, ચૈતન્યસ્વરૂપની સાવધાની થઈ તે જ્ઞાનચેતનામાં કર્મફળચેતનાનો અભાવ છે. દેડકું હો, દેવ હો કે આઠ વર્ષનું બાળક હો, –તેમાં જે સમ્યગ્દ્રષ્ટિ છે તે એમ જાણે છે કે આ જડકર્મનો ઉદય કે તેનું ફળ તે હું નથી, તે પરદ્રવ્ય છે, ને હું તો અતીન્દ્રિય ચૈતન્ય છું. –આમ જાણતો તે ધર્માત્મા ઉદયના રંગે રંગાતો નથી, એને તો ચૈતન્યનો જ રંગ છે. ચૈતન્યના આનંદનો જે સ્વાદ આવે તે જ હું છું–એમ તે ચૈતન્યના સ્વાદને લીધા કરે છે. –એ ચૈતન્યસ્વાદથી તે સ્વતઃ તૃપ્ત છે.

જ્ઞાનચેતનાવડે ચૈતન્યના આનંદને અનુભવતો–અનુભવતો, અને ઉદયભાવને છોડતો– છોડતો સમ્યગ્દ્રષ્ટિ જીવ એવી ઉત્તમ દશાને પામે છે કે જે વર્તમાનમાં અનંતસુખરૂપ છે, ને ભવિષ્યમાં પણ અનંતકાળ સુધી સુખરૂપ છે; આ રીતે દ્રવ્યના સહજ સ્વભાવરૂપ એવા અતીન્દ્રિય સુખમય જ્ઞાનચેતના વડે પમાય છે. અહા, દશા જ્ઞાનચેતનાએ પોતાના અનંત ગુણનિધાનને દેખ્યું છે, તે જ્ઞાનચેતના બહારથી કાંઇ પ્રાપ્ત થવાનું માનતી નથી. અંતરમાં ચૈતન્યસુખના અનુભવમાં રમતી રમતી તે કેવળજ્ઞાનને અને સિદ્ધપદને સાધે છે. વચ્ચે વ્યવહાર અને શુભરાગ આવે છે ને ? તો કહે છે કે હા, પરંતુ જ્ઞાનચેતના તેને છોડતી જાય છે, જ્ઞાનચેતના તેને ઉપાદેય નથી માનતી; જ્ઞાનચેતના તો શુદ્ધ સ્વભાવને જ ઉપાદેય કરીને તેને અનુભવતી– અનુભવતી મોક્ષને સાધે છે.

જ્ઞાનચેતનાને સ્વસન્મુખ નચાવતા–પરિણમાવતા થકા જ્ઞાનીજનો અત્યારથી માંડીને સદાકાળ ચૈતન્યના શાંતઅતીન્દ્રિય રસને અનુભવો. “સાદિ–અનંત અનંત સમાધિ સુખમાં” આવી દશા જ્ઞાનચેતના વડે પમાય છે. નિષ્કર્મદશા એટલે જ્યાં રાગ દ્વેષ નથી, જ્યાં હર્ષ–શોક નથી, કર્મચેતના કે કર્મફળચેતનાનો જ્યાં અભાવ છે, જ્યાં સહજ સુખનો જ અનુભવ છે, આવી નિષ્કર્મ અવસ્થાને જ્ઞાનચેતનાવડે પામીને સદાકાળ પરમ આનંદનો ભોગવટો કરો–એમ ઉપદેશ છે. ત્યાં જે સુખ છે તે સ્વસત્તામાં જ છે–અભિન્નસત્તામાં છે, પોતામાં જ પોતાનું સુખ છે એટલે તેને એકસત્તાનું સુખ કહ્યું છે. પર દ્રવ્યની સત્તા તે તો ભિન્નસત્તા છે, તે ભિન્નસત્તામાં આત્માનું સુખ છે જ નહિ. ભિન્નસત્તામાં જે સુખ માને છે તેને કદી સુખ મળતું નથી. ભિન્નસત્તામાં સુખ માને તે ભિન્નસત્તા સામે જોયા કરે, પણ સ્વસત્તા સામે જુએ નહિ ને તેને સુખ મળે નહિ. સુખ તો સ્વસત્તામાં છે. જ્ઞાનચેતના વડે જે સ્વસત્તાને અનુભવે છે તે જ સ્વસત્તાના સુખને અનુભવે છે, તેની પર્યાય સુખના પ્રવાહમાં તન્મય થઇ જાય છે, એટલે સાદિ–અનંતકાળ સુધી તે સુખને જ પીધા કરે છે.

સાધકદશાનો કાળ અસંખ્ય સમયનો છે, પણ તેનું ફળ અનંતાનંતકાળનું સુખ છે. અજ્ઞાનદશાથી જીવે સંસારભ્રમણમાં અનંતકાળ ગાળ્યો, પણ મોક્ષદશાના આનંદના અનુભવનો કાળ એનાથી અનંતગુણો છે, –કેમકે ભૂતકાળ કરતાં ભવિષ્યકાળ અનંત ગુણો છે, ભાવથી તો મોક્ષસુખ અનંતું છે ને કાળથી પણ તે અનંતુ છે; હવે આવા અનંત મોક્ષસુખને સાધતા કેટલો કાળ લાગે ? અનંત કાળના મોક્ષસુખને સાધતા શું અનંતકાળ લાગતો હશે ? –ના; સાધકદશાનો કાળ અસંખ્ય સમયનો મર્યાદિત જ છે. અસંખ્યસમયની સાધકદશાના ફળમાં અનંતકાળનું મોક્ષસુખ હે જીવ ! તું પીધા જ કર ! હવે તારું સુખ કદી ખૂટવાનું નથી. અરે, ભોગમાં કાળ ગાળ્યો તે તો વ્યર્થ ગયો, તેના ફળમાં તો દુઃખ સિવાય કાંઈ ન મળ્યું; હવે હે જીવ ! ચૈતન્યના અનુભવ વડે મોક્ષસુખને સાધ. થોડા કાળના પ્રયત્નમાં તું અનંતકાળનું સુખ પામીશ.

સાધકની જ્ઞાનચેતના છે તે આનંદના અનુભવ સહિત છે.....આનંદથી નાચતી નાચતી તે મોક્ષસુખને સાધે છે.

# સમ્યક્ત્વ થતાં ખૂલે છે–અનંત ગુણનો ખજાનો

**( કારતક વદ ચોથ તથા પાંચમે ગુરુદેવના હૃદયના ઘોલનમાં ચૈતન્ય-રત્નાકર ઉલ્લસ્યો, તેમાંથી વહેલો સમ્યક્ત્વનો નિર્મળ પ્રવાહ )**

卐

અનંતગુણ સ્વરૂપ આ આત્મા છે; તેની અનુભવસહિત પ્રતીત તે સમ્યગ્દર્શન છે. આવું સમ્યગ્દર્શન થતાં જેમ શ્રદ્ધાગુણની પર્યાય નિર્મળ થઇ છે તેમ અનંતગુણની પરિણતિ પણ શુદ્ધપણે પ્રગટ થાય છે. જ્ઞાનગુણનું પરિણમન તે વખતે સ્વને પકડવાની લાયકાતવાળું થઇને સમ્યક્પણે પ્રગટયું; આનંદગુણનો અંશ પ્રગટ થયો; તેમ અકારણ કાર્યત્વ શક્તિની નિર્મળપર્યાય થઈ, એટલે કે રાગ સાથે કારણ–કાર્યપણું ન રહ્યું; રાગ મારા સમ્યક્ત્વાદિનું કારણ, ને હું તેનો કર્તા એવું રાગ સાથે કર્તાકર્મપણું ધર્માત્માને નથી. એ જ રીતે વિભુત્વશક્તિ પણ નિર્મળપણે વ્યક્ત થઈ એટલે બધાગુણોની નિર્મળપર્યાયમાં આત્મા વિભુ થઈને વ્યાપ્યો. આ રીતે સમ્યક્ શ્રદ્ધા થતાં અનંતગુણો ઊછળે છે એટલે કે નિર્મળ પર્યાયરૂપ પરિણમે છે; ત્યાં રાગના અકર્તારૂપ અકર્તૃશક્તિ, રાગના અભોક્તારૂપ અભોકતૃશક્તિ–એમ અનંત શક્તિની નિર્મળતા ખીલી. આ રીતે સમ્યક્ પ્રતીતનો ભાવ એકલો–લૂખો નથી, પણ સાથે આનંદનું, પ્રભુતાનું, વિભુતાનું, અકારણ–કાર્યત્વનું, સ્વવીર્યનું જીવત્વનું–એમ અનંતશક્તિનું નિર્મળ પરિણમન લેતી સમ્યક્ પ્રતીત પ્રગટે છે.

આ સમ્યક્ પ્રતીતમાં જેવો પર્યાયનો નિર્મળ સ્વાદ આવ્યો, તેવા નિર્મળ સ્વભાવવાળું આખું તત્ત્વ છે–એમ પ્રતીત ભેગી જ આવી. સર્વજ્ઞતા શક્તિ પ્રતીતમાં આવી એટલે કે શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું, –એ જ રીતે સર્વદર્શીશક્તિ પ્રતીતમાં આવી ને હવે અલ્પકાળે સર્વજ્ઞતા ને સર્વદર્શિતા આત્મામાંથી પ્રગટ થશે–એમ પણ પ્રતીતમાં આવ્યું.

શુદ્ધદ્રવ્ય પ્રતીતમાં આવતાં, શ્રદ્ધાગુણની જેમ અનંતાનંત ગુણોનું પર્યાયમાં શુદ્ધ પરિણમન થવા માંડયું, પર્યાયમાં આનંદના વેદનના અંશ સહિત આખો આત્મા આનંદ–

સ્વરૂપ છે એમ પ્રતીતમાં આવ્યું. આમ અનંતગુણની નિર્મળ પરિણતિ સહિત સમ્યક્ત્વ થયું; ત્યાં અનંત ગુણવાળો ચૈતન્યરત્નાકર ઊછળ્યો.

સમ્યક્ત્વમાં આત્માની પ્રતીત છે, આત્માના અનંત ગુણ છે તે બધાનું કાર્ય પર્યાયમાં આવે છે; અકારણકાર્યત્વનું પર્યાયમાં પરિણમન થયું એટલે રાગ સાથે કારણ–કાર્યપણું ન રહ્યું; વિભુત્વનું શુદ્ધ કાર્ય પ્રગટયું ત્યાં અનંતગુણો પર્યાયમાં નિર્મળપણે વ્યાપ્યા; પ્રકાશશક્તિનું કાર્ય પ્રગટયું ત્યાં બધા ગુણોનું પ્રત્યક્ષ સંવેદન પર્યાયમાં પ્રગટયું. આમ બધા ગુણોનું કાર્ય સમ્યક્ત્વ થતાં પર્યાયમાં આવે છે. એને શ્રીમદ્ રાજચંદ્રજીએ ‘સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ’ એમ કહ્યું છે. કર્તા–ભોક્તા, આનંદ, પ્રભુતા, વીર્ય–એ બધા ગુણોની પ્રતીત થતાં તે બધાનું કાર્ય પર્યાયમાં આવ્યું છે.

સ્વયં પ્રકાશમાન એવી સ્વસંવેદનશક્તિથી આત્મા સ્વાનુભવ પ્રત્યક્ષ થયો, ત્યાં અનંત ગુણનો નિર્મળ અંશ સ્વાનુભવમાં ભેગો આવ્યો છે. અહા, અનંત આકાશ કરતાંય જેના સ્વભાવની વિશાળતા, એવા આત્માની પ્રતીત કરતાં તો આખો પ્રભુતાનો દરિયો ઊછળે છે; પ્રભુતાનું કાર્ય પ્રતીત સાથે જ પ્રગટ થાય છે; વેદનમાં અનંતગુણની પર્યાય પ્રગટપણે આવી છે. જ્ઞાનચેતના અંતરમુખ કામ કરે છે, તેમાં અનંતગુણના નિર્મળ અંકુરા ફાટયા. આવું સમ્યગ્દર્શન થતાં કેવળજ્ઞાન ન થાય એમ બને નહિ. કેવળજ્ઞાનની જેમ જ સમ્યગ્દર્શન અપ્રતિહત સ્વભાવને પ્રતીતમાં લ્યે છે. ચારિત્રગુણનો પિંડ પ્રતીતમાં આવતાં તે પ્રતીતની સાથે ચારિત્રગુણનો અંશ પણ પ્રગટયો છે. આવી પ્રતીત પરના લક્ષે ન થાય. અનંતગુણના પિંડરૂપ જે દ્રવ્યભગવાન તેના ધ્યેયે અનંતગુણનું કાર્ય પ્રગટી જાય છે. અનંતગુણ કારણપણે તો છે, પણ તેની સન્મુખ થઈને તેને કારણ બનાવ્યા વગર નિર્મળ કાર્ય આવે નહિ.

અહો, જેવી દ્રવ્યની મહત્તા છે એવી જ એની પ્રતીતની મહત્તા છે. તે પ્રતીતમાં અનંતગુણનું કાર્ય આવ્યું છે. –અનંતગુણનો ખજાનો સમ્યક્ત્વ થતાં ખૂલ્યો છે. ‘સબ આગમ ભેદ સુઉર વસે’ વસ્તુ એના હાથમાં આવી ગઈ. ભલે કદાચ વિશેષ પડખાનો ખુલાસો કરતાં ન આવડે, પણ સ્વવસ્તુને એણે પકડી લીધી છે. સ્વવસ્તુનો અપાર વૈભવ એના હાથમાં આવ્યો છે.

અરે, સમ્યક્ત્વની પૂંજી કેટલી મોટી છે!! એની જગતને ખબર નથી.

અમૂર્તગુણ, નિષ્ક્રિયત્વગુણ વગેરે અનંતાગુણનો આખો સમુદાય એક સાથે પ્રગટયો છે. આવા આત્માની પ્રતીત– “આ આત્મા” એવી પ્રતીત–તે સમ્યગ્દર્શન છે. સમ્યક્ત્વ

થતાં જ સ્વચ્છત્વ શક્તિનું કાર્ય એવું પ્રગટયું કે બધા ગુણોની પર્યાય અંશે સ્વચ્છ થઈ ગઇ. બધા ગુણનું પરિણમન કેવળજ્ઞાન તરફ ચાલ્યું. એમાં વચ્ચે રાગનું અવલંબન છે જ નહિ. શુભરાગથી સમ્યક્ત્વ થાય એમ માનનાર સમ્યક્ત્વને ઓળખતો નથી.

અહા ! સમ્યગ્દર્શન તો કેવળજ્ઞાનને બોલાવે છે કે સાદ પાડે છે, હે કેવળજ્ઞાન, મારા આત્મામાં શીઘ્ર આવજે. સમ્યગ્દર્શન પૂર્ણ આત્માની પ્રતીત કરીને કેવળજ્ઞાનને બોલાવે છે, કેવળદર્શનને બોલાવે છે, પૂર્ણ આનંદને બોલાવે છે, અનંતગુણની શુદ્ધ પર્યાયને બોલાવે છે. આવું સમ્યગ્દર્શન છે.

**સમ્યક્ત્વનું અપૂર્વ રહસ્ય પ્રકાશનાર ગુરુદેવનો જય હો.**

## ધન્ય છે તારા માર્ગને

રાત્રિચર્ચામાં સમ્યક્ત્વ સંબંધી તેમજ બીજા અનેક તત્ત્વોની સુંદર તત્ત્વચર્ચા થયેલી તેનો સાર આ પ્રવચનમાં સમાઈ જાય છે. એ વીતરાગી તત્ત્વચર્ચા વખતે ગુરુદેવે જિનમાર્ગના પરમ પ્રમોદથી કહ્યું: ‘વાહ રે વાહ !

ધન્ય છે પ્રભુ તારા માર્ગને !

‘જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઉતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે.

[ શ્રીમદ્ રાજચંદ્ર ]

भव्य जीवों को श्रीगुरु उपदेश करते है कि शीघ्र ही मोह का बंधन तौड दो, अपना सम्यक्त्वगुण ग्रहण करो और शुद्ध अनुभवमें मस्त हो जाओ।

-पं. बनारसीदासजी

# જ્ઞાનની અનુભૂતિ...જેમાં બીજું ઉત્થાન નથી

**( કળશટીકા પૃ.-૬૯ ના પ્રવચનમાંથી )**

* પહેલાં ‘રાગનો હું કર્તા’ એવી રાગના કર્તૃત્વની બુદ્ધિમાં અટકતો હતો તેથી મિથ્યાત્વ હતું, ને જ્ઞાનની અનુભૂતિ ન હતી.

* હવે ‘આત્મા રાગનો કર્તા નથી, રાગ રહિત શુદ્ધસ્વરૂપી આત્મા છે ’ એવા શુદ્ધનયનું શ્રવણ કર્યા પછી, ‘હું રાગનો કર્તા નથી’ એવા અકર્તૃત્વના વિકલ્પનો કર્તા થઇને તેમાં અટકયો, તો તે પણ મિથ્યાત્વ છે, ને તેમાંય જ્ઞાનની અનુભૂતિ નથી.

* ભાઈ, સહજ જ્ઞાનમાં અકર્તાપણાની વૃત્તિનુંય ઉત્થાન ક્યાં છે? અકર્તાપણાની વૃત્તિમાં તન્મય થઇને રોકાણો તે ‘જ્ઞાન’ માં આવ્યો નથી, વિકલ્પમાં જ ઊભો છે.

**જેમ રાગના કર્તાપણાના વિકલ્પમાં તન્મયતા તે મિથ્યાત્વ છે.**

**તેમ રાગના અકર્તાપણાના વિકલ્પમાં તન્મયતા તે મિથ્યાત્વ છે.**

* જ્ઞાનમાં રાગનું અકર્તાપણું છે–એ વાત તો સાચી છે. પણ તે અકર્તાપણું કાંઈ વિકલ્પની અપેક્ષા નથી રાખતું. અકર્તાપણું છે તે, અકર્તાપણાના વિકલ્પથી જુદું જ છે. જ્ઞાનની સ્વાનુભૂતિમાં જેમ કર્તાપણાનો વિકલ્પ નથી તેમ અકર્તાપણાનોય વિકલ્પ નથી.

* જ્ઞાનપરિણતિ જ્ઞાનભાવરૂપ થઇને પરિણમી ત્યાં કોઇ વિકલ્પ તેમાં નથી. આવી જ્ઞાનપરિણતિ પરમ આનંદરૂપ છે. આનંદમય જ્ઞાનપરિણમન થતાં કર્તાપણું છૂટે છે, પરંતુ ‘અકર્તા છું’ એવા વિકલ્પવડે કાંઈ કર્તાપણું નથી. રાગનો હું અકર્તા છું’ એવા વિકલ્પમાં અટકયો તો તે પણ ‘રાગનું કર્તૃત્વ’ જ છે.

* ચૈતન્યની અનુભૂતિ થતાં સત્સ્વભાવ સત્સ્વભાવપણે જ અનુભવાયો, ત્યાં બીજી કોઈ વૃત્તિનું ઉત્થાન તેમાં નથી. આવી નિર્વિકલ્પ સ્વાનુભૂતિ તે પરમ સુખ છે. સમ્યગ્દર્શન આવી નિર્વિકલ્પ પ્રતીતરૂપ પરિણમ્યું છે.

* સ્વાનુભૂતિમાં રાગનું કર્તાપણું તો છે જ નહિ; અકર્તાપણું છે–પણ તેનો વિકલ્પ નથી. વિકલ્પથી પાર સ્વાનુભૂતિ છે; વિકલ્પ સ્વાનુભૂતિથી બહાર છે.

# કેવળજ્ઞાન-લક્ષ્મીનું પૂજન

## સ્વભાવની કબુલાતમાં વિકલ્પના સહારા હોય નહિ

**જગતમાં સર્વોત્કૃષ્ટ એવી કેવળજ્ઞાન-લક્ષ્મીના ધારક ભગવાન વર્દ્ધમાન તીર્થંકર પાવાપુરીમાં બિરાજતા હતા...તેમને મોક્ષ જવાને બે દિવસની વાર હતી ત્યાં દિવ્યધ્વનિ બંધ થઈ ગઈ. લોકોએ જાણ્યું કે હવે ભગવાનની મોક્ષમાં જવાની તૈયારી છે. એટલે ભારતના એ તેજસ્વી ભાનુ પ્રત્યે પરમ ભક્તિપૂર્વક તેમની કેવળજ્ઞાનલક્ષ્મીનું લાખો ભક્તોએ પૂજન કર્યું. -એ દિવસ એટલે આસો વદ તેરસ; તે દિવસનું આ પ્રવચન છે. તેમાં કેવળજ્ઞાનનો અપાર મહિમા બતાવીને ગુરુદેવ કહે છે કે આવા જ્ઞાનને ઓળખીને તેનું પૂજન-બહુમાન કર તો તારી ચૈતન્યલક્ષ્મીના બેહદ ભંડાર ખૂલી જશે.**

**[ પરમાત્મપ્રકાશઃ ધનતેરસઃ આસો વદ તેરસનું પ્રવચન, વીર સં. ૨૪૯૧ ]**

હે જીવ! જ્ઞાનને આનંદની લક્ષ્મીથી ભરેલો જે સર્વજ્ઞસ્વભાવ તારામાં છે તેની સાથે તું સંબંધ કર....એટલે કે તેમાં ઉપયોગને જોડ. તારા આ પરમાત્મતત્ત્વમાં ભવ નથી, ભવનું કારણ નથી. સર્વજ્ઞતારૂપી ધન તારા આત્મામાં ભર્યું છે, કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીના ભંડાર તારામાં ભર્યા છે, તેને શ્રદ્ધામાં લઇને તેનું પૂજન કર. જુઓ, આ ધનતેરશે ચૈતન્યની લક્ષ્મી પ્રગટી. જેણે અંતરદ્રષ્ટિથી પરમાત્મતત્ત્વને દેખ્યું તેને પોતામાં જ જ્ઞાન–આનંદરૂપી અપૂર્વ ચૈતન્યનિધાન પ્રાપ્ત થયા. આવી દ્રષ્ટિ કરે એના આત્મામાં દીવાળી પ્રગટે, –જ્ઞાનદીવડા પ્રગટે એ જ સાચી દીવાળી.

ભગવાન મહાવીરપ્રભુ બે દિવસ પછી મોક્ષ પામવાના છે, તેમની વાણી આજથી બંધ થઇ; અનેક રાજાઓએ બે દિવસ ભગવાનની કેવળજ્ઞાનલક્ષ્મીનું મહાપૂજન કર્યું. જેણે કેવળજ્ઞાનસ્વભાવી આત્માને ઓળખીને સમ્યગ્દર્શન–જ્ઞાન પ્રગટ કર્યા તેણે ધનતેરસનું અપૂર્વ લક્ષ્મીપૂજન કર્યું, એના આત્મામાં સર્વજ્ઞતારૂપી અનંત લક્ષ્મીનો લાભ થશે.

ભાઈ, તારે મોક્ષ માટે કામ કરવું છે કે નહિ? હા; તો શું કામ કરવાથી મોક્ષ થાય? કે જે મોક્ષસ્વભાવી છે એવી તારી આત્મવસ્તુને અનુભવમાં લઈને શ્રદ્ધા–જ્ઞાનરૂપી કાર્ય કર; તો તને મોક્ષમાર્ગ હાથમાં આવશે. બંધ વગરના–રાગ વગરના આત્માને અનુભવમાં લઇશ તો મોક્ષ થશે. બંધનના અનુભવથી મોક્ષ કેમ થાય? –ન થાય. માટે મુક્ત લક્ષણવાળો એટલે કે ભૂતાર્થસ્વભાવવાળો જે આત્મા તેમાં એકાગ્ર થઇને તેને જાણ–આ મોક્ષ માટેનું કાર્ય છે.

પરમાત્મતત્ત્વનું જ્ઞાનસામર્થ્ય અચિંત્ય છે. લોકાલોકના સમસ્ત જ્ઞેયોને જાણી લેવા છતાં તેના સામર્થ્યનો અન્ત આવી જતો નથી; જ્ઞેયોનો અન્ત આવી જાય છે પણ જ્ઞાનશક્તિ તો તેનાથી વિશેષ છે. લોકાલોકને જાણે છે તેના કરતાં અનંતગણું સામર્થ્ય છે. કેવળજ્ઞાનની અચિંત્યશક્તિના અનંતમા ભાગમાં લોકાલોક જણાઇ જાય છે, તો કેવળજ્ઞાનની પૂર્ણ તાકાતની શી વાત! અનંત–અલોકની વિશાળતા પણ અચિંત્ય છે પણ કેવળજ્ઞાનની તાકાત તો એનાથી અનંતગણી છે. એની બેહદ તાકાતનો પાર અંતર્દ્રષ્ટિ વગર પમાય નહિ.

જેમ લીલી વેલડી મંડપ ઉપર ચડે ત્યાં મંડપના છેડા સુધી વેલડી વિસ્તરે, છતાં હજી વિસ્તરવાની તેની શક્તિ કાંઇ ખૂટી ગઇ નથી. તેમ કેવળજ્ઞાનરૂપી વેલડી લોકાલોકના મંડપ સુધી પહોંચી ગઈ, છતાં તેની જાણવાની તાકાત કાંઇ ખૂટી ગઇ નથી, તેનામાં હજી બેહદ શક્તિ વિદ્યમાન પડી છે, નિમિત્તના અભાવે એ શક્તિ અટકી ગઇ –એમ કાંઇ નથી કહેવું, પણ લોકાલોકને જાણવા કરતાંય કેવળજ્ઞાનની શક્તિ અનંતગુણી છે તે શક્તિનું સામર્થ્ય બતાવવું છે. અહા, જેની જ્ઞાનશક્તિનો એક અંશ લોકાલોકને જાણી લ્યે તેના પૂર્ણ સામર્થ્યની શી વાત!!

લોકાલોકને જાણ્યા ને બીજું ન જાણ્યું તેથી કાંઇ તેટલું જ જ્ઞાનસામર્થ્ય છે ને વિશેષ જ્ઞાનસામર્થ્ય નથી–એવો અર્થ નથી. સામર્થ્ય તો ઘણું છે, પણ લોકાલોક સિવાય બીજા જ્ઞેય જ નથી ત્યાં કોને જાણે? –આમ કહીને જ્ઞાનસ્વભાવની બેહદ તાકાતનો મહિમા બતાવ્યો છે. કાંઇ નિમિત્તાધીનપણું નથી બતાવ્યું.

જેમ સિદ્ધનો ઉદ્ધર્વગમનસ્વભાવ બતાવવા કહ્યું કે લોકાગ્ર સુધી ઊર્ધ્વ ગયા, પછી ધર્માસ્તિ ન હોવાથી આગળ અલોકમાં ન ગયા. ત્યાં કાંઈ નિમિત્તાધીનપણું નથી બતાવવું, પણ સિદ્ધનો સ્વભાવ ઊર્ધ્વગામી છે તે બતાવવું છે. અરે, સંતો વસ્તુનો સ્વભાવ બતાવે તે લક્ષમાં લેવાને બદલે નિમિત્તાધીનદ્રષ્ટિથી ઊંધા અર્થ કરે એ

પરાધીનદ્રષ્ટિથી ક્યાંથી છૂટે?

એ જ રીતે કાળ વગર પરિણમન ન થાય–એમ નિમિત્તથી કહેવાય; પણ ત્યાં તો કાળદ્રવ્યનું અસ્તિત્વ બતાવવું છે. પરિણમન તો વસ્તુના પોતાના સ્વભાવથી જ થાય છે.

**ધર્માસ્તિ વગર ગતિ નહિ,**
**અધર્માસ્તિ વગર સ્થિતિ નહિ,**
**કાળ વિના પરિણમન નહિ,**
**પુદ્ગલ વિના લોકયાત્રા નહિ,**
**અર્થાત્ સંસાર નહિ,**
**જ્ઞેય વિના જ્ઞાન નહિ,**

ત્યાં અજ્ઞાની પરાધીનદ્રષ્ટિથી વસ્તુસ્વરૂપને પરાધીન માને છે. પણ ભાઈ! ગતિ કરવાની તાકાત કોની? સ્થિતિ કરવાનો સ્વભાવ કોનો? પરિણમન કરનાર કોણ? સંસાર – મોક્ષદશાનો કરનાર કોણ? ને જાણવાનો સ્વભાવ કોનો? તું સંયોગને ન જોતાં વસ્તુના સ્વભાવને જો. વસ્તુમાં જે અલૌકિક સામર્થ્ય છે તેને તું જાણ.

જાણવાની તાકાત જ્ઞાનની પોતાની છે, જ્ઞેયોમાંથી કાંઇ તે તાકાત નથી આવતી. જ્ઞેયોથી જ્ઞાન થતું હોય તો તો જેટલા જ્ઞેયો તેટલું જ જ્ઞાનસામર્થ્ય હોવું જોઇએ, પરંતુ જ્ઞાનસામર્થ્ય તો સર્વજ્ઞેયો કરતાંય અનંતગણું છે. –એટલે તે જ્ઞાનસામર્થ્ય જ્ઞેયના અવલંબન વગર પોતાના સ્વભાવથી જ છે. જ્ઞેય ખૂટયાં પણ જ્ઞાન ન ખૂટયું–આટલી તો એક સમયની પર્યાયની તાકાત, –તો આખા જ્ઞાનગુણના દરિયાનું તો શું કહેવું? ને એવા અનંતગુણનો પિંડ જે આખો આત્મા–એના અચિંત્યસ્વભાવનું તો શું કહેવું? જેના એક અંશમાં પણ બેહદ તાકાત–તો આખા સામર્થ્યની શી વાત!! આવા જ્ઞાનનું પૂજન કર, તેનું બહુમાન કર...તારી ચૈતન્યલક્ષ્મીના બેહદ ભંડાર ખૂલી જશે.

અહા, ચૈતન્યની આ અચિંત્ય તાકાત પાસે વિકલ્પની કિંમત શું? વિકલ્પ તો ક્યાં સુધી પહોંચી શકે? બેહદ શક્તિવાળો ચૈતન્યસ્વભાવ તો જ્ઞાનની અનુભૂતિમાં જ આવે તેવો છે.

જુઓ, ચૈતન્યના સમ્મેદશિખરની આ યાત્રા થાય છે! એકવાર સ્વભાવનો ઉલ્લાસ

લાવીને તારા ચૈતન્યના સમ્મેદશિખર ઉપર ચડી જા.... અંતરથી સ્વભાવને લક્ષમાં લઇને તેનો ઉલ્લાસ લાવ. અહા, આત્માની તાકાતની શી વાત!! સર્વજ્ઞપદના મહિમાની શી વાત!!

તારો સ્વભાવ સત્ છે–તેની આ વાત છે. આ કોઈ અગોચર વસ્તુની કલ્પિત વાત નથી, પણ તારા આત્મામાં વિદ્યમાન સત્ સ્વભાવની આ વાત છે, ને તે જ્ઞાનગોચર થાય તેવો છે. સંતોએ સાક્ષાત્ અનુભવગોચર કર્યો છે તે સ્વભાવની આ વાત છે. જે શ્રદ્ધાનું જોર આવા સ્વભાવને કબુલ કરે તેમાં વિકલ્પના સહારા હોય નહિ. હે જીવ! સ્વભાવના આશ્રયે આવી શ્રદ્ધાનાં દીવડા પ્રગટાવ; તારા આત્મામાં અલ્પકાળમાં કેવળજ્ઞાનથી ઝળકતું સુપ્રભાત ખીલી જશે.



હે બંધુ!

સંતોએ તને તારો જે પરમસ્વભાવ સંભળાવ્યો, ને તેં પ્રસન્નતાથી તેની હા પાડી...તો હવે તેના અનુભવમાં વિલંબ કરીશ નહીં.

# મધ્યલોકના શાશ્વત મંદિરો

સોનગઢમાં આ વખતે અષ્ટાન્હિકામાં "તેરહદ્વીપ પૂજન" વિધાનમાંથી જંબુદ્વીપનું પૂજન ચાલતું હતું; તે સંબંધી સ્પષ્ટતા કરતાં ગુરુદેવે કહ્યું: "તેરહદ્વીપ પૂજન" એટલે શું? શું તેરદ્વીપની પૂજા છે? કાંઇ દ્વીપની પૂજા નથી પણ તેમાં રહેલા–શાશ્વત જિનમંદિરો તથા જિનપ્રતિમાની પૂજા છે. આ મધ્યલોકમાં અસંખ્યાત દ્વીપ–સમુદ્ર છે. તેમાં શરૂઆતના ત્રણ દ્વીપ–પહેલો જંબુદ્વીપ, બીજો ધાતકીખંડદ્વીપ, ત્રીજો પુષ્કરદ્વીપ, તથા ત્યારપછી આઠમો નંદીશ્વરદ્વીપ, અગિયારમો રુચક્વરદ્વીપ ને તેરમો કુંડલવરદ્વીપ –આ છ દ્વીપમાં કુલ ૪૫૮ શાશ્વતા જિનમંદિરો છે ને દરેક જિનમંદિરમાં ૧૦૮ રત્નમય જિનબિંબો છે. આ રીતે ૧૩ દ્વીપ સુધીમાં આવેલા આ ૪૫૮ જિનમંદિરો તથા જિનપ્રતિમાનું પૂજન કરવામાં આવે છે, એને ટૂંકમાં 'તેરહદ્વીપ પૂજન' કહ્યું. મધ્યલોકમાં અસંખ્ય દ્વીપ–સમુદ્ર છે, પણ તેમાં તેરમા દ્વીપ સુધીમાં જ જિનમંદિરો છે, ત્યારપછીના અસંખ્ય દ્વીપસમુદ્રોમાં જિનમંદિરો નથી. તથા ૧૩ દ્વીપમાંથી પણ છ દ્વીપમાં જ જિનમંદિરો છે, બાકીના સાતમાં નથી. તેરદ્વીપના નામ તથા તેમાં આવેલા ૪૫૮ શાશ્વત જિનમંદિરોની સંખ્યા નીચે પ્રમાણે છે–

| | | |
|---|---|---|
| (૧) | જંબુદ્વીપ તેમાં જિનમંદિરો... | ૭૮ |
| (૨) | ધાતકીખંડ દ્વીપ તેમાં જિનમંદિરો... | ૧૫૮ |
| (૩) | પુષ્કરવર દ્વીપ તેમાં જિનમંદિરો... | ૧૬૨ |
| (૪) | વારૂણીવર દ્વીપ તેમાં જિનમંદિરો નથી | |
| (૫) | ક્ષીરવર દ્વીપ તેમાં જિનમંદિરો નથી. | |
| (૬) | ધૃતવર દ્વીપ તેમાં જિનમંદિરો નથી. | |
| (૭) | ઇક્ષુવર દ્વીપ તેમાં જિનમંદિરો નથી | |
| (૮) | નંદીશ્વર દ્વીપ તેમાં જિનમંદિરો..... | ૫૨ |
| (૯) | અરૂણવર દ્વીપ તેમાં જિનમંદિરો નથી. | |
| (૧૦) | અરૂણ–ઉદ્ભાસ દ્વીપ તેમાં જિનમંદિરો નથી. | |
| (૧૧) | કુંડલવર દ્વીપ તેમાં જિનમંદિરો... | ૪ |
| (૧૨) | શંખવર દ્વીપ તેમાં જિનમંદિરો નથી. | |
| (૧૩) | રુચકવર દ્વીપ તેમાં જિનમંદિરો... | ૪ |

જંબુદ્વીપમાં એક મેરુપર્વત છે એનું નામ સુદર્શનમેરુ; બીજા ધાતકીખંડ દ્વીપમાં બે મેરુપર્વત છે–એનાં નામ વિજયમેરુ અને અચલમેરુ; ત્રીજા પુષ્કરવર દ્વીપમાં બે મેરુ–પર્વત છે–એનાં નામ મંદારમેરુ અને વિદ્યુન્માલી મેરુ. આ પાંચ મેરુપર્વત ઉપર તે તે ક્ષેત્રસંબંધી તીર્થંકરોનો જન્માભિષેક થાય છે; દરેક મેરુના વૈભવરૂપ ૭૮ શાશ્વત જિનાલયો છે. પ્રથમ સુદર્શનમેરુ એકલાખ યોજન ( ૪૦, ૦૦, ૦૦૦૦૦ માઇલ ) ઊંચો છે. બાકીના ૪ મેરુઓ ૮૪૦૦૦ યોજન ઊંચા છે. સુદર્શનમેરુની ટોચ પછી એક વાળ જેટલી જગ્યા છોડીને તરત પહેલું સ્વર્ગ આવેલ છે. ૪૫૮ શાશ્વત જિનમંદિરોમાંથી આપણા આ ભરતક્ષેત્રના ભાગે એક શાશ્વતજિનાલય આવે છે. અને તે વિજ્યાર્દ્ધ પર્વત ઉપર છે.

પહેલો જંબુદ્વીપ, બીજો ધાતકીખંડ, અને ત્રીજો પુષ્કરદ્વીપનો અડધો ભાગ, એ રીતે અઢી દ્વીપ જેટલું ક્ષેત્ર–જે ૪૫ લાખયોજન વ્યાસવાળું ગોળાકાર, અને એક લાખ જોજન ઊંચું છે તેટલું મનુષ્યક્ષેત્ર છે. સામાન્યપણે આ અઢી દ્વીપ બહાર મનુષ્યોનું ગમન નથી. આઠમા નંદીશ્વર દ્વીપ વગેરેના જિનાલયમાં મનુષ્યો જઇ શકતા નથી, દેવો ત્યાં ભક્તિ પૂર્વક દર્શન–પૂજન કરે છે. ત્યાંના રત્નમય જિનબિંબોની અદ્‌ભુત વીતરાગતા દેખતાં ઘણા દેવો ત્યાં અંતર્મુખ થઇને સમ્યક્ત્વ પણ પામે છે.

जाने को नहीं सक्ति हमारी अरु पूजन मन भाई
यातें मनवचकाय शुद्धतें अर्घ जजुं जिनराई

હે બંધુ !
સંતોએ તને તારો જે પરમ સ્વભાવ
સંભળાવ્યો, ને તેં પ્રસન્નતાથી તેની
હા પાડી....તો હવે તેના અનુભવમાં
વિલંબ કરીશ નહીં.

# શુદ્ધઆત્માને જાણવો તે જિનશાસનનું તાત્પર્ય છે
# શુદ્ધઆત્માને જાણતાં સર્વ જણાય છે

**[ પરમાત્મપ્રકાશ, ગા. ૯૯-૧૦૦ પ્રવચનમાંથી ]**

ભગવાને જે દિવ્યધ્વનિમાં કહ્યું તે ઝીલીને ગણધરાદિ સન્તોએ શું કર્યું? કે પોતાના શુદ્ધઆત્મતત્ત્વને જાણીને તેની ભાવનામાં લીન થયા; આમાં આખું જૈન શાસન સમાઇ જાય છે. તારે જિનશાસનનો મર્મ જાણવો હોય તો સ્વસન્મુખ થઇને નિજાત્માને અનુભવમાં લે. આ વાત મોટા મોટા આચાર્યભગવંતોએ સંમત કરી છે. માટે તું પણ તેને અનુસરીને સ્વસંવેદનથી તારા શુદ્ધાત્માને જાણ.

આત્માને જાણતાં જગત આખું જણાઇ જશે; કઇ રીતે? તે અહીં ચાર પ્રકારથી કહે છે–

## ( ૧ ) આત્માને જાણતાં બાર અંગનો સાર જણાય

બાર અંગનો સાર શુદ્ધ આત્મા છે; શુદ્ધ રત્નત્રયરૂપ પરમાત્મધ્યાન તે બાર અંગના અધ્યયનનું ફળ છે. તેથી જેણે આવા શુદ્ધ આત્માને નિર્વિકલ્પ સ્વસંવેદનમાં લીધો તેણે બારેય અંગનું તાત્પર્ય જાણી લીધું.

જુઓ, દ્વાદશ અંગરૂપ સર્વ શ્રુતનું ફળ શું? કે નિર્વિકાર સ્વસંવેદનથી પોતાના આત્માને જાણવો તે સર્વ શ્રુતનું ફળ છે; એટલે જો શુદ્ધ આત્માને સ્વસંવેદનથી ન જાણ્યો તો તેનું શાસ્ત્રનું જાણપણું પણ ફળ વગરનું છે. સર્વે શાસ્ત્રોનું તાત્પર્ય તો શુદ્ધાત્માનો અનુભવ કરવો તે છે. જેણે અંતર્મુખ થઇને શુદ્ધાત્માને અનુભવમાં લીધો તેણે નિજાત્માને જાણતાં સર્વ જાણ્યું.

શ્રી રામચંદ્રજી, પાંડવો, હનુમાન, ભરત, બાહુબલી–વગેરે મહાત્માઓ જ્ઞાની હતા, તેઓ સ્વસંવેદનથી શુદ્ધાત્માને જાણતા હતા; તેમણે વીતરાગી જિનદીક્ષા ધારણ કરીને, બાર અંગના સારભૂત નિશ્ચયરત્નત્રયસ્વરૂપ નિજાત્માનું ધ્યાન કર્યું, આવું ધ્યાન કરવું તે જ સર્વ શ્રુતનો સાર છે. ને જેણે આવું ધ્યાન કરીને નિજાત્માને જાણ્યો તેણે સર્વ જાણ્યું.

## ( ૨ ) આનંદના વેદનથી સ્વને જાણતાં સમસ્ત પરને ભિન્ન જાણે છે

સમ્યગ્દર્શન થતાં અતીન્દ્રિય આનંદમય આત્માનું વેદન થયું, ત્યાં ધર્મી જાણે છે કે આવો આનંદમય આત્મા જ હું છું, ને દેહ–રાગાદિ સમસ્ત પદાર્થો મારાથી ભિન્ન છે. આમ સ્વ–પરનું ભેદજ્ઞાન થાય છે. આનંદનો જે સ્વાદ આવ્યો તે જ મારું સ્વરૂપ છે, એમ પોતાના સ્વાદવડે પોતાને જાણે છે ને એ સિવાય સમસ્ત પદાર્થોને પોતાથી જુદા જાણે છે. –આમ સમસ્ત પદાર્થોના ભેદને જાણી લ્યે છે. આથી અતીન્દ્રિય આનંદમય આત્માનું સ્વસંવેદન થતાં સમસ્ત પદાર્થોને જાણી લે છે. સ્વ શું ને પર શું એનો ભેદ જાણી લીધો ત્યાં બધું જણાઇ ગયું. સ્વને જાણતાં આનંદનું વેદન ભેગું થાય છે. ગૃહસ્થમાં રહેલા સમ્યગ્દ્રષ્ટિને પણ સ્વ–પર સમસ્ત પદાર્થનું આવું જ્ઞાન હોય છે.

## ( ૩ ) શ્રુતવડે લોકાલોકને જાણનારા આત્માને જાણતાં સર્વ જાણ્યું

આત્મા શ્રુતજ્ઞાનરૂપ સાધનવડે લોકાલોકને જાણે છે. તે શ્રુતજ્ઞાન આત્માથી જાુદું નથી. સમસ્ત શ્રુતજ્ઞાન શુદ્ધાત્મામાં સમાય છે; માટે સ્વસંવેદનથી જેણે શુદ્ધાત્માને જાણ્યો તેણે લોકાલોકને જાણી લીધા–એમ કહ્યું. શ્રુતજ્ઞાન તો આત્મા છે. શ્રુતજ્ઞાનવડે લોકાલોકને જાણવાની આત્માની તાકાત છે. આવા આત્માને ભાવશ્રુતવડે જાણતાં સમસ્ત લોકાલોકનું જ્ઞાન તેમાં સમાઈ જાય છે.

## ( ૪ ) સ્વસંવેદનના બળે કેવળજ્ઞાન થતાં લોકાલોક સાક્ષાત્ જણાશે

જેણે સ્વસંવેદનજ્ઞાનના બળે આત્માને જાણીને ઉપાદેય કર્યો તેને તેના નિર્વિકલ્પધ્યાનવડે અલ્પકાળમાં કેવળજ્ઞાન થશે ને તે કેવળજ્ઞાનમાં લોકાલોક સાક્ષાત્ જ્ઞેયપણે ઝળકશે. સ્વસંવેદનજ્ઞાન અલ્પકાળમાં કેવળજ્ઞાનને બોલાવશે, ને કેવળજ્ઞાનમાં લોકાલોક તો સહજપણે જ જણાશે.

આ રીતે શુદ્ધઆત્માને જાણતાં લોકાલોક જણાઇ જાય છે–એમ ચાર પ્રકારથી જાણીને, નિજશુદ્ધાત્માની ભાવના કરવી–એ તાત્પર્ય છે. અને આવા શુદ્ધાત્માની ભાવના કરવી–નિર્વિકલ્પ અનુભવ કરવો–તે જ સર્વ જિનશાસનનો સાર છે, એમ ભગવાન કુંદકુંદસ્વામીએ સમયસારની ૧૫મી ગાથામાં કહ્યું છે. અને મોટા મોટા આચાર્યોએ આ વાત સંમત કરી છે.

ભગવાને જે દિવ્યધ્વનિમાં કહ્યું તે ઝીલીને ગણધરાદિ સન્તોએ શું કર્યું ? કે પોતાના શુદ્ધ આત્મતત્ત્વને ધ્યાવીને તેની ભાવનામાં લીન થયાં. આમાં આખું જૈનશાસન સમાઇ જાય

છે. તારે જિનશાસનનો મર્મ જાણવો હોય તો સ્વસન્મુખ થઇને નિજાત્માને અનુભવમાં લે.

જેણે શુદ્ધાત્માને જાણ્યો તેણે જિનશાસનનું રહસ્ય જાણ્યું, જેણે શુદ્ધાત્માને જાણ્યો તેણે લોકાલોકને જાણ્યા.–એ વાત મોટા મોટા આચાર્ય ભગવંતોએ કરી છે. અરે, આમાં રાગથી ને વ્યવહારથી મોક્ષમાર્ગ થાય એ વાત ક્યાં આવી? ભાઈ, તારા પ્રયત્નને શુદ્ધાત્મા તરફ વાળ. અંતર્મુખ પ્રયત્ન કરતાં શીઘ્ર જ તને તારો સ્વભાવ દેખાશે.

શ્રીમદ્ રાજચંદ્રજી 'સર્વજ્ઞદેવ પરમગુરુ' એ મંત્રનું વારંવાર સ્મરણ કરવાનું કહે છે; તેમાં રહસ્ય છે. સર્વજ્ઞપદની શક્તિ આત્મામાં છે એની પ્રતીતિ ને અનુભવનું જોર છે. આત્મામાં સર્વજ્ઞપદ છે એના લક્ષપૂર્વક વારંવાર એનું સ્મરણ કર, વારંવાર એની ભાવના કર. એની ભાવના કરતાં નિર્મળપર્યાય પ્રગટે છે. પરમાર્થ સર્વજ્ઞપદ ને ગુરુપદ આત્મામાં જ છે–એનું લક્ષ કરાવ્યું છે. સર્વજ્ઞપદ એટલે આત્માની પૂર્ણ જ્ઞાનદશા, ને ગુરુપદ એટલે આત્માની સાધક નિર્મળદશા,–એ બંને દશા આત્માના સ્વસંવેદનથી પ્રગટે છે, બીજા કોઇ ઉપાયથી પ્રગટતી નથી.–એટલે સર્વજ્ઞસ્વભાવી આત્માની વારંવાર ભાવના કરવી તે જ પરમ ગુરુઓનો ઉપદેશ છે, અને તે જ મોક્ષનો મંત્ર છે.

આત્મામાંથી શરીરને બાદ કર, રાગાદિને બાદ કર, તો બાકી આખો આત્મા અનંતગુણથી ભરપૂર રહે છે, તે તું છો. તે આત્મા અલ્પજ્ઞતા જેટલો નથી, પણ સર્વજ્ઞતાનો ભંડાર છે, આત્મામાંથી જેટલું બાદ થઇ શકે તેટલું બાદ કર, પછી જે બાદ ન થઇ શકે, જે છૂટું ન પડી શકે તે તારું સ્વરુપ છે. તારા જ્ઞાન–આનંદ વગેરે અનંતગુણ કદી તારાથી જુદા પડતા નથી, તે જ તારું ખરું સ્વરુપ છે. 'અબાધ્ય અનુભવ જે લહે તે છે જીવસ્વરુપ. ' –આવા આત્મસ્વરુપને લક્ષમાં લઇને સ્વાનુભવથી તેને જાણ, તેમાં તને અતીન્દ્રિય આનંદ થશે, કેવળજ્ઞાન પણ થશે, ને તારા જ્ઞાનમાં લોકાલોક જણાશે.

આ રીતે શુદ્ધ આત્માને જાણતાં સર્વ જણાય છે, ને શુદ્ધ આત્માને જાણવો તે સર્વ જિનશાસનનું તાત્પર્ય છે.






**ધર્મવત્સલ બાલબંધુઓ,**

તમને જાણીને આનંદ થશે કે આવતા માસથી આત્મધર્મમાં આપણો બાલવિભાગ શરૂ થાય છે. તમે સૌ ઉત્સાહથી તેમાં ભાગ લેજો. તેથી તમને ધર્મના ઉત્તમ સંસ્કાર પડશે, નવું નવું જાણવાનું મળશે અને સાથે સાથે ઇનામ પણ મળશે. તમારે ત્યાં આત્મધર્મ ન આવતું હોય તો, તમારા વડીલોને કહેજો એટલે તેઓ જરૂર મંગાવશે. આ બાલવિભાગના સભ્ય થવા માટે નીચેની વિગત લખી મોકલશો. તમારું નામ, ઉંમર, અભ્યાસ, જન્મતિથિ અને પૂરું સરનામું. એટલું નીચેના સરનામે મોકલી આપશો; કોઈવાર આપણે આત્મધર્મમાં તમારા બધાનાં નામ છાપીશું. બાલવિભાગમાં તમને ગમે એવી ટચૂકડી વાર્તા, સવાલ–જવાબ, કવિતા, ચિત્રો વગેરે આપશું. તમે પણ કંઇક લખી મોકલજો ને આનંદથી ભાગ લેજો.

–जय जिनेन्द्र

પ્રિય બાલબંધુઓ,

આપણા ‘બાલવિભાગ’ માં તમને વધુ રસ આવે ને નવું નવું જાણવાનું મળે તે માટે આપણે આ વિભાગમાં એક પ્રશ્નોત્તર વિભાગ પણ આવતા અંકથી શરૂ કરીશું. આ વિભાગમાં તમારા પ્રશ્નો અને તેના જવાબ આપવામાં આવશે. તે માટે જિજ્ઞાસાપૂર્વક તમે એક પ્રશ્ન લખી મોકલજો.

આ સાથે બાલવિભાગનું સભ્યપત્રક છે તે પણ ભરીને મોકલવાનું ભૂલશો નહિ. સરનામું– સંપાદકઃ– આત્મધર્મ જૈન સ્વાધ્યાય મંદિર, સોનગઢ (સૌરાષ્ટ્ર)

**આત્મધર્મના વિકાસ માટે આવેલ રકમોની સાભાર-નોંધ**

| | | |
|---|---|---|
| ૫૧ | અમૃતલાલ નરસીભાઈ શેઠ | સોનગઢ |
| ૫૧ | ગોપાળદાસ ત્રિકમલાલ શાહ | અમદાવાદ |
| ૨૫ | ભાઈલાલ પરશોત્તમ શાહ | બરવાળા |
| ૫૧ | ચંદુલાલ ત્રિભુવનદાસ શાહ (બાલવિભાગ માટે) | મોરબી |
| ૫૧ | જગજીવન બાવચંદ દોશી | કુંડલા |
| ૨૫ | હિંમતલાલ હરખચંદ મહેતા (બાલવિભાગ માટે) | મોરબી |
| ૨૧ | પુનમ પ્રેસ ફોટો | મુંબઇ |
| ૫૦ | ઉજમબેન ચુનીલાલ હા. ચીમનભાઈ | સોનગઢ |

(વિશેષ આવતા અંકે)

# રાત્રિ ચર્ચાનો ટૂંક સાર

હાલમાં ચર્ચામાં અનેક વિધવિધ સુંદર ન્યાયો આવે છે. ગુરુદેવ પ્રમોદથી જિનશાસનનાં રહસ્યો, અને “જ્ઞાની ’ના જ્ઞાનની નિર્મળતાનો ખાસ મહિમા અવારનવાર સમજાવે છે, તે સાંભળતાં સભાજનો રોમેરોમે ઉલ્લસિત થાય છે. માગશર સુદ અગિઆરશની રાત્રે ચર્ચામાં સર્વજ્ઞસ્વભાવને અનુલક્ષીને ઘણા ન્યાયો કહ્યા. જિનશાસનનો ખૂબ મહિમા કર્યો....મુમુક્ષુએ બધા પડખેથી પોતાનો નિર્ણય દ્રઢ કરવો જોઇએ. નિર્ણય એવો ચોકખો જોઇએ કે કોઈ તરફથી વિપરીતતા ન રહે.

ગુરુદેવે સભાજનોને સંબોધીને પૂછયું–

કેવળી ભગવાન એક તરફથી એમ કહે છે કે જે સમયે જેમ થવાનું મેં કેવળજ્ઞાનમાં જાણ્યું છે તે સમયે તેમ જ થાય; ને વળી ‘નિયતવાદ એટલે કે જે સમયે જે નિયત છે તે જ થાય ’ એમ માનનારને મિથ્યાત્વ કહે,–તો એ બંનેમાં મેળ કઇ રીતે છે ? તેનું સમાધાન ક્યા પ્રકારે છે ! એમ સભાજનોમાં ઘણાને પૂછયું....ને છેવટે પોતે જ તેનો ખુલાસો કરતાં કહ્યું કે કેવળી ભગવાને જે સમયે જે પર્યાય થવાની જોઇ છે તે એકલી પર્યાય નથી જોઇ, પણ તેની સાથે વસ્તુનો સ્વભાવ પણ જોયો છે, તે તે પર્યાયની સાથે યોગ્ય પુરુષાર્થ પણ જોયો છે, વસ્તુના અનંતસ્વભાવો એક સાથે જોયા છે. એ બધાના સ્વીકારપૂર્વક જ ‘સર્વજ્ઞે જોયું તેમ થાય ’ એ વાત સમજી શકાય ને એ રીતે જે સમજે તેને તો સ્વભાવના સ્વીકારથી સ્વસન્મુખ પુરુષાર્થ ઉપડેલો જ છે. તે તો ‘જ્ઞાતા ’ થઇને બધું સ્વીકારે છે, એટલે તેને નિયત–એકાન્ત નથી રહેતું. તેને તો પુરુષાર્થ, સ્વભાવ વગેરે અનંતધર્મો એક સાથે પ્રણમી રહ્યા છે.

કેટલીક પર્યાય નિયત, ને કેટલીક અનિયત એમ ભગવાને નથી જોયું; પણ નિયત સાથે નિયત સિવાયના બીજા પણ, સ્વભાવ–પુરુષાર્થ વગેરે બધા ભાવો ભગવાને જોયા છે, તેથી તે બધા ભાવોને એક સાથે જે સ્વીકારે તેને એકાન્ત નિયતપણું નથી રહેતું, તેને તો સાચું અનેકાન્તપણું થાય છે. અનંતધર્મવાળી વસ્તુના સ્વીકારપૂર્વક તે પોતે જ્ઞાતાપણે જ પરિણમવા લાગ્યો; રાગનેય કરું એવું એના જ્ઞાનભાવમાં રહ્યું નથી. એકલું નિયત માને ને તેની સાથેના સ્વભાવ, પુરુષાર્થ વગેરે ભાવો જેને ન ભાસે, તેણે ભગવાને કહેલા ભાવો જાણ્યા નથી, એણે તો પોતાની કલ્પનાથી એક ભાવ એકાન્ત પકડયો છે એટલે તે નિયતવાદીને મિથ્યાદ્રષ્ટિ કહ્યો; એમ તો એકલા સ્વભાવવાદીને ય મિથ્યાદ્રષ્ટિ કહ્યો છે, એકાન્ત પુરુષાર્થવાદીને ય મિથ્યાદ્રષ્ટિ કહ્યો છે. –તેનો અર્થ શું ? કે બધા ભાવો એક સાથે

વસ્તુમાં હોવા છતાં તેને જે નથી સ્વીકારતો ને કોઈ એક ભાવને જ એકાન્ત પકડી લ્યે છે, તો તે મિથ્યાદ્રષ્ટિ જ છે. પણ સર્વજ્ઞદેવે વસ્તુમાં એક સાથે જોયેલા અનેકભાવો (પુરુષાર્થ, સ્વભાવ, નિયત વગેરેને) એક સાથે જે સ્વીકારે છે તેનો તો નિર્ણય સાચો છે. ને વસ્તુસ્વરૂપનો સ્વીકાર થતાં પરિણતિ અંતર્સ્વભાવમાં વળીને નિજકાર્ય કરી જ રહી છે. વસ્તુસ્વભાવનું અગાધ સામર્થ્ય પ્રતીતમાં સ્વીકાર્યું ત્યાં તે સ્વીકારનારી પરિણતિ પોતે પણ અગાધ સામર્થ્યવાળી થઇ ગઇ છે. અગાધ સામર્થ્ય જ્ઞાનમાં પ્રગટી ગયું છે. કેવળજ્ઞાનમાં તો અપાર સામર્થ્ય છે પણ તેને નક્કી કરનાર મતિ–શ્રુત જ્ઞાનમાં અત્યારે પણ અગાધ મહિમા પ્રગટયો છે. તેને અંતરમાં પોતાનું કાર્ય થઇ જ રહ્યું છે.

જ્ઞાનીને પોતાના આત્મામાં કાર્ય સધાઈ જ રહ્યું છે, ત્યાં બીજા તે જાણે એની શી જરૂર છે! એટલે બીજાને દેખાડવાનું કે કહેવાનું ક્યાં રહે છે! માટે જ્ઞાનીને બીજાને કાંઈ દેખાડવાનો ભાવ નથી. (આ ન્યાય કહેતી વખતે ગુરુદેવ ઘણા ભાવપૂર્વક જ્ઞાનીનો મહિમા સમજાવતા હતા.)

અહો, જે જ્ઞાનીને અંતરમાં 'ઠીક' થઇ જ રહ્યું છે, પોતે પોતાનું 'ઠીક' કરી જ રહ્યા છે–હિત સાધી જ રહ્યા છે–ત્યાં, 'આ ઠીક કરે છે' એમ બીજા જાણે તો ઠીક એવું ક્યાં છે? બીજાને દેખાડવાનું શું કામ છે? અમારું કામ અંદર ચાલી જ રહ્યું છે! બીજા જીવ પોતામાં એવું ઠીક કરશે ત્યારે આને ઓળખી લેશે. અહીં જેવી જ્ઞાનદશા છે તેવી સામામાં આવશે ત્યારે તે આને ઓળખી લેશે–કે ઠીક, આને આમ થયું છે! બાકી બીજા તો શું ઓળખશે? બીજાને એના જેવું થાય ત્યારે આને ઓળખેને?

આમ ઘણા મહિમાપૂર્વક ઘણા ભાવથી કહ્યું હતું. ચર્ચામાં વારંવાર ગુરુદેવના મુખથી એવા ઉદ્‌ગાર નીકળી જતા કે "અહો! જિનશાસન!! વાહ! વાહ! તારી બલિહારી છે! તારા રહસ્યો ઘણા ઊંડા છે."

'અહોહો!' એમ થાય (એટલે કે મહિમા આવે) પણ તે તો પોતામાં ને પોતામાં છે. અહોહો–કહીને કાંઇ બીજાને બતાવવાનું નથી. કેવું ગંભીર તત્ત્વ! આ તો પોતે પોતાનું કરી લેવાનું છે. અંદર અહોહો કર્યું (એટલે કે અપૂર્વ કાર્ય કર્યું) –ત્યાં બીજા તેને 'અહોહો' કહે–તો સન્તોષ થાય એવું કાંઇ નથી. એનો સન્તોષ તો પોતાથી જ છે; પોતાના અનુભવનો સન્તોષ પોતામાં જ છે.

અહા, આ વસ્તુસ્વભાવની વાત જેણે સ્વીકારી, હું જ્ઞાન છું એમ નિર્ણય કર્યો એને પછી થોડા જ ભવ હોય. આમાં તો મોક્ષનો નિર્ણય છે, આત્માનો નિર્ણય છે. આ રીતે આ ખાસ પ્રયોજનભૂત વાત છે.

આમ સ્વભાવ મહિમાવાળી ઘણી સરસ ચર્ચા થઈ હતી. તેની આ તો માત્ર ટૂંકી યાદી છે.

## વિવિધ સમાચાર

પૂ. ગુરુદેવ સુખશાંતિમાં બિરાજમાન છે; સવારે પ્રવચનમાં ‘પરમાત્મતત્ત્વની ભાવનાનું ઘોલન ને વારંવાર તેના નિર્વિકલ્પ સ્વસંવેદનની પ્રેરણા મુમુક્ષુઓને આત્મા પ્રત્યે ઉત્સાહિત કરે છે, બપોરે સમયસાર–કલશ ટીકાના પ્રવચનમાં પણ અધ્યાત્મનું સુમધુર ઝરણું વહે છે. રાત્રે તત્ત્વચર્ચામાં પણ પૂ. ગુરુદેવે આખા માસ દરમિયાન આત્માના ઉંડાણના અવનવા ન્યાયો તથા અનેકવિધ આનંદકારી પ્રસંગોનું શ્રવણ કરાવ્યું, જે સાંભળતાં શ્રોતાજનોને હર્ષોલ્લાસ થયો હતો. ને એમ થતું કે ‘અહા, ગુરુદેવના પ્રવચનમાં એક કલાક સુધી ધારાવાહી અધ્યાત્મસ્વરૂપનું શ્રવણ કરતાં ચિત્ત એવું એકાગ્ર થાય છે–જાણે કે કોઇ બીજા જ અગમ્યદેશમાં વિચરતા હોઇએ, ને આ સંસારથી દૂર દૂર ક્યાંય ચાલ્યા ગયા હોઇએ.’

ફાગણ સુદ બીજઃ– સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજે વિદેહીનાથ સીમધંરભગવાનની સુવર્ણપુરીમાં પધરામણી થઇ, તે આનંદપ્રસંગને આ ફાગણ સુદ બીજે પચીસ વર્ષ પૂરા થાય છે, તેથી તે પ્રસંગ ઉલ્લાસથી ઉજવવાની ભાવના છે.

## વૈરાગ્ય સમાચાર

* બોટાદના ગાંધી છોટાલાલ મણિલાલ કારતક સુદ બીજ તા. ૨૬–૧૦–૬૫ ના રોજ માટુંગા મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* ચૂડાના મણિબેન રાયચંદ કામદાર તા. ૧૩–૧૨–૬૫ આસો વદ ત્રીજના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ઇંદોર મુકામે શેઠ અમૃતલાલ હંસરાજ ગતમાસમાં સ્વર્ગવાસ પામ્યા છે.

* સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગી દેવ–ગુરુ–ધર્મના શરણે આત્મહિત પામો....એ જ ભાવના.

## ભોપાલ શહેરમાં

ભોપાલ શહેરમાં સિદ્ધચક્રવિધાનના ઉત્સવ પ્રસંગની સાથે મધ્યપ્રાંતિય દિ. જૈન મુમુક્ષુમંડળની સ્થાપના અને મિટિંગ માનનીય પ્રમુખ શ્રી નવનીતલાલભાઈ સી. ઝવેરીના અધ્યક્ષપદે તા. ૭ નવેમ્બરના રોજ થયેલી; તેમાં મધ્યભારતના મુખ્ય શહેરોના અનેક આગેવાનોએ ભાગ લીધો હતો. મધ્ય ભારતના વિકાસ પ્રધાન શ્રી મિશ્રિલાલજી ગંગવાલે આ અધિવેશનનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે અધ્યક્ષસ્થાનેથી ભાષણ કરતાં શ્રી નવનીતલાલભાઈએ કહ્યું હતું કે–

“પ્રત્યેક મુમુક્ષુકા કર્તવ્ય હોગા કિ વહ નિયમિતરૂપસે સામુહિક સ્વાધ્યાય ઔર તત્ત્વવિવેક એવં સૌજન્ય ઔર સદાચારકો અપને જીવનમેં ઉતારે, ઔર ઇસકા અન્ય બંધુઓમેં અધિકસે અધિક પ્રચાર કરે. એક મુમુક્ષુ ભાઈકા જીવન શુદ્ધ સાત્વિક એવં આદર્શ હોના આવશ્યક હી નહીં બલ્કિ અનિવાર્ય હૈ.”

“બાહ્યમેં અનેક શુભ પ્રવૃત્તિયોંકે હોતે હુએ ભી આત્મા શાન્તિકા અનુભવ નહીં કર પાતે થે, કયોંકિ શાન્તિ આત્માકા વાસ્તવિક સ્વભાવ હૈ ઔર વહ વસ્તુસ્વરૂપકે નિર્ણય કરનેકે પશ્ચાત હી પ્રાપ્ત હો સકતી હૈ! વસ્તુસ્વરૂપકા નિર્ણય કરનેકે વાસ્તે ચારો અનુયોગોંકા ગહરાઈ કે સાથ અધ્યયન એવં મનન કરનેકી અત્યન્ત આવશ્યકતા હૈ.”

“આજ તક અનંત તીર્થંકર એવ ભાવલિંગી દિગંબર સન્તોંને ડંકેકી ચોટ યહ ઉદ્ઘોષણા કી થી કિ આત્મકલ્યાણકે લિયે યહ વીતરાગકા માર્ગ હી સર્વોપયોગી પ્રશસ્ત માર્ગ હૈ, જિનાગમમેંસે ઇસ તત્ત્વરહસ્યકી શોધ ઔર ખોજ કરનેકે લિયે ગંભીર સ્વાધ્યાય એવં મનનકી આવશ્યકતા હોતી હૈ! ઇસલિયે સ્વાધ્યાયકી પ્રવૃત્તિકો અધિકસે અધિક પ્રચાર કરનેકી ઇસ યુગમેં” અત્યન્ત આવશ્યકતા હૈ. ! ” + + + + “ભેદવિજ્ઞાનકી પ્રાપ્તિ હી મનુષ્યમાત્રકી સચ્ચી સાર્થકતા હૈ, ઇસલિયે સબ કૂછ ન્યોચ્છાવર કરકે ભી પ્રત્યેક મનુષ્યપ્રાણીકો તત્ત્વકૌતૂહલી બનના અત્યંત આવશ્યક હૈ.”


“યહાંપર હમલોગ ઇસીલિયે એકત્ર હુએ હૈ કિ આજ નિર્ણય કરેં કિ ઇસ જીવનમેં હમકો ત્રિકાલ સત્યકા નિર્ણય કરકે દૂસરોમેં ભી ઇસકા પ્રચાર કરના હૈ.”

**∗ જિનમંદિરનું શિલાન્યાસઃ**

રણાસણ ( ગુજરાત ) માં શ્રી દિગંબર જિનમંદિરનું શિલાન્યાસ માગશર સુદ દશમે થયું હતું; અનેક જિજ્ઞાસુઓએ તેમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## કલકત્તાની રથયાત્રા; અને રાષ્ટ્રીય-સંરક્ષણફંડમાં રૂા. ૫૧૦૦૧/-

કલકત્તાની રથયાત્રા બંગાળપ્રાંતમાં સેકડો વર્ષથી સુપ્રસિદ્ધ છે અને હજારો–લાખો જીવો એ રથયાત્રામાં પાર્શ્વપ્રભુના દર્શન કરે છે. દર વર્ષે કારતક સુદ પૂનમે આ ભવ્ય રથયાત્રા નીકળે છે, ભારતના જૈન ઇતિહાસમાં એનું ગૌરવભર્યું સ્થાન છે. આ વર્ષે પણ પાર્શ્વપ્રભુની ભવ્ય રથયાત્રા નીકળી હતી, પરંતુ વિશેષતા એ હતી કે આ વખતે રાષ્ટ્રની પરિસ્થિત લક્ષમાં લઇને રથયાત્રામાં સાદાઇ અપનાવવામાં આવી હતી, ને બેલગછીયામાં દર વર્ષે થતું મોટું વાત્સલ્યજમણ બંધ રાખવામાં આવ્યું હતું. તેને બદલે દિ. જૈનસમાજ તરફથી રૂા. ૫૧૦૦૧/– ( એકાવન હજાર ને એક ) રાષ્ટ્રીય સુરક્ષા ફંડમાં બંગાળના મુખ્યપ્રધાન શ્રી સેનને અર્પણ કરવામાં આવ્યા હતા.



## જિજ્ઞાસુઓને ઉપયોગી પ્રકાશનો

**અધ્યાત્મસન્દેશઃ** ( ત્રણ ચિઠ્ઠિ ઉપરનાં સુંદર પ્રવચનો )

આ પુસ્તકની કિંમત રૂા. બે હતી તેને બદલે હવે માત્ર એક રૂપીઓ રાખવામાં આવી છે.

**સમ્યગ્દર્શન** પુસ્તક પહેલું–બીજાું–ત્રીજાું

સમ્યગ્દર્શનની ભાવના માટે દરેક જિજ્ઞાસુને ઉપયોગી, આ ત્રણે પુસ્તકના સેટની કિંમત માત્ર બે રૂપિયા છે. ( પુસ્તક પહેલું ૫૦ પૈસા; પુસ્તક બીજાું એક રૂપિયો; પુસ્તક ત્રીજાું પચાસ પૈસા. )

**રત્નસંગ્રહ** : દરેક જિજ્ઞાસુને ગમી જાય તેવું સુંદર સંકલન. કિંમત એક રૂપિયો

**ભગવાન મહાવીર** : ( સચિત્ર ) પંદર પૈસા

– **શ્રી જૈન સ્વાધ્યાય મંદિર, સોનગઢ** ( સૌરાષ્ટ્ર )

卐

## सिद्धोंकी पहाडी

**સ્વર્ણભદ્ર આદિ મુનિ ચાર, પાવાગિરિ વર શિખર મંઝાર;**


**ચેલના નદી તીરકે પાસ, મુક્તિ ગયે વંદું નિત તાસ.**

નર્મદા નદીનું બીજું નામ ચેલણા છે. તેના કિનારે પાવાગિરિ નામની નાનીશી પહાડી ઉપરથી સુવર્ણભદ્ર આદિ ચાર મુનિ મોક્ષ પધાર્યા છે. આજે પણ તે પહાડી सिद्धोंकी पहाडी એવા નામથી પ્રસિદ્ધ છે. ત્યાં વિક્રમ સં. ૨૯૯ ની પ્રાચીન દિગંબર જિન પ્રતિમા જાણે કે બે હજાર વર્ષના પ્રાચીન જૈનઇતિહાસનું ગૌરવ સંભળાવે છે. (ત્યાં મંદિરના ભોંયરામાં મોટામોટા ત્રણ પ્રતિમા બિરાજે છે.) પૂ. ગુરુદેવે સંઘસહિત આ તીર્થની યાત્રા બે વાર કરી છે.

## જૈનોની વસ્તી ગણતરી

ભારતમાં સમગ્ર જૈનોની વસતી લગભગ એક કરોડ જેટલી હોવાનો વૃદ્ધપુરુષોનો અંદાજ છે. પૂ. ગુરુદેવે ભારતના તીર્થોની બે વખત જે મહાન યાત્રા કરી તે પ્રસંગે ગામેગામ ને શહેરેશહેરમાં જે હજારો લાખોની જૈન મેદની ઉમટેલી તે જોતાં પણ જૈનોની વસ્તી ઘણી મોટી હોવાનો અંદાજ બંધાય છે. પરંતુ, નામની સાથે જૈન શબ્દ ન હોવાને કારણે સરકારી વસ્તીપત્રકમાં માત્ર વીસ લાખ જેટલી જ ગણતરી થાય છે, ને બાકીના લાખો જૈનોની ગણતરી હિંદુઓના પેટામાં થઈ જતી હોય છે. આ પરિસ્થિતિ ટાળવા ને જૈનોની સાચી ગણતરી કરવાનો પ્રયત્ન ઘણા વખતથી ચાલે છે. દરેક જૈનોએ પોતાને ‘જૈન” તરીકે ઓળખાવવાની ટેવ પાડવી જોઇએ.

***



## આત્મધર્મના આ અંક બાબત

માગશર માસનો અંક તૈયાર થવામાં સંજોગવશાત્ જરા વિલંબ થયો; તે પ્રગટ થવાની તૈયારી હતી, તે દરમિયાન ગુરુદેવના પ્રવચનોમાં ને ચર્ચાઓમાં અનેકવિધ અવનવા વિષયો આવ્યા, ને એમાંના કેટલાક ખાસ લેખો આત્મધર્મના જિજ્ઞાસુ પાઠકોને તુરત પહોંચે એમ ધારીને પોષ માસ માટેનું મેટર પણ આ અંકમાં જ ભેળવી દીધું એટલે પોષ માસનો અંક વહેલો પ્રગટ કરવાનું નક્કી થયું. તે અનુસાર આત્મધર્મનો આ અંક માગશર ને પોષ એ બંને માસના સંયુક્ત અંક તરીકે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ રીતે પોષ માસનો અંક જરા વહેલો કરવા ખાતર માગશર માસનો અંક જરા મોડો કર્યો. પણ આ સંયુક્ત-અંકમાં આવેલા તાજેતરના ખાસ પ્રવચનો વગેરે વાંચતા જિજ્ઞાસુઓને જરૂર પ્રસન્નતા થશે.

આત્મધર્મનો હવે પછીનો અંક મહા માસનો તા. ૨૦ જાન્યુઆરીએ પોસ્ટ થશે. ને ત્યાર પછી નિયમિતપણે દરેક મહિનાની બરાબર વીસમી તારીખે અંક પોસ્ટ થશે.

* * *

## શુદ્ધી

**( ૧ ) આત્મધર્મ અંક ૨૫૯ પા. ૬૨ લાઇન ૭-૮ માં-**

આત્મામાં જ્ઞાનાદિ જે અનંત ગુણો છે તેઓ પોતાના નિર્મળભાવમાં અતદ્રૂપપણે પરિણમે છે-એમ ભૂલથી છપાયું છે તેને બદલે આ પ્રમાણે સુધારીને વાંચવું-આત્મામાં જ્ઞાનાદિ જે અનંતગુણો છે તેઓ પોતાના નિર્મળભાવમાં તદ્રૂપપણે અને રાગાદિમાં અતદ્રૂપપણે પરિણમે છે.

**( ૨ ) આત્મધર્મ અંક ૨૪૭ પૃ. ૭૪ લાઈન ૧-૨ માં-**

"આવો કેવળજ્ઞાનસ્વભાવ જેને.... પ્રિય લાગે નહિ" એમ ભૂલથી છાપેલ છે, તેને બદલે આ પ્રમાણે વાંચવું- "આવો કેવળજ્ઞાનસ્વભાવ જેને પ્રિય લાગે તેને જગતમાં બીજું કાંઇ પ્રિય લાગે નહિ."

**( ૩ ) અધ્યાત્મસન્દેશ પુસ્તક પાનું ૪૯ છેલ્લી લાઈનમાં-**

"સ્વાનુભવ વખતે સમ્યક્ત્વમાં કાંઈ મલિનતા થઈ ગઈ-એમ નથી." એ પ્રમાણે ભૂલ વાળું છપાયેલ છે તેને બદલે આ પ્રમાણે વાંચવું- "સ્વાનુભવ વખતે સમ્યક્ત્વમાં કાંઇ વિશેષતા થઇ કે શુભાશુભ વખતે સમ્યક્ત્વમાં કાંઇ મલિનતા થઇ ગઇ-એમ નથી."

[ **જિજ્ઞાસુ પાઠકોને વિનતિઃ** આત્મધર્મના લેખનમાં અને પ્રીન્ટીંગમાં જો કે પૂરતી ચીવટ રાખવામાં આવે છે, છતાં પ્રવાસ વગેરે કારણે કોઈ વાર આવી ભૂલો રહી જાય તે – આપના ધ્યાનમાં આવે તો તે પ્રત્યે અમારું લક્ષ દોરવા વિનતિ છે. તથા 'આત્મધર્મ' ના વિકાસને લગતા જે કાંઇ સલાહ-સૂચના આપ મોકલશો તેના પ્રત્યે પણ પૂરતું ધ્યાન આપવામાં આવશે. – સં. ]




પ્રાચીનકાળમાં જ્ઞાન-વૈરાગ્ય ને ભક્તિપ્રેરક ભજનોનો વિશેષ પ્રચાર હતો.... આજે ફિલ્મીયુગમાં એવા ભજનો બહુ ઓછા જોવા-સાંભળવા મળે છે. ઉપદેશપ્રેરક પ્રાચીન ભજનોમાંથી પસંદ કરીને આપણે અવારનવાર અહીં આપતા રહીશું.

[ અહો મારાં નસીબ જાગે....એ રાગ ]

અહો, યહ ઉપદેશમાંહી ખૂબ ચિત્ત લગાવના,
હોયગા કલ્યાન તેરા સુખ અનંત બઢાવના...( ટેક )
રહિત દૂષન વિશ્વ ભૂષન દેવ જિનપતિ ધ્યાવના;
ગગનવત નિર્મલ અચલ મુનિ તિનહિં શિષ નમાવના...અહો...( ૧ )
ધર્મ અનુકંપા-પ્રધાન, ન જીવ કોઈ સતાવના;
સપ્ત તત્ત્વ પરીક્ષના કરી હૃદય શ્રદ્ધા લાવના...અહો...( ૨ )
પુદ્‌ગલાદિકતેં પૃથક્ ચૈતન્ય બ્રહ્મ લખાવના,
યા વિધિ સમ્યક્ વિમલ ધારી શંકાદિ પંક બહાવના...અહો...( ૩ )
રૂચે ભવ્યનકો વચન યે શઠનકો ન સુહાવના,
ચન્દ્ર લખિ જિમ કુમુદ વિકસે ઉપલ નાંહિ વિકસાવના...અહો...( ૪ )
‘ભાગચંદ’ વિભાવ તજિ, અનુભવ સ્વભાવિત ભાવના,
યા શરણ, ન અન્ય જગતારન્યમેં કહું પાવના...અહો...( ૫ )

આ ભજનના રચનાર કવિ ભાગચંદજી અધ્યાત્મના અનુભવની પ્રેરણા સહિત ઉપદેશ આપતાં કહે છે કે-અહો ભવ્ય જીવ ! આ ઉપદેશમાં તારું ચિત્ત બરાબર લગાડજે. -જેથી તારું કલ્યાણ થશે ને તને અનંતસુખની પ્રાપ્તિ થશે; પ્રથમ તો, દૂષણથી રહિત ને જગતના ભૂષણરૂપ એવા ભગવાન જિનેન્દ્રદેવને ઓળખીને તેમને ધ્યાવજે; આકાશ જેવા નિર્મળ-અચલ જે દિગંબર મુનિ તેને જ શિશ નમાવજે; જેમાં કોઇ જીવને સતાવવાનું નથી એવા અનુકંપાપ્રધાન ધર્મને ( -જૈનધર્મને ) તું માનજે; સાત તત્ત્વની ઓળખાણ કરીને હૃદયમાં તેની શ્રદ્ધા કરજે; પુદ્‌ગલાદિકથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ આત્માને જાણજે. આ વિધિથી નિર્મળ સમ્યક્ત્વ ધારણ કરીને શંકાદિ દોષરૂપી કાદવને ધોઈ નાખજે. આ વચનો ભવ્ય જીવને તો રુચિકર થશે, પણ શઠ-દુષ્ટ જીવને તે ગમશે નહિ; -જેમ ચન્દ્રને જોતાં ફૂલ તો ખીલે છે પણ પથરા કાંઇ વિકસતા નહિ. હે જીવ ! તું વિભાવોને તજીને સ્વભાવિત-સ્વભાવરૂપ એવા અનુભવને ભાવજે; આ સંસારવનમાં એ અનુભવ જ શરણ છે, બીજાં કાંઇ શરણ નથી.